પ્રેમોપહાર.

શ્રીમાન્ ____________________

____

____

ભાવનગર—ધી આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ
લલ્લુભાઇએ છાપ્યું.

સમર્પણ

અનેક ગુણસંપન્ન વિભૂષિત પૂજ્યપાદ સ્વર્ગસ્થ મુનિ મહારાજ શ્રી જિતવિજયજી મહારાજ—

આપના જેવા શાંત સરળ અને ક્રિયાપાત્ર મુનિવર કે જેમને બાલ્યાવસ્થાના જન્મથીજ ધર્મની લગની લાગેલી હતી, જે અપૂર્વ ધાર્મિક ભાવના અને શ્રદ્ધાથી જેમનાં ગયેલાં ચક્ષુઓ દિવ્ય સ્વરૂપે થતાં દીક્ષા લેવા જેમનું હૃદય તલસી રહ્યું હતું, વડેરાના અનેક પ્રસંગોને બાજુએ મૂકી ચારિત્રનેજ ધારણ કરવાની ભીષ્મ પ્રતિજ્ઞા જેમણે પૂર્ણ કરી અખંડ બ્રહ્મચર્ય પાળી ચારિત્ર ગ્રહણ કર્યું; તેમજ કચ્છના વાગડ જેવા અજ્ઞાન પ્રદેશમાં જેમનો જન્મ છતાં અગાધ જ્ઞાન અને અપૂર્વ ધર્મપ્રેમથી જેમણે અનેક શ્રાવક શ્રાવિકાઓને પ્રતિબોધ પમાડ્યો, આવા આપના અનેક ગુણોથી આકર્ષાઈ આ જૈનોના મહાન રત્નોનું પુસ્તક આપને સમર્પી કૃતાર્થ થાઉં છું.

લી. ચરણરજ
અચરતલાલ.

આભાર.

પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રીમાન સ્વ૦ મુનિ મહારાજશ્રી જિતવિજયજી મહારાજશ્રીના પ્રશિષ્ય **પં. કનકવિજયજી** મહારાજ તથા તેમના સાધ્વી પરિવારમાં મુખ્ય સાધ્વીશ્રી **આણંદશ્રીજી**ના સદુપદેશથી અમદાવાદવાળા શેઠ ચુનીલાલ દીપચંદનાં વીધવા બાઇ ચંચળબેને ગુરૂભક્તિ નિમિત્તે આ પુસ્તકની પ્રથમથી બસો નકલના ગ્રાહક થઇને અમારા કાર્યને સહાનુભૂતિ આપી છે તે માટે ઉક્ત મુનિરાજ શ્રી પં. કનકવિજયજી મહારાજ તથા સાધ્વીશ્રી આણંદશ્રીજી મહારાજ અને બાઇ ચંચળ બેનનો અમો આભાર માનીએ છીએ.

લી. પ્રકાશક.

વિષયાનુક્રમણિકા.

પ્રસ્તાવના.

જીવન એ એવી એક શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વસ્તુ છે કે જગતમાં એની કિંમત કોઇપણ રીતે અંકાની નથી. જે જીવનની અણમોલ ક્ષણો નકામી ને જાય એની કિંમત સમજાય, જીવન ઉચ્ચમાં ઉચ્ચ આદર્શમય અને તો આ જીવનની સાર્થકતા કહેવાય. તેમાંય જગતમાં સર્વ પ્રકારનાં જીવન કરતાં મનુષ્ય જીવન ઘણુંજ કિમતી છે. મનુષ્યે મનુષ્ય જીવનની કિંમત કેટલી આંકેલી છે, એ સમજવાને શું કરવું જોઇએ ? શું શિખવું જોઇએ ? તે માટે આદર્શપુરૂષોનાં જીવન ચરિત્ર અવશ્ય વાંચવાં જોઇએ.

માનવપ્રકૃતિને ઉચ્ચ સ્થિતિમાં લઇ જવાને, એના અભ્યાસીઓને મહાન્ બનાવવાને જૈનોના મહાન રત્નો અમે સમાજને એક એકથી અધિક એવાં ત્રણ રત્નો અર્પણ કરીએ છીએ. જેમના ઉચ્ચ ચારિત્ર માટે અમારે કંઇપણ કહેવું એ નિરર્થક છે. સમાજ વાંચીને જ પોતાની મેળે કલ્પના કરી લેશે કે 'અતીત આજના જમાનામાં દરેક સ્ત્રી-પુરૂષને પોતાનું જીવન ઉચ્ચ બનાવવામાં આ ત્રણ રત્નો સર્વથા શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સાધન છે' જે સમાજને ઉપયોગી છે.

પ્રથમ 'વિજય શેઠ અને વિજયા શેઠાણી' કોણ જૈન સ્ત્રી કે પુરૂષ આ મહા પુરૂષનું નામ નહી જાણતો હોય ? એનું જીવનચરિત્ર વાંચવાથી-મનન પૂર્વક અવલોકન કરવાથી જીમે તેવા નીતિભ્રષ્ટ પુરૂષ ઉપર પણ એક વખત તો નીતિની છાપ પડે, એનું સર્વોત્તમ ઉચ્ચમાં ઉચ્ચ જીવન બને કે જેમને માટે જ્ઞાની પુરૂષોએ પણ સાધુઓને અમદાન દેવા કરતાં

આ પવિત્ર સ્ત્રી પુરુષને જમાડવામાં વિશેષ લાભ બતાવ્યો હતો, એવા સ-ર્વોત્તમ પુરુષના જીવનમાંથી તો અવશ્ય આપણે કંઇપણ શિખીએજ.

બીજું '**ઇલાયચી કુમાર**' સૌંદર્યનો ઉપાસક આ યુવાન્ શ્રેષ્ઠી-પુત્ર, ન્યાત-જાત તજી નટ થઇ જાય છે; છતાં એ ઉચ્ચ સંસ્કારી આત્મા કેવા સંજોગોમાં શુભ ભાવનાએ ચઢીને કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે. તેમજ એની પાછળ એ બીજા કેટલાને કેવલી બનાવે છે એ મનનપૂર્વક વાંચી તમારા હૃદયમાં ઉતારી જીવનને આદર્શમય બનાવો !

ત્રીજું **અરણિક મુનિવર**, પોતાના જીવનને ઉચ્ચ ચારિત્રમય બનાવતાં આ મહા પુરુષને માર્ગમાં કેટલા કેટલા વિઘ્નો આવે છે. એના ચારિત્રનો અભ્યાસ કરી તમારા માર્ગમાં નડતા વિઘ્નો દૂર કરો ! તમારા અનન્ત શક્તિવાન્ આત્માની શક્તિ [illegible] વિઘ્નો ઉપર જય મેળવો. [illegible] એમને કેવા સંકટથી ફસાવે છે. [illegible] જેમ સંસાર સમુદ્ર તરી જાય છે તેમ [illegible] ! એમના માફક તમારો આત્મા પણ વીર્યવંત થઇ વિઘ્નો ઉપર [illegible] એજ અમારી ભાવના !

[illegible] ચારિત્રો સમાજને ઉપયોગી થાય. એમના [illegible] સમાજને આ ચરિત્રો [illegible] થાય [illegible] અમારી ઉમેદ અને ભાવના ! સમાજ સાહિત્ય [illegible] ઘણુ કંઇક [illegible] રાખે, તેમજ [illegible] જીવનને શુદ્ધ ઘડવાનો પ્રયત્ન કરે ! અલંવિસ્તરેણ.

પ્રકાશક.

જૈન સસ્તી વાંચનમાળાનું નામ—

દરેક જૈન બંધુઓની જાણમાં છે કે, અમોએ સં. ૧૯૭૯-૮૦-૮૧ ત્રણ વર્ષનાં પુસ્તકો વાર્ષિક રૂ. ૨) માં પાંચસો પાનાના હીસાબે ગ્રાહકોને આપ્યાં છે. દીવસે દીવસે ગ્રાહકોનો વધતો જતો સંતોષ અને ઉત્તરોત્તર પ્રગટ થતાં ઐતિહાસીક ઉત્તમ પુસ્તકો હવે દરેકની જાણમાં આવ્યાં છે. ચાલુ વર્ષથી (સં. ૧૯૮૨) થી અમોએ રૂ. ૩) માં ૮૫૦ પાનાનાં પુસ્તકો આપવાનું નક્કી કર્યું છે અને તેથી હવે દરેક જૈન બંધુ લાભ લેવા નહિ ચુકે તેવી આશા છે.

સં. ૧૯૭૯-૮૦ નાં આઠ પુસ્તકો નવા થનાર ગ્રાહકોને શીલીકમાં હશે ત્યાં સુધી તેજ લવાજમમાં મળશે.


સં. ૧૯૮૧ નાં પુસ્તકો—	પૃષ્ટ	કિંમત.
૧ શ્રી સિદ્ધસેન દિવાકર યાને વિક્રમના સમયનું હિંદ.	૩૦૪	૧-૮-૦
૨ શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ ચરિત્ર.	૨૫૬	૧-૮-૦
૩ શ્રી કેશીમુનિ અને પ્રદેશી રાજા.	૧૦૦	૦-૬-૦
	૬૬૦	૩-૬-૦

પૃષ્ટ ૫૧૦ સં. ૧૯૮૧ નાં

સં. ૧૯૮૨ નાં પુસ્તકો —		
ગઈ સાલમાં વધુ અપાયેલા પૃષ્ટ—	૧૫૦	૦-૮-૦
૧ જૈનના મહાન્ રત્નો	૧૬૦	૧-૦-૦
૨ શ્રી બપ્પભટ્ટસુરિ અને આમરાજા ભા. ૧ લો ...	૨૬૦	૧-૮-૦
૩ મહાન્ સંપ્રતિ અને જૈન ધર્મનો દિગ્વિજય. ...	૨૮૦	૧-૮-૦
	૮૫૦	૪-૮-૦

લખો:—જૈન સસ્તી વાંચનમાળા

રાધનપુરી બજાર—ભાવનગર.



મુનિરાજ શ્રી જીતવિજયજી મહારાજનું

જીવન ચરિત્ર.

(૧)

"બહુરત્નાવસુંધરા" પૃથ્વીને રત્નગર્ભા કહેવામાં આવે છે એ કાંઇ ખોટું તો નથીજ. એકથી એક ચઢીઆતા પાણીવાળાં રત્નો પણ પૃથ્વીજ ઉત્પન્ન કરે છે, તેવીજ રીતે મનુષ્યરત્નો પણ એ પૃથ્વી ઉપરજ ઉત્પન્ન થાય છે, આવા પંચેંદ્રિય મનુષ્યરત્નોથીજ પૃથ્વીએ પોતાનું રત્નગર્ભા નામ સાર્થક કર્યું છે. એક તો દુર્લભમાં દુર્લભ આ મનુષ્ય ભવ ! તેમાં પણ મનુષ્યો તો ઘણાય જન્મીને કાળના કોળીઆ થઇ જાય છે. જેનું નામ નિશાન પણ રહેતું નથી. જેણે પોતાની જીંદગી વ્યર્થ ગુમાવી માનવજીવન નિષ્ફળ કર્યું છે, એવા મનુષ્યો ભલે દુર્લભ મનુષ્ય ભવની કિંમત ન સમજે; પણ જે પુરૂષો મનુષ્યભવ પામીને ઉત્તમમાં ઉત્તમ મુક્તિલક્ષ્મીની કબુલાત આપનારું ચારિત્રરત્ન પ્રાપ્ત કરી રત્નત્રયી પામીને ધર્મનું આરાધન કરે, પોતાના આત્માને તારે, જગતના જીવો ઉપર ઉપકાર કરીને એ જીવોને પણ મોક્ષને માર્ગે લઇ જવામાં નાવ સમાન થાય તોજ મહાન્ પુરૂષોનાં જીવન તરીકે એમનું જીવન સફળ છે. એજ મનુષ્ય શ્રેષ્ઠ—નરોત્તમ છે. રત્નગર્ભા પૃથ્વી આવા પુરૂષો ઉત્પન્ન

અનાર્યનો ભેળી અને કળિયુગનો કાળ એવા જગડુશાહ જેવા પુરૂષને ઉત્પન્ન કરવાનું માન તો આ દેશની ભૂમિકાજ ખાટી ગઇ છે, કે જેમણે ત્રણ ત્રણ વર્ષ સુધી દુકાળ પડવા છતાં જગતમાત્રને અન્નપૂરીને પોતાનું જીવન સફલ કરેલું.

એવા સુંદર કચ્છદેશના વાગડ પ્રદેશમાં ભચાઉ તાલુકો આવેલો છે. એ ભચાઉ તાલુકામાં મનફરા ગામ આવેલું છે. જેણે ઉત્તમ પુરૂષને જન્મ આપીને એના પાદસ્પર્શથી થતી ચરણરજે કરીને પોતાનું નામ જગતના ચોકમાં જાહેર કર્યું છે. બહુ નાનું પણ નહી તેમજ એટલું બધું મોટું પણ નહી છતાં તરૂવરોની મેદનીથી વીંટાયેલું શોભી રહ્યું હતું. ગામ એટલે ત્યાંનું શાંતિમય જીવન ! સરળ, વિવેકી અને ગુણગ્રાહી મનુષ્યો ! સાદા પોશાક અને ખોરાકથી તેમના શરીર ઉપર રહેલાં અનુપમ તેજ, ગૌરવ, ચિંતારહિત હોવાથી જણાતા એમના તંદુરસ્ત-મજબુત બાંધા ! આ બધી ગામડાની અભ્યંતર લક્ષ્મી કહેવાય. કોણ નહી ઇચ્છે આવાં રમણીય જીવન ! કોને ન ગમે આવાં શાંત-નિષ્પાપ-સરળ જીવન !

ગામમાં બ્રાહ્મણ, પટેલ, કોળી, રજપુત વગેરે અનેક કોમના મનુષ્યો જોવાતા, તેવીજ રીતે વણીક કોમના મનુષ્યો પણ નજરે ચડતા, તેઓ નાના વિધ વ્યાપાર વૃત્તિ કરીને પોતાની આજીવિકા ચલાવતા, કોઇને દાણાની દુકાન હોય તો કોઇ નેસ્તીનો વ્યાપાર કરે ત્યારે કોઇ ગામના પ્રમાણમાં ધીરધારનો ધંધો પણ કરે, તો કોઇ સામાન્ય પરચુરણનો પણ ધંધો કરે. આ ગામડાનો ધંધો ! એમાં શહેર જેવી ધમાલ કે મારામારી ન હોય !

આ ગામમાં ઉકાજી નામે એક શ્રાવક હતા. સ્વભાવના સરળ હોવાથી તેમજ સંતોષમય જીવન ગુજારવાની એમની વૃત્તિ હોવાથી વળી ઘરના પણ ઠીક હોવાથી સામાન્ય ગામના પ્રમાણમાં ધંધો કરી પોતાની

આજીવિકા ચલાવતા, એમની અટક મેતાની હોવાથી સૌ એમને 'મેતા' એવા ટુંક નામે પણ બોલાવતા.

ઉકાજીમાં કંઇક ધર્મ ભાવના જાગૃત થયેલી હોવાથી રોજ દેવ-
દર્શન કરતા યથાશકિત પ્રભુ ભકિત કરીને પોતાનો મનુષ્ય જન્મ સફળ
કરતા. કોઇ સદ્‌ગુરૂનો જોગ મળતો તો એવા ઉત્તમ પુરૂષનો સત્સંગ કર-
વાનું પણ ચુકતા નહી. તેમ યથાશાકત આજીવિકાને માટે પોતાનો ધંધો
પણ કરતા. પોતે સાદા અને સરળ સ્વભાવી હોવાથી ગામના લોકો
એમને બહુ ચાહતા–એમના વખાણ કરતા.

એમનાં ગૃહલક્ષ્મીનું નામ અવલબાઇ હતું. અવલબાઇમાં ધર્મની
લાગણી અપૂર્વ હતી. સરળ, મૃદુભાષી અને મીઠાં બોલાં હોવાથી
એમનો સ્વભાવ દરેકને પસંદ પડતો. કજીઓ–કંકાસ કે નકામી પારકી
કુથલી કરવી એમને મુદ્દલે ગમતી નહીં. ઘરના કામથી નવરાં પડે તો કાંઇ
સારૂં સારૂં શીખે, આડોશી–પાડોશાની સ્ત્રીઓ મળે તો સારી સારી વાતો
કરે, કોઇને સારી સલાહ આપે, પોતાનું સ્ત્રી જીવન છતાં સ્ત્રીઓના જેવી
તુચ્છ વૃત્તિ નહોતી. તેમજ ચપળ વૃત્તિઓ પણ નહોતી. એમની શાંત
અને ગંભિર મુદ્રા સામા મનુષ્યના હૃદયમાં માનની લાગણી ઉત્પન્ન કરતી.
જો કે એટલું બધું ભણેલાં તે નહોતાં છતાં એમનું જીવન સંસ્કારી અને
ઉચ્ચ હતું. આજની ઉચ્ચમાં ઉચ્ચ આદર્શમય જીવન ગાળનારી સ્ત્રી પણ
આ અવલબાઇના ઉચ્ચ સંસ્કારમય જીવનની હરીફાઇ તો નજ કરી શકે!

વિક્રમ સંવત ઓગણીસમી સદીના અંતમાં આ દંપતી યુગલ
પોતાનું શાંતમય જીવન ગુજારતું હતું. ધર્મ, અર્થ અને કામ એ ત્રણે
વર્ગને સાધન કરતાં આ યુગલ પોતાનો કાળ સુખમાં વ્યતિત કરી રહ્યું
હતું. આ નાનકડા ગામમાં શાંતિનાથ ભગવાનની સેવાભકિત કરીને
મનુષ્ય જન્મની સાર્થકતા કરી રહ્યું હતું. તેમને બે પુત્રો વીરચંદભાઇ

નથી [illegible] હતા. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પુસ્તકો [illegible] હતા.

સં. ૧૯૯૬ [illegible]

[illegible]

રીજવવાની એમની હાજતો—જરૂરીયાતો પુરી પાડવાની માતાને જેટલી કાળજી હોય છે તેવી પિતાને ન હોય.

જયમલ સાત વર્ષનો થવાથી માતા અવલબાઈને લાગ્યું કે 'જયમલ હવે કંઈક ભણે તો ઠીક,' જેથી એમણે જયમલના પિતાનું ધ્યાન ખેંચ્યું. એટલે એમણે ભણવાગણવાના કાર્યનો બંદોબસ્ત કર્યો. જયમલ પણ હવે લખતાં વાંચતાં શીખવા લાગ્યો.

બાલ્યાવસ્થામાં બાળકો તોફાનો કરે છે. એમની વૃત્તિઓ ચપળ હોય છે. તોફાન એમનાં પ્રિય હોય છે. એ સર્વ કંઈ જયમલમાં પણ હતું. છતાં બીજા બાળકો કરતાં જયમલનું બાલ્યજીવન કાંઈ જુદું જ હતું. બાલ્યાવસ્થા છતાં એનામાં રહેલા પૂર્વભવના ઉચ્ચ સંસ્કારોનું ક્વચિત ભાન પણ થતું. જ્યારે એ ડહાપણમાં જણાતો હોય ત્યારે કોઈ કોઈની એ વાતો કરતો. એની ડહાપણની વાતો સાંભળીને સાંભળનાર પણ અજાયબ થતા. માતાની છાતી તો પુત્રના ડહાપણથી હર્ષથી ઉભરાઈ [illegible]

"પુત્રનાં લક્ષણ પારણામાં, ને વહૂનાં લક્ષણ બારણામાં" એ કહેવતની સામાન્ય [illegible] હોય. ભવિષ્યમાં જે પુરૂષ જેવા પ્રકારના સંયોગોમાં મુકાવાનો હોય તથાપ્રકારના સંસ્કારો તો બાલ્યપણમાં એને આવેલા હોય છે. એ સંસ્કારો જેમ જેમ એને ઉદયમાં આવતા જાય છે તથાપ્રકારના સંજોગોમાં તે મુકાતો જાય છે. ઉચ્ચ સંસ્કારો તથાપ્રકારના પૂર્વજન્મના કર્મને લઈને આ ભવની શરૂઆતમાં જ સંસ્કારરૂપે પડેલા હોય છે.

જયમલમાં પણ જો કે અત્યારે તો બાલ્યોચિત ક્રિયા હતી. રમત, ગમત ને તોફાનમાં એ પોતાનો સમય ઘણોખરો વ્યતીત કરતો હતો [illegible] જગતના ચોકમાં

હાજર થાય છે. એ ભાવીના પડદામાં છુપાએલી ગુપ્ત વાત અલ્પશક્તિવાળા મનુષ્યના સમજવામાં તો નજ આવી શકે!

ભણવા ગણવામાં જયમલ હોંશીયાર હોવાથી નિશાળમાં મહેતાજીએ પણ જયમલને વડો નિશાળીઓ કરેલો, જ્યારે જ્યારે મહેતાજી બહાર જાય ત્યારે જયમલને સોંપતા જાય, અથવા તો મહેતાજી નિશાળમાં હોય તો પણ બીજા છોકરાઓનું લેશન લેવાને મહેતાજી જયમલને ફરમાવતા. જેથી જયમલ એ છોકરાઓને ભણાવતો,–સારી રીતે શીખવતો, ને પોતાનું લેશન પણ કરતો. બીજાને ભણાવવાથી એને બે લાભ થતા, એક તો એનો પાઠ પાકો થતો બીજા ફાયદા એ કે ભણાવવાની–બીજાને સમજાવવાના અપૂર્વ શક્તિ એનામાં જાગ્રત થતી હતી.

દિવસે દિવસે જયમલ ઉમરમાં માતાપિતાના મનોરથો સાથે વધતો ગયો. એ પુત્રના હોંશીયારી, સ્વાભાવિક બુદ્ધિ જોઇ માતાપિતાનાં હૈયાં પણ ઠરતાં, બીજાં સગાંસંબંધી પણ જયમલને જોઇ રાજી થતાં. સમયને જતાં કાંઇ વાર લાગે છે આજકાલ કરતાં જયમલને હવે બાર વર્ષ વહી ગયાં. બાર વર્ષના જયમલને જોઇ માતાના મનમાં એક નવીન અભિલાષ જાગૃત થયો.

(૩)

માણસની ઇચ્છા શી હોય છે ત્યારે દૈવનું કાર્ય જુદુંજ હોય છે. જગતમાં મનુષ્યોના બધા દિવસો સુખમાં જતા નથી. પરિવર્ત્તન એતો જગતનો સ્વાભાવિક ગુણ છે. આપણે જોઇએ છીએ કે મનુષ્યની આજે જે સ્થિતિ હોય છે તે કાલે નથી રહેતી. ભૂતકાળમાં હોય છે એવી વર્ત્તમાનકાળમાં નથી હોતી. કેમકે મનુષ્યનું પૂર્વકૃત કર્મ તથાપ્રકારના સંજોગ પામીને કાલ પ્રાપ્ત થતાં તે ઉદયમાં આવે છે. એ કર્મોને લઇને સ્થિતિમાં પરિવર્ત્તન થાય છે. એટલુંજ નહી પણ ધાર્યા પ્રમાણે ન થતાં જેવું કર્મદલ નિર્મિત હોય તેવુંજ કાલે કરીને પ્રાપ્ત થાય છે.

બાર વર્ષ વીત્યા પછી માતાપિતાને વિચાર થયો કે જયમલને માટે કોઈ સારી—નમણી કન્યા શોધીયે તો ઠીક ? જેથી અર્ધી ચિંતા પણ નષ્ટ થાય. જીંદગીની કોને ખબર છે. કાલે નવાજુની થાય તો વિવાહ કર્યો હોય તો છોકરો પરણે તો ખરો ? જેથી વિવાહ કરવામાં અનેક પ્રકારનો લાભ માતાને સમજાયો.

જયમલ માટે એકબાજુ એના વિવાહ માટે વાતો થતી હતી ત્યારે બીજી તરફ વિધિનું કાર્ય જુદુંજ હતું. વિધિએ એને માટે કર્મફલ જુદુંજ તૈયાર કરીને રાખ્યું હતું. પણ એ સમય આવે એટલીજ વાર હતી, હજી ભવસ્થિતિ પાકવાના થોડા દિવસની વાર હતી. કારણકે જીવને અનેક પ્રકારનાં શુભાશુભ કર્મો સંસ્કાર રૂપે પડેલાં હોય છે. પાંચ કારણોને પામીને સ્થિતિ પાકી જતાં ઝટ ઉદય આવે છે. જયમલને પણ ચારે કારણો મળીને કર્મફળ પરિપક્વ સ્થિતિમાં તૈયાર ફળરૂપે પડેલું હતું હવે માત્ર કાળનીજ વાર હતી. એ કાળ પણ આવી પહોંચ્યો.

વિક્રમની વીસમી સદીની શરૂઆત હતી. સંવત ૧૯૦૮ નું વર્ષ પસાર થતુ હતુ. એ વર્ષમાં એક અસાધારણ બનાવ જયમલના સંબંધમાં એવો બન્યો કે જેથી માતાપિતાને પારાવાર દુઃખ થયું. એમની ધારેલી આશા નિષ્ફળ થઈ ગઈ. એ બનાવે એમના ઉપર એટલી તો અસર કરી કે જેથી માતાપિતા બહાવરા થઈ ગયા. પુત્રના દુઃખથી એમની જીવનલતા પણ કરમાવા લાગી. વૃદ્ધાવસ્થાનો ચાંદલો લાગી ચૂકેલો હતો તેમાં આ અસહ્ય આઘાતે વધારો કરી એમને જીવતાં છતાં મુએલાં જેવાં કરી મુક્યાં.

એક દિવસ જયમલની આંખો દુઃખવા આવી. કોઈ એવા માઠા ચોઘડીયામાં આ દુઃખની શરૂઆત થયેલી હોવાથી જયમલની આંખોનું દુઃખ મટે નહીં. માતાપિતાએ અનેક દવાઓ કરી. જુદા જુદા વૈદ્યોનાં ઓસડ કર્યાં. જે વાત એમને નાઈલાજ થઈ પડી. ... દિવસ

જતાં વધું ગંભિર સ્વરૂપ પકડવા લાગી. જ્યાં દવા તો ચાલુ જ હતી. 'મનુષ્ય પ્રયત્ન ને ઇશ્વર કૃપા-દૈવ કૃપા' એ બન્ને જોગ સાથે મળે તોજ કાર્ય સિદ્ધિ થાય. તે સિવાયનો પ્રયત્ન કાંઇ ફળદાયક થાય નહી. અથાગ પ્રયત્ન છતાં આંખનો વ્યાધિ તો લંબાયે જ ગયો. લાંબા સમયના દુઃખના સહવાસથી જયમલ પણ કંટાળી ગયો હતો. શું કરે ! ઉપાય નહોતો, દુઃખ કાંઇ કોઇને ગમતું નથી પણ એ અણગમતા પરોણાને ઝાડૂ મારીને કાઢો તોપણ એ જતો નથી. જ્યાં સુધી એની સ્થિતિ પૂરી થઇ નથી ત્યાં લગી હજારો મનુષ્યપ્રયત્ન છતાં એ અણગમતા મેમાનનું જોર કદાપિ હઠે નહિ. આ હમેશની આફતથી જયમલ દુઃખી દુઃખી થઇ ગયો.

પિતાએ પોતાની શક્તિ અનુસાર બને એટલા ઉપચારો કર્યા. જ્યાં જ્યાં કુશલ વૈદ્યોની એને ભાળ મળતી ત્યાં પહોંચી જઇ જયમલની દવા માટે પ્રયાસ કરતા; પણ એવા ગુપ્ત વૈદ્યો પણ કર્મમાં મેખ કેવીરીતે મારી શકે ! એમની દવાથી થોડીઘણી તાત્કાલિક અસર થાય પણ કર્મોનું જોર વધારે હતું. ભવિતવ્યતા જયમલને જુદે જ રસ્તે દોરી જવા માગતી હતી. જેથી અનેક વૈદ્યોની દવા કરવાથી પણ જયમલને કોઇરીતે શાંતિ થઇ નહીં, ગરીબ બિચારો જયમલ ! અત્યારે તેની સર્વે દવા ખાવા લાગ્યા. મનુષ્યો પોતાનાથી બની શકે એટલું કરે, પણ અધિક શું કરી શકે ? કોઇના દુઃખમાંથી કોઇ ભાગ પડાવી શકે નહી અથવા તો દુઃખ પણ દૂર કરી શકે નહી.

માતા પિતાએ આવા લાંબા સમય પર્યંત દવા કરાવતાં પણ પુત્રની આંખને આરામ ન થયો ત્યારે એ હતાશ થઇ ગયાં, એમને લાગ્યું કે "નક્કી પુત્રની આંખો જતી રહેશે, એની બાલ્યાવસ્થા છે, અત્યારથી એ આંખો ખોઇ બેસશે તો જીવન એકલું-નિરાધાર શી રીતે જશે ! શું કરીએ તો પુત્રની આંખો સારી થાય ? કોની પાસે જઇએ ?

કશું જણાતું ? કાંઈ સુઝતું નથી " ઘણો વલોપાત કરતાં પણ એ વલોપાત કાંઈ આંખોને સારી કરતો નથી.

'દુઃખનું ઓસડ દહાડા' એમ કરતાં સંવત ૧૯૧૨નું વર્ષ આવ્યું. એ વર્ષ જયમલ માટે ભયંકર હતું. મનુષ્યના હૃદયમાં રહેલી થોડી ઘણી આશા પણ આ વર્ષે નષ્ટ કરી નાખી. આંખના દુઃખમાં ને દુઃખમાં જયમલને ચાર ચાર વર્ષનાં વ્હાણાં વહી ગયાં છતાં ભયંકર આફત તો હજુ ભાવીના પડદામાં છુપી હતી.

[illegible] આંખો એવી તો નબળી પડી [illegible] આંખોનું કામ એટલું બધું [illegible] કે "જયમલની આંખો [illegible] થશે" છતાં માનવની આશા

થયા છે. અરે ઈંદ્ર જેવા સમર્થ સ્વર્ગાધીશો પણ વિધિવશ લાચાર બના પોતાની સમૃદ્ધિ, ઈંદ્રાણીઓ અને ઠકુરાઇથી ભ્રષ્ટ થાય છે તો પછી જયમલ્લ જેવા પ્રાણીનું શું ગજું ?

૧૯૧૨ ના વર્ષનો એ ભયંકર દિવસ પણ આવી પહોંચ્યો કે જે જયમલ્લની તથા એના સંબંધી જનોના થોડી ઘણી રહીસહી આશા પણ નષ્ટ થઇ ગઇ, જયમલ્લની આંખોનું તેજ નષ્ટ થયું એ ભયંકર દિવસે એને તદ્દન અંધત્વ પ્રાપ્ત થયું ચાર ચાર વર્ષના લાંબા ગાળાથી દુઃખ સહન કરતાં પણ આખરે વિરજનું આ પરિણામ આવ્યું.

એ અસહ્ય દુઃખનો આઘાત સખત હતો; દુઃખથી મુંઝાયેલાં માતા પિતા મુક્તકંઠે પુત્રના દુઃખે દુઃખીયઇને રડવા લાગ્યાં—રડી રડીને બીજાને રડાવવા લાગ્યાં. અંતરની મુંઝવણ એ રીતે હલવવાં લાગ્યાં, પણ જયમલ્લને તો એ દુઃખ હંમેશનું થયું.

સોળવર્ષની ઉંમરના જયમલ્લનું ગાંભિર્ય, ધૈર્ય અદ્‌ભૂત હતું. એના વિવેક ચક્ષુઓ ખુલ્લાં થવાથી એના હૃદયમાં અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થવાથી જ્ઞાનરૂપી દીપકજ્યોત પ્રકાશ પામી. સામાન્યરીતે જગતમાં એવો નિયમ છે કે જગતમાં માણસને અણધાર્યું દુઃખ આવે છે ત્યારે જગતમાત્રની વસ્તુઓ ઉપરથી એનું મન વિરક્ત થઇ જાય છે. હઇયામાં વૈરાગ્યની ભાવના સહેજે થાય છે એવીરીતે જયમલ્લને પણ થયું.

"હા, હવે દુનીયાને માટે હું નાલાયક થયો. મનુષ્યને કરેલું શુભાશુભકર્મ તો અવસ્ય ભોગવવું પડે છે. જન્માંતરમાં કરેલું કર્મ પણ ભવસ્થિતિ પરિપાક થતાં તરત જ ઉદય આવે છે, કારણ કે સંસારીજીવો તો સંસારમાં ઘણેખરે ભાગે પાપકાર્યમાં જ આસક્ત હોય છે. અરે ! જગતનો ન્યાય તો જુઓ. જીવો ચાહે છે સુખ !

એમને દુ:ખ ગમતું નથી, સુખને છોડવું નથી એ સુખના લાલચુ છતાં કરી રહ્યા છે શું ? અનીતિ, દુરાચાર વગેરે અધર્મનાં કાર્યો કરી રહ્યા છે. એનું ફલતો દુ:ખ જ હોય, જ્યારે દુ:ખ જીવને અપ્રિય છે–એ ગમતું નથી તો પછી દુ:ખનાં કારણ અનીતિ, દુરાચાર, પાપકર્મો પણ પ્રાણીએ તજવાં જોઇએ, જ્યાં પાપ છે ત્યાં પરીણામે દુ:ખજ છે તો સુજ્ઞજનોએ એ પાપનાં કારણ તજવાં જોઇએ.

જ્યારે મેં પૂર્વે પાપ કર્યાં હશે ત્યારેજ આ ભવમાં એનું પ્રત્યક્ષ ફલ થયું. જો પુણ્ય કરેલું હોત તો એનું ફલ મળત, પણ પુણ્ય તો શીલીકમાં ન હોય ને પછી સુખની ઇચ્છાઓ કરવી એ ક્યાંથી મળે ? માટે મારે પણ મારા આત્માના હિતની ખાતર સુખને માટે કાંઇક ધર્મારાધન કરવું જોઇએ હવે સંસાર તો મારો ઝેર સમાન થયો. આ જગતમાં હું તો જીવતાંજ મુએલો છું આ ભવમાં પાપનું પ્રત્યક્ષ ફલ જોવા છતાં એવો કયો પુરૂપ હોય કે ધર્મ આરાધન કરવામાં તત્પર ન થાય ? ત્યારે હું શું કરૂં ?

અરે ! આંધળો માણસ ધર્મ પણ કેવી રીતે કરી શકે ? સંસારમાં અંધત્વ એ તો મોટામાં મોટું દુ:ખ કહેવાય. આ ભવમાં અંધત્વ પ્રાપ્ત થવાથી પરભવને માટે એ સુકૃત પણ કઇ રીતે કરી શકે ? હા ? હું તો બંને રીતે વિચાર કરતાં આજે ઉભય ભ્રષ્ટ થયો.

છતાં મારે નિરાશ ન થવું જોઇએ. પ્રાણીને આશા એ દુ:ખમાં આશ્વાસનરૂપ છે નિરાશામાં પણ આશાથી બંધાઇ ભવિષ્યમાં સુખની આશાના વિચારે એ જીવે છે. જો આશાના પાશથી જીવ બંધાયેલ ન હોય તો દુ:ખમાં એ મૃત્યુજ પ્રાપ્ત કરે; છતાં એમ નથી. નિરાશામાં પણ આશાનું અવલંબન લઇને જીવનારા મનુષ્યો ભાગ્ય યોગે ક્વચિત કાવ્યા

પણ છે, ગાઢ અંધકાર પછી સૂર્યના પ્રકાશ શું નથી થતો ? અસાધ્ય રોગો પણ ચિત્રસાત્ આરોગ્ય નથી થતા શું ?

જો કે મારો નેત્ર રોગ પણ અસાધ્ય તો છે જ ! અંધ થએલા માણસોને ફરી પાછી આંખોજ આપેલા આવે છે. મુએલા મડદાં કાંઈ પાછાં જીવતાં નથી છતાં પણ મારે કાંઈક અવલંબન તો લેવુંજ જોઈએ કે જેથી એ બહાને જગતમાં હું જીવી શકું. ત્યારે મારે શું કરવું ? શેનું અવલંબન લેવું ? હાય ! આવા વિકટ પ્રસંગમાં હું સલાહ પણ કોની લઉં ? કોને પૂછું પ્રભુ ? પ્રભુ ? કાંઇ સદ્‌બુદ્ધિ આપ ?

માતા પિતાને પૂછી જોઉં ? એ પણ શું કરે ? મારા દુઃખે એ મરવા પડ્યા છે, એમની મતિ પણ મુંઝાઇ ગઇ છે, ત્યાં એ મને શું સલાહ આપે ? મારા ભવિષ્ય માટે તો મારે પોતાનેજ હવે શોધી લેવું જોઇએ. પાપના ફલ તો પ્રત્યક્ષ પ્રગટ થએલાં જોયાં. હવે ધર્મનુંજ અવલંબન લઇશ તો આ ભવમાં તો નહી પણ આગામી ભવમાં તો મારૂં શ્રેય થશે. માટે જાગ્યા ત્યાંથી સવાર ગણીને ધર્મ સાધનમાં મારે તત્પર થવું.

દીક્ષા લઉં ત્યારે ? સંજમ એ જગતમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કીમતિ વસ્તુ છે. એનું આરાધન કરીને આત્મા મુક્તિ રમણીને વરી અજર અમર બની જાય છે. માટે સંજમ લક્ષ્મી એજ સર્વોત્તમ સાધન મણાય. રત્નત્રયી-જ્ઞાન દર્શન ને ચારિત્રનું આરાધન પ્રાણીને દુઃખે કરીનેજ મલી શકે છે. પૂર્વના શુભ સંસ્કારોથી પુણ્યયોગે જ પ્રાપ્ત થઇ શકે છે તો મારે પણ એ રત્નત્રયીનું આરાધનજ ઇષ્ટ છે.

હાય, પણ અંધ માણસ સંજમને માટે તો નકામો છે. આંધળાને દીક્ષા આપવાની તો મનાઇ છે. આંખે એ દેખી શકતો ન હોવાથી

આ ત્રણ વર્ષમાં ભોગવ્યું. ને બાકીનું શાંતિનાથની ભક્તિ કરતાં એના ઉગ્ર આત્માના અધ્યવસાયે ક્ષય કરી નાખ્યું.

પૂર્વે અજયરાજાના ૧૦૮ રોગો શ્રી પાર્શ્વનાથના દર્શન માત્રથી એમના સ્નાત્ર જલમાત્રથી નાશ નથી પામ્યા શું? અથવા તો અભયસૂરિનો કોઢ જેવો ભયંકર વ્યાધિ પણ સ્થંભન પાર્શ્વનાથના પ્રભાવથી નાશ નથી થયો શું ? અરે જગતપ્રસિદ્ધ શ્રી કૃષ્ણ વાસુદેવના સૈન્યમાં જરાસંધે મુકેલી જરારાક્ષસી શ્રી પાર્શ્વનાથના સ્નાત્રજળના પ્રભાવથી નાશ નથી થઇ શું ?

તીર્થંકરની ભક્તિ–દર્શન આ લોકમાં તો હિતકારી થાય છે પરંતુ એ સમર્થ ભગવંતની ભક્તિના પ્રભાવથી એ પોતાનું પદ પણ ભક્તજનોને આપે. એ કોણ નથી જાણતું. શ્રી નેમિનાથની ભક્તિ કરવાથી કૃષ્ણવાસુદેવ ભાવી તીર્થંકર થશે મહાવીર સ્વામીએ નવજણને પોતાનાં પદ આપ્યાં. અર્થાત્ એમની ભક્તિ કરવાથી નવજણા આગામીકાલમાં તીર્થંકર થશે. જે સમર્થ પુરૂષો પોતાના પદ સહિત મુક્તિ રમણી આપવાને શક્તિવાન્ છે એમને આ લોકનું હિત કરવું એ દુર્લભ ન હોય.

એ સંખેશ્વર પાર્શ્વનાથની ભક્તિ કરવાથી દુર્જનશલ્ય રાજા કોઢ રહિત થયો. પ્રાચિન કાલમાં જ્યારે આ પ્રમાણે એમની ભક્તિ ફળદાયક થઈ છે તો આજના સમયમાં એ ભક્તિ કેમ ન ફલે ! આ લોકનું તુચ્છ સુખ પણ એ ભગવંતના પ્રભાવથી ન મળે તો જગતનો વિશ્વાસ ઉડી જાય. માટે આ લોકમાં પણ ભગવંત ઇચ્છિતના દેનારા છે એ સત્ય છે.

આપણો ચરિત્ર નાયક જયમલ શાંતિનાથનો અનન્ય ભક્ત હતો. વળી આંખો સારી થાય તો સંજમ લેવાનો પણ એને મનોરથ હતો. આવા ઉચ્ચ ચારિત્રવાળા ચરિત્ર નાયકનું ઇષ્ટ સત્વરસિદ્ધ થાય એ નિઃસંદેહ છે.

પૂર્વે અનાથી મુનિ રાજકુમાર હતા, કુમાર અવસ્થામાં પૂર્વકૃત કર્મના

ઉદયથી એમને શરીરે અસહ્ય વ્યાધિ થયો. અનેક ઔષધો કરવા છતાં એ વ્યાધિ જ્યારે અસાધ્ય જણાયો ત્યારે સર્વે વૈદ્યોએ પણ ચિકિત્સા કરવાનું છોડી દીધું. હવે જીવવામાં મંદ ઉત્સાહવાળા અનાથીકુમારના દિલમાં સ્વાભાવિક રીતે વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો. જો કે એમણે પણ જીવવાની આશા તો છોડી હતી. માતાપિતાદિ સર્વે જણે એમના જીવનની આશા મુકી દીધી હતી એવી સ્થિતિમાં અનાથીકુમારે સંકલ્પ કર્યો કે " જો આ રોગમાંથી હું નિરોગી થઈશ તો નિશ્ચય ચારિત્ર ગ્રહણ કરીશ " એ સંકલ્પ કરી એમણે મનથી પ્રતિજ્ઞા કરી. ભવિતવ્યતા યોગે તરતજ વ્યાધિ ઉપર કાબુ આવ્યો ને એ વ્યાધિઓ ક્ષીણ થતાં કાયા નિરોગી થઈ ગઈ. પ્રતિજ્ઞા પ્રમાણે અનાથીકુમાર મુનિઓમાં શ્રેષ્ઠ અનાથી મુનિવર થયા.

આત્મામાં જે ધર્મભાવના છે એ તો નિઃસંદેહ ચિંતામણિ અને કલ્પવૃક્ષથી પણ અધિક છે, જે કાર્ય જગતમાં કોઈપણ કરવાને શક્તિમાન નથી.

જયમલની પરિણામ ધારા દિવસે દિવસે શુદ્ધતમ થતી જતી હતી. શ્રીશાંતિનાથભગવાનમાં જયમલની એકાગ્રતા અદ્ભુત હતી. એક તો સંસારમાંથી એની વાસના ઉઠી ગયેલી, ખટપટોથી એનું વિશુદ્ધ ચિત્ત ભગવાનમાંજ એકતાર થયેલું, એટલે એની ભાવભરેલી ભાવનામાં શી ખામી હોય ! જે મહાસમર્થ પુરૂષો શત્રુભાવે આવેલા જીવોનાં વૈર શાંત કરીને એમને પણ શાંતિ કરનારા થાય તો પછી એમની પ્રતિદિવસ ભક્તિ કરનારને એ શાંતિ કરનાર થાય એમા શું આશ્ચર્ય છે !

ધીરજથી-સહનશીલતાથી દુઃખ સહન કરતાં જયમલને જ્યારે ત્રણ વર્ષ વહી ગયાં અને સંવત ૧૬૧૫ નું વર્ષ આવ્યું ત્યારે એ મુબારક વર્ષમાં એનું પાપ ક્ષય પામી ગયું. અને નવીન આંખો પ્રાપ્ત થઈ હોય

એમ જયમલનું અંધપણું નષ્ટ થઇ ગયું. પ્રથમ કરતાં પણ વિશુદ્ધપ જગતની વસ્તુઓ દેખવા લાગ્યો.

અચાનક અંધપણું દૂર થતાં જયમલને અતિ હર્ષ થયો. એન સંબંધી જનો માતાપિતા વગેરે બધાં ખુશી થયાં. આહ ! એ અપૂ આનંદ ! એનું અમે શી રીતે વર્ણન કરી શકીયે ? એ આનંદની તો કલ્પ નાજ ન થઈ શકે એવો અપૂર્વ હતો.

ધર્મના પ્રભાવથી પ્રત્યક્ષ ફલ જગતના ચોક આગળ રજુ થયાં બધાય સમજતા હતા કે જયમલ શાંતિનાથ ભગવાનનો અનન્ય ભક્ત હતો. એ ભક્તિનુંજ આ ફળ હતું. ધર્મની કિંમત ઓછી આંકનાર ઘમંડી—મગરૂર પુરૂષોના હૃદયમાં પણ આથી ધર્મભાવના જાગ્રત થઇ તેમજ જેમણે ધર્મનાં ફળ સાક્ષાત્ જોયાં છે એવા આસપાસના જનસમાજમાં પણ મંદ પડેલી ધર્મભાવના સવિશેષપણે જાગૃત થઈ. લોકો ધર્મમાં તત્પર રહેવા લાગ્યા. જયમલને પ્રત્યક્ષ ફળ મળેલું જોઇ લોકો યથાશક્તિ વ્રત પચ્ચખ્ખાણ કરવા લાગ્યા.

હવે જયમલનું ભાવીનિશાન તો હમેશને માટે ફરી ગયું હતું. જયમલનો નિશ્ચય અપૂર્વ હતો. હવે પોતાને દીક્ષા લેવી જોઇએ તે માટે પોતે તૈયારી કરવા લાગ્યો. પણ જયમલનો ધાર્મિક અભ્યાસ બરાબર નહીં હોવાથી એને વિચાર થયો "હું પ્રથમ થોડોક અભ્યાસ કરી લઉં તો ઠીક ! કે જેથી મુનિપદમાં મને હરકત ન આવે. વળી અત્યારે શાસ્ત્રોનો અભ્યાસ કરી હું શાસ્ત્રના માર્ગે ચઢેલો હોઉં તો સાધુપણામાં આગળ વિશેષ અભ્યાસ કરવાની મને અનુકુળતા થાય. કારણકે જ્ઞાનવિના મુનિપણું શોભે નહી. વળી જ્ઞાન મોક્ષનું પણ પગથીયું છે. કહ્યું છે કે 'જ્ઞાન સિવાય મુક્તિ નથી.' માટે જ્ઞાન તો મારે અવશ્ય પ્રાપ્ત કરવું જોઇએ" એમ વિચારી જયમલે શાસ્ત્રના અભ્યાસ—અધ્યયનની શરૂઆત કરી.

સંસારના દરેક સંજોગોમાંથી ચિત્તને ખેંચી લઈ એણે શાસ્ત્રના પાનમાંજ પોતાનું ચિત્ત એકાગ્ર કર્યું.

અભ્યાસ કરતાં કરતાં કેટલાય મહિના વચમાં પસાર થયા. એને ધાર્મિકબોધ પરિણમ્યો એટલે એ બોધ તાજો રાખવાને તેમજ બીજાને સમજાવવાની શક્તિ ખિલવવાને માટે જયમલે એકનવો રસ્તો શોધી કાઢયો. જયમલ આડોશી પાડોશી તેમજ જ્યાં દશબાર માણસો બેઠા હોય ત્યાં આગળ અનુકુળ સંજોગ ઉભા કરી ધર્મની વાતો શાસ્ત્રના વચનો ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખી કાઢતો. એની વાતોમાં લોકોને પણ રસ પડતો. જેમ જેમ તેમ પોતાની વાણી જયમલ મીઠી બનાવતો. એમાં માત્ર ધર્મનોજ રસ રેડતો, વૈરાગ્યની ભાવનાજ એમાં અખંડ રહેતી જેથી સાંભળનારને એ ધર્મભાવના ભરેલી વાણી અતિ પ્રિય લાગતી હતી. વૈરાગ્યથી ભરપૂર સજ્ઝાયો, ભગવતનાં ભાવભક્તિ ભરેલાં એકએકથી અધિક એવાં સ્તવનો જયમલ લોકોની આગળ મધુર વાણીથી ગાતો જેથી તે લોકોમાં પ્રિય થઇ પડયો. જ્યારેને ત્યારે ધર્મભાવનાની અને વૈરાગ્યની વાતો કરવાને ઉપદેશ આપવાને જયમલને આમંત્રણ થતાં. જયમલ એ આમંત્રણોને માન આપી સ્તવન, સજ્ઝાય અને ઉપદેશવડે એમને બોધ આપતો.

પોતાના પુત્રનો આવો વૈરાગ્ય ભાવ અને સંસારપરનો ઉદાસભાવ જોઇ માતાપિતાના મનમાં વળી જૂનો વિચાર સ્ફુર્યો. એક દિવસ જયમલને પાસે બેસાડી માતા પિતાએ એ વાતને છેડી.

“ દિકરા ! હવે અમે વૃદ્ધ થઈ ગયાં છીએ—આ અવસ્થાએ પણ તને ફરી આંખો પ્રાપ્ત થયેલ જોઇ અમે ઘણાં ખુશી થયાં છીએ. એ ખુશીમાં હવે તું થોડો વધારો કર.” માતાએ કહ્યું.

“ શો વધારો કરૂં ! માતા ! ” આતુર અને ધડકતે હૃદએ જયમલે પૂછ્યું.

જો માતા પિતાના કદાગ્રહ આગે નમતું જવું, હવે શો રસ્તો કરું ! જયમલે વિચાર્યું કે " એક તરફ મંત્રેલા મોહમાં ભમાવેલાં માતા પિતા લગ્ન માટે કદાગ્રહ કરી રહ્યાં છે. જો કે હું લગ્ન તો કરવાનો નથીજ; પણ માતાપિતાને એથી દુઃખ થશે માટે કોઈક ઉચિત રસ્તો કાઢવો " જયમલની વાસના તો મરી ગઈ હતી. સંસારની કોઈપણ ચીજમાં એને આસક્તિ નહોતી. વૈરાગ્યના રંગમાં રંગાયેલ એ આત્મજ્ઞાની આત્મા તો ઉચ્ચ ભાવનામાં જ રમતો હતો. ધર્મનો તાત્ત્વિક મહિમા જાણે એવો કોણ મુર્ખ હોય કે પ્રમાદ કરી ધર્મ તરફ બેદરકાર રહે! ધર્મ ઉપર એને તો અચલ શ્રદ્ધા હતી. માટે એણે ધાર્યું કે " અહીંથી પાલીતાણે શત્રુંજયની યાત્રા કરવાને જવું. ત્યાં ડુંગર ઉપર શ્રી દાદાજીને ભેટતાં કોઈ મુનિવરનો જોગ મળે તો ચોથુંવ્રત ઉચ્ચરી લેવું કે જેથી અર્ધ સંસાર ભાવના નષ્ટ થઈ જાય. માતાપિતાનો એ કદાગ્રહ પણ એમ જ રહી જાય. હું ચોથુંવ્રત ઉચ્ચરીશ એટલે માતાપિતા પછી ફરીને આગ્રહ કરશે નહી. માટે અહીંથી તો શ્રી શત્રુંજય જવું એજ રસ્તો ઠીક છે.' એમ ધારી એણે માતાપિતાને જણાવ્યું, " પિતાજી ! આજ ઘણે વર્ષે મારી આંખો સાફ થયેલી હોવાથી તેમજ શ્રી શત્રુંજય ઉપરશ્રી આદિશ્વરદાદાને ભેટવાનો અભિલાષ જાગ્રત થવાથી એકવખત આપણે યાત્રા કરી આવીએ. યાત્રા કરીને આવ્યા પછી શું કરવું તે નક્કી કરીશું પણ હમણા તો યાત્રા કરવા ચાલો."

" ઠીક ! જેવી તારી મરજી. અનુકુળ સમયે આપણે યાત્રા કરવા જઈશું. " માતા પિતાએ પુત્રનુ મન મનાવ્યું "

દેખતા થયા પછી અભ્યાસ કરતાં અનુક્રમે જયમલને પાંચ વર્ષ વહી ગયા ને સંવત ૧૯૨૦ મું વર્ષ પણ આવી પહોંચ્યું. એ વર્ષમાં જયમલ માતાપિતા સાથે પાલીતાણે આવ્યો.

અનુકૂળ સમયે ડુંગર ઉપર ચઢીને દાદાજીને ભેટયા. ભકિતભાવપૂર્વક જયમલે સ્તુતિ કરી. અંતર આત્માને શુદ્ધ કરીને પુણ્યરૂપી ભાતું એણે ઉપાર્જન કર્યું.

એક દિવસ ગુરુમહારાજના સાથે દાદાની યાત્રા કરતાં જયમલનો ભાવ વૃદ્ધિ પામ્યો. પરિણામના ધારા વિશુદ્ધ થતી ચાલી. એ અંતરના વિશુદ્ધતાથી એણે ગુરુને ચોથું વ્રત ઉચરાવવા આદર પૂર્વક વિનંતિ કરી કે "ભગવન ! આવો જોગ, આવો ભાવ અને આવું પરમપવિત્રસ્થાન, દાદાના સાક્ષી આ બધું દુર્લભમાં દુર્લભ હોવાથી મોટું પુણ્ય હોય તો જ મલી શકે છે. આવા ઉત્તમ સ્થાનકમાં આવા સંઘનો યોગ કયાંથી મળે ? માટે ગુરુમહારાજ ! આ સમયે મને ચોથું વ્રત ઉચરાવો ? મારા આત્માને ભવસાગરથી તારો !"

એનું આવું કથન સાંભળી માતાપિતા તો આશ્ચર્ય પામ્યા. મોહમુગ્ધ થયેલાં એમણે જયમલને ઘણો સમજાવ્યો પણ જયમલનો નિશ્ચય અડગ હતો. એ નિશ્ચયને ડગાવવાની મનુષ્ય વ્યકિતના તો તાકાદ નહોતી.

"મહાનુભાવ ! જે કાર્ય કરે તે વિચારપૂર્વક કરજે. એનું પરિણામ તપાસજે. ચોથા વ્રતનું સ્વરૂપ તો સમજે છે ને ?" ગુરુમહારાજે એના નિશ્ચયની કસોટી કરવા માંડી "માતાપિતાની આજ્ઞા તો તારે માનવી જોઈએ."

"ગુરુમહારાજ ! મેં મનથી તો ચોથા વ્રતની પ્રતિજ્ઞા કરેલી છે. વળી દીક્ષા અંગીકાર કરવાની પણ મારી પ્રતિજ્ઞા છે. હું ચોથા વ્રતમાં દીક્ષા પણ લઈશ. પણ આજનો સમય અમૂલ્ય હોવાથી ચોથું વ્રત ઉચ્ચરીને હું મારો ભવ સંસાર દૂર કરવા માગું છું. આજ નહીં ઉચ્ચરાવો તો હું મારા મનથી ઉચ્ચરીશ !" જયમલે કહ્યું.

બધાએ એનો અડગ નિશ્ચય જોઇ એ પવિત્ર આત્માના ઉચ્ચ અધ્યવસાયના અનુમોદના કરી. ગુરૂમહારાજે પણ જોયું કે આ આત્મા કોઈ અસાધારણ હતો. સંસારી આત્માઓ કરતાં આ ઉચ્ચ આત્માનું ધ્યેય જુદું જ હતુ. ગુરૂશ્રી આવો અમુલ્ય અવસર ઉત્તમ ભાવનો લાભ લેવાનો વિચાર કર્યો. જેથી દાદાની સમક્ષ સર્વ સંઘના નજર આગળ જયમલને ચોથું વ્રત ઉચરાવ્યું. આવા ઉત્તમ સ્થાનકમાં જયમલને આ અપૂર્વ લાભ મળેલો જોઇ સૌનો અંતરાત્મા અધિક પ્રસન્ન થયો.

તે પછી જયમલ અને તેનાં માતાપિતાદિ સંબંધીઓ યાત્રાઓ કરીને પોતાને વતન કચ્છ દેશમાં ગયાં.

તે પછી બીજાં પાંચ વર્ષ વહી ગયાં, એ અરસામાં જયમલનો શાસ્ત્ર અભ્યાસ પણ સારો થયો. એટલે સારા ગુરૂની જોગવાઇએ એમણે દીક્ષા લેવા નક્કી કર્યું. જેમ બને તેમ આ સાલમાં દીક્ષા લેવી એવો એણે દૃઢ સંકલ્પ કર્યો. સંવત ૧૯૨૫ ની સાલનું વર્ષ ચાલતું હતું. આ વર્ષમાંજ દીક્ષા લેવાને એમનું મન અધિરૂં થઇ રહ્યું હતું. આ સમયે તપગચ્છ નાયક મણિવિજયજીદાદા વિહાર કરતા હતા. એમને સાત શિષ્યો હતા. અમૃતવિજયજી, બુટેરાયજી, પદ્મવિજયજી, ગુલાબવિજયજી, શુભવિજયજી, સિદ્ધિવિજયજી અને હીરવિજયજી એ એમનાં નામ હતાં. મણીવિજયજીદાદાના શિષ્યરત્ન પદ્મવિજયજી વિહાર કરતાં કચ્છ—વાગડના આદીસર ગામમાં સં. ૧૯૨૫ માં આવ્યા.

મહાવીર સ્વામીના પાટપરંપરાએ ૫૮ મી પાટે જગદ્ગુરૂ શ્રી હિર-વિજયસૂરિ થયા. તેમની પાટે જગત્ગુરૂ વિજયસેનસૂરિ થયા, એમને બાદશાહ અકબરે કાલીસરસ્વતીનુ બિરૂદ આપ્યુ હતું. અંતઃને પછી વિજયદેવસૂરિ થયા ૬૧ મી પાટે વિજયસિંહસૂરિ થયા. એમણે સંવત ૧૭૦૯ મા સ્વર્ગગમન કરવાથી તેમના પછી ૬૨ મી પાટે વિજયપ્રભ-

સૂરિ આવ્યા, એમને વિજયદેવસૂરિએ સૂરિપદ આપેલું. શાસનમાં એ 'ગૌતમાવતાર' તરીકે પ્રસિદ્ધ હતા.

વિજયસિંહસૂરિને સત્યવિજય પંન્યાસ શિષ્ય હતા. એમને વિજયપ્રભસૂરિએ સંવત ૧૭૨૯ માં પંન્યાસ પદ આપેલું. એમણે શ્રીમદ્ યશોવિજયજી અને વિનયવિજયજીની સહાયથી વિજયપ્રભસૂરિના ગચ્છનાયકપણામાં ક્રિયા ઉદ્ધાર કરેલો, જેથી શિથિલાચારીઓ ત્યારથી જુદા પડ્યા ને પોતે પીત-પીળાં વસ્ત્ર ધારણ કર્યાં.

એ સત્યવિજય પંન્યાસને કર્પુરવિજય શિષ્ય સંવત ૧૭૨૦ થી સંવત ૧૭૭૫ સુધી વિદ્યમાન હતા. તેમના શિષ્ય વૃદ્ધિવિજયજી તેમના ક્ષમાવિજયજી સંવત ૧૭૪૪ થી સંવત ૧૭૮૨ સુધી વિદ્યમાન હતા. તેમના શિષ્ય જીનવિજયજી થયા. એ જીનવિજયજી સંવત ૧૭૭૦ થી ૧૭૯૯ સુધી હૈયાત હતા. તેમના શિષ્ય ઉત્તમવિજયજી થયા, તે ૧૭૯૬ થી ૧૮૨૭ સુધી વિહાર કરતા હતા. તેમના શિષ્ય પદ્મવિજયજી સંવત ૧૮૦૫ થી ૧૮૬૨ સુધી હતા. એ પદ્મવિજયજીએ સ્તવનો, સજ્ઝાયો, પુસ્તકો રાસ વગેરે ઘણું બનાવેલું છે. એમના સમયમાં પટ્ટધર ૬૬ મી પાટે વિજયધર્મસૂરિ હતા. એમણેજ સંવત ૧૮૧૦ માં પદ્મવિજયજીને પંડિતપદ આપેલું.

એ પદ્મવિજયજી પંડિતના શિષ્ય રૂપવિજયજી થયા. એમણે પણ પુસ્તકો વગેરે બનાવેલાં આજે જોવાય છે. સંવત ૧૮૮૯ માં એમણે પંચકલ્યાણકની પૂજા બનાવેલી છે. એમના શિષ્ય કીર્તિવિજયજી થયા, એમના શિષ્ય, કસ્તુરવિજયજી થયા, એમના પછી મણિવિજયજી દાદાએ દીક્ષા સંવત ૧૮૭૭ માં લીધેલી. સંવત ૧૮૫૨ માં એમનો જન્મ થયેલો, ૨૫ વર્ષે એમણે દીક્ષા ગ્રહણ કરી. સંવત ૧૯૨૨ ના [illegible] ૮ ના રોજ સમાધાગમ. દેસાના ઉપાશ્રયે પંન્યાસ [illegible] પંન્યાસ

પદ આપ્યું. સંવત ૧૯૨૩ માં હાજાપટેલની પોળ સામે પુસ્તકાલય સ્થાપ્યું. સંવત ૧૯૩૫ માં આસો સુદી ૮ ના રોજે એ મહાપુરૂષે-મણીવિજયજી દાદાગુરૂએ સ્વર્ગગમન કર્યું.

મણીવિજયજી દાદાગુરૂને એકંદરે સાત શિષ્યો હતા. જેમાં અમૃતવિજયજી દીક્ષા પર્યાયે મોટા હતા. તે સિવાય બુટેરાયજી-વૃદ્ધિવિજયજી પણ એમના શિષ્ય હતા. સંવત ૧૯૧૨ માં બુટેરાયજીએ દીક્ષા લીધેલી ને અમૃતવિજયજીએ સંવત ૧૮૯૮ માં દીક્ષા લીધેલી. આપણા ચરિત્ર નાયક જયમલના ગુરૂવર્ય પદ્મવિજયજી પણ આ મણીવિજયજી દાદાના શિષ્ય હતા. તેમણે ૧૭ વર્ષની વયમાં રવિવિજયજી યતિ પાસે યતિપણું સ્વીકાર્યું. તેમની ૪૫ વર્ષના ઉમ્મરે સંવેગીપણું સ્વીકારીને મુની ધર્મ પાળતા થયા. સં. ૧૯૨૪ માં તેમની ૫૮ વર્ષની ઉમ્મરે પં. મહારાજ શ્રી મણીવિજયજી દાદા પાસે વડી દિક્ષા લીધી. તેઓશ્રી જ્યોતિષ આદિ શાસ્ત્રના સારા જાણકાર હતા. તેમને પહેલા શિષ્ય રત્નવિજયજી થયા જેમને ડેલાના ઉપાશ્રયના પં. મહારાજ શ્રી સૌભાગ્યવિજયજીએ પોતાના પાટે સ્થાપન કરવા માગણી કરતાં સરલ સ્વભાવી-ઉદાર ભાવનાવાળા પદ્મવિજયજી મહારાજે પોતાના શિષ્યરત્ન રત્નવિજયજી મહારાજને શ્રી સૌભાગ્યવિજયજી મહારાજને સોંપ્યા. આવી રીતે પોતાના શિષ્યને આપવાની ઉદારતા આ સમયમાં કોણ કરી શકે !

મુનિવર પદ્મવિજયજી વિહાર કરતા કરતા આદીસર ગામમાં આવ્યા એ મુનિવરનું આગમન સાંભળીને આપણા ગુણાનુરાગી જયમલ એમને વાંદવા આવ્યો. એમના સમાગમમાં આવતા પોતાને પણ આ મુનિપુંગવને ધારીને એમની પાસે દીક્ષા લેવાની એની મનોભાવના જાગૃત થઈ. પોતાનો અભ્યાસ પણ ઠીક થયેલો હોવાથી તેમજ મુનિવર પ.મ કર્યા પછી સરળ રીતે હવે અભ્યાસ થઈ શકે તેમ હોવાથી દીક્ષા માટે એ જ્ઞાનવાંછુ જયમલને નિશ્ચય કરવા પડ્યો [illegible] કહેવાનો [illegible] સારું સિદ્ધ

ગોચરીએ દીક્ષાની ક્રિયા કરીને વાસક્ષેપ નાખ્યો—દીક્ષા આપી. આજથી જયમલ હવે જયમલ નહી પણ જગતને વંદનીય જિતવિજયજી થયા. આશ્ચર્ય પુરુષના જ્યાં જ્યાં પગલાં થાય છે ત્યાં ત્યાં આનંદ આનંદ થાય છે.

જે રાયણના વૃક્ષ નીચે એમને દીક્ષા આપવામાં આવી હતી તે રાયણ વૃક્ષ સુકૂ હતું છતાં નવપલ્લવિત થયું; તેમજ તેમના દીક્ષાના મહિમાથી ત્યાંના કુવાનું પાણી ખારૂ હતું તે એકદમ મીઠું થઇ ગયું. પુણ્યશાળીના પનોતાં પગલાં જગતમાં શું નથી કરી શક્તાં ?

એકવખતનો જયમલ હવે જગત્પૂજ્ય જીતવિજયજી થયા. દુનીયામાં સત્સંગતિ શું નથી કરતી? સોનું અને તેમાં સુગંધ મળે તો શું ખામી રહે? જયમલ વૈરાગી હતો, વિદ્વાન ગુણસંપન્ન હતો. પણ એકજ વસ્તુની માત્ર ખામી હતી, એ ખામી દૂર થતાં જયમલ પોતે જીતવિજયજીમાં પરિવર્તિત થઇ જતાં વિશ્વને વંદન કરવા યોગ્ય થયા. આજસુધી એ બંધનમાં—માયાના પાશમાં હતો. હવેથી બંધન મુક્ત થતાં આજથી એમની નવી જીંદગીની શરૂઆત થઇ. ઘણાકાળથી હૃદયમાં રહેલી શુભભાવના હવે સફળ થઇ. માથા ઉપર રહેલો બોજો આજથી ઉતરી ગયો. આમ મુગ્ધ જયમલ તે હવેના જીતવિજયજી ગુરૂ પાસે અભ્યાસ કરી શાસ્ત્રના જ્ઞાતા થયા.

દુનીયામાં વૈરાગ્ય ત્રણ પ્રકારના હોય છે. મોહગર્ભિત, દુઃખગર્ભિત અને જ્ઞાનગર્ભિત, દીક્ષા લેનાર વ્યક્તિમાં એ ત્રણ વૈરાગ્યમાંથી એક પ્રકારનો વૈરાગ્ય તો અવશ્ય હોય છે. સ્નેહને વશ થઇને—પોતાનો સંબંધી કોઇ દીક્ષા લેતો હોય તેની સાથે લેવી, અથવા તો ગુરૂ ઉપરના સ્નેહની ખાતર લેવી કે પોતાનાં માતાપિતા કે સ્ત્રીઆદિ દીક્ષા લેતાં હોય તેમના સ્નેહથી એમની સાથે દીક્ષા લેવી. વગેરે મોહના કારણની મુખ્યતાએ દીક્ષા લેવી તે મોહગર્ભિત વૈરાગ્ય કહેવાય. તેવી જ રીતે દુઃખગર્ભિત વૈરાગ્ય—સંસારના

કરવાથી અનેક જનોને આદર્શરૂપ થતા જાય છે. આપણા જીતવિજયજી આચાર્ય ઉત્તમ માને ત્યાગી અંતર આત્માનું અવલોકન કરનારા, તપમાં જ રક્ત અને જડ ઉપકારમાં પ્રીતિવાળા વીતરાગનીજ મૂર્તિ હતા. બાહ્ય આડંબર કે માન મરતબાના ભૂખ્યા ન હતા. એનો વીતરાગભાવ પ્રાપ્ત કરીને મોક્ષ મુક્તિ સમર્પણ વરવાના અતિ અભિલાષી હતા. ત્યાગી જનોની અંતરંગ ભક્તિવાળી શિષ્યવૃંદના મહાત્યાગી જીતવિજયજીના મનોરથોનું અમે વિશેષ શું વર્ણન કરીએ !

દીક્ષા લીધા [illegible] સાથે વિહાર કરીને **શ્રીમાનશ્રી** [illegible] આદર્શતા [illegible] શાંતિનાને [illegible] જેમનું **શ્રામવિજયજી** નામ [illegible]. ત્યાંથી વિહાર કરતા [illegible] માસે [illegible] અનેક જનોને પ્રતિબોધ કરી, [illegible] શાસનની ઉન્નતિ કરી [illegible] વિહાર [illegible] પૂર્વનિક [illegible] વિહાર [illegible] [illegible]

[illegible]

એના કાઠિયાવાડમાં વિચરતા જામનગર આવ્યા. ત્યાંના દેરાસરોનાં ઉત્તમ-
પોનાં દર્શન કર્યાં. ત્યારબાદ ત્યાં શ્રીના પર્યુષણ કરવાનું સુંદરમાં
ભવ્ય ઉત્સાહથી ચાતુર્માસ વ્યતીત કર્યો. એમના ઉપદેશથી અર્જુન જેઠાભાઈ, ત્રિવેદી
ક્રિયાઓ સાધ્યો.

જામનગરને નવાનગર પણ કહે છે. કચ્છના રાવના કારણે જામ
રાવળે કચ્છમાંથી આવીને હાલાર જીતી સૌરાષ્ટ્ર સૈકાના શાસનમાં દરિ-
યા કિનારે જામનગર વસાવી ત્યાં રાજધાની સ્થાપી આમજગતને ભૂપક
જીતીને કબજે કર્યો. કચ્છના લોકોએ 'જામ' ને ઉપનામે ઓળખાતા
હોવાથી આ નગરનું નામ પણ જામનગર પાડ્યું. અહીંનાં મુખ્ય આઠ
દેરાસર તેમાં એક દેરાસર રાયસિંહ શાહનું કરાવેલું. એના મૂળનાયકજી
આશાપાર્શ્વનાથ છે, કહે છે કે આ દેરાસર સંવત ૧૬૪૨ માં કરાવવા
માંડ્યું તે સંવત ૧૬૭૮ માં પૂર્ણ થયું હતું. તે સિવાય અંજનાથજી,
કલ્યાણપાર્શ્વનાથ સહસ્ત્રફણા પાર્શ્વનાથ આદિ પ્રતિમાઓ ચમત્કારિક અને
અદ્ભુત છે. રત્નનાં પ્રતિમા એક ફુટના પ્રમાણવાળાં દર્શન કરવા
લાયક છે.

બીજું વર્ધમાનશાહનું દેરાસર એમાં શાંતિનાથજી મૂળનાયક છે.
આ મંદિર બંધાવતાં પણ રાયસિંહશાહના જેટલોજ સમય લાગેલો.
એવાં એ અદ્ભુતમંદિરો છે. ભગવાનને ભાવથી જુહારી સંવત
૧૯૨૮ નું ચાતુર્માસ નવાનગરમાં કર્યું. તે પછી ૧૯૨૯ નું ચાતુર્માસ
પાછું રાજનગર–અમદાવાદમાં થયું.

અહીંનું ચોમાસું પૂર્ણ કરીને જીતવિજયજીએ ગુરુમહારાજની
સાથે મારવાડ તરફ વિહાર કર્યો. વિહાર કરતાં ધાણેરા ગામમાં આવ્યા.
સંવત ૧૯૩૦ નું ચાતુર્માસ ધાણેરામાં થયું. ત્યાંનું ચાતુર્માસ પૂર્ણ કરીને
પાછા ગુજરાતના વઢીયાર પ્રદેશમાં આવ્યા. તે સંવત ૧૯૩૧ નું ચાતુ-

ત્રીજું ચોમાસું રાધનપુરમાં કર્યું. ચોમાસું ઉતર્યા પછી અહીંયાં એક ભાઈ અને બેનને દીક્ષા આપી. ભાઈનું નામ પુણ્યવિજયજી રાખ્યું અને બાઈનું નામ નિધાનશ્રીજી રાખ્યું. રાધનપુરના વતની પારેખ ગોકળદાસ રોકડશાહે સંઘમાં પધારવાના ગુરુને વિનંતિ કરવાથી અને સિદ્ધાચળજીનો સંઘ કાઢવાનો એમનો મનોરથ થવાથી [illegible] એમના [illegible] વગેરે એમની સાથે સંઘમાં સિદ્ધાચળજીની યાત્રાએ પધાર્યા. દાદાનાં દર્શન કરી શુદ્ધ ભાવે પોતાના આત્માને પાવન કર્યો.

મુનિવર [illegible]

વર્ણન કરીયે ? એના પોતાનામાં એવું તો અપૂર્વ બળ રહેલું છે કે એ ભમે તેવાં દુષ્કર્મોનો ક્ષય કરીને ઠેઠ મુક્તિરમણી સુધી આત્માને લઇ જાય છે. સંસારના અનેક કાર્યો જે દુઃસાધ્ય મનાયાં છે, બીજી કોઇપણ શક્તિથી જે સિદ્ધ થાય એમ નથી એ સર્વે તપસ્યાના પ્રભાવથી સિદ્ધ થયાં છે અને થાય છે.

ફતેહગઢથી વિહાર કરી મુનિરાજ જીતવિજયજી પલાસવે પધાર્યા. હવે ગુરૂવર શ્રી પદ્મવિજયજી અતિ વૃદ્ધ થયેલા હોવાથી સંવત ૧૯૩૫-૩૬-૩૭-૩૮ એ ચાર ચોમાસાં અહીંયાં થયાં એ દરમિયાનમાં લોદરીયા ન્યાલચંદ ખેતશી, કોઠારી જાદવજી ઝવેર, કોઠારી વાઘજી મુળજી તથા ભીમાસરના મેતા રૈજપાલ વગેરે અનેક માણસોએ ચતુર્થ વ્રત ગ્રહણ કર્યું અને શાસનનો મહિમા વધાર્યો અહીંયાં સંઘમાં કલેશ હતો તે પણ સંવત ૧૯૩૮ માં મુનિવર જીતવિજયજીના ઉપદેશથી દૂર થઈ સંપ થઇ ગયો એટલુંજ નહી પણ આ સાલમાં મુનિવર જીતવિજયજીએ ચાર જણને માગશર સુદી ૩ ને ગુરૂવારે શુભ મુહૂર્તે દીક્ષા આપી ચંદુરા હરદાસનું નામ હીરવિજયજી રાખ્યું. કોઠારીને ધતાલાલ જીવવિજયજીને નામે પ્રસિદ્ધ થયા. અંદરબાઇ (ચૌદ વર્ષની વયે ચોથું વ્રત લેનાર) આણંદશ્રીજી કહેવાણાં અને ગંગાબાઇ (સોળ વર્ષની વયે ચોથું વ્રત લેનાર) જ્ઞાનશ્રીજીને નામે પ્રસિદ્ધ થયાં.

આ ચારે જણની દીક્ષા હોય ત્યારે ધામધુમમાં તે શી ખામી હોય, પલાસવાના સંઘે પોતાની શક્તિ બતાવવામાં કાંઇપણ મણા રાખી નહી ગામ પરગામના મળી આ મહોત્સવ પ્રસંગે લગભગ દશ હજાર માણસ હાજર હતાં. સંઘે ૮૦૦૦૦ એંસી હજાર કોરીનો આ મહોત્સવ પ્રસંગે દ્રવ્યનો વ્યય કર્યો. ને પોતાની સ્વામીભક્તિ બતાવી ત્યાંના દરબાર વાઘેલા

રાણા પૂંજાજીએ પોતાની તરફથી સારી મદદ આપીને મહોત્સવના શોભામાં અધિક વૃદ્ધિ કરી.

સંવત ૧૯૩૮ ના વર્ષની શરૂઆતમાં જ્યારે આ ઘટના બની સંઘમાં આનંદ આનંદ થઇ રહ્યો ત્યારે આ વર્ષના મધ્ય ગાળામાં એક શોકકારક ઘટના બની જે શોકકારક ઘટનાથી સર્વેનાં મન બલ્કે સમસ્ત કચ્છ–વાગડમાં શોકનું વાતાવરણ ફેલાઇ ગયું. વયોવૃદ્ધ ગુરૂરાજ પદ્મવિજયજી સંવત ૧૯૩૮ ના વૈશાખ શુદી ૧૧ ની રાત્રીએ પહેલે પહોરે આ લોકમાંથી ચાલ્યા ગયા. સંસારી હોકે સંન્યાસી, અમીર હો કે ફકીર, રાજા હો કે રંક, મુર્ખ હો કે પંડિત, સર્વેને આયુષ્ય પુર્ણ થતાં મને કે કમને ચાલ્યા જવું પડે છે. કોટી પ્રયત્નો કરવા છતાં એ મૃત્યુના સકંજામાંથી જગતના કોઇપણ શકિત બચાવી શકે તેમ નથી. અરે મનુષ્ય તો શું પણ અમરને નામે જગત પ્રસિદ્ધ દેવતાઓ સ્વર્ગાધિશો પણ પોતાનો અપાર વૈભવ, વિલાસ, રમણીયો અને ઠકુરાઇને જોતાં જોતાં ચાલ્યાં જાય છે. કાળ એ જગતમાં એવો ગજબ રાક્ષસ છે કે એના પંજામાંથી આજસુધીમાં કોઇ બચ્યો નથી.

મુનિવર જીતવિજયજીને આજે એક મોટો આધાર જતો રહ્યો, ગૌતમસ્વામીને જેમ મહાવીરસ્વામીનો વિરહ અસહ્ય હતો એવીજ સ્થિતિ જીતવિજયજીની હતી. એ ગુરૂનો ઉપકાર, એમનું વાત્સલ્ય, એમના વિદ્વત્તા અદ્‌ભૂત હતાં. શિષ્યો ગુરૂને સંભારી સંભારીને શોક કરતા મોહનું પ્રાબલ્ય હમેશાં એવુંજ હોય છે. ગૌતમસ્વામી જેવા વીતરાગતાની પરાકાષ્ઠાએ પહોંચેલા મહા પુરૂષને પણ મોહે નથી છળ્યા શું ? એ દુર્જય મોહ કોની ઉપર સત્તા નથી ચલાવતો ?

ગુરૂના વાત્સલ્યને યાદ કરતા મુનિવર જીતવિજયજી પોતાના શિ-ષ્યોની સાથે પૃથ્વી ઉપર વિહાર કરવા લાગ્યા અનુક્રમે રાધનપુર પધારી

સંવત ૧૯૩૯ નું ચોમાસું અમરેલી કર્યું. ત્યાં ઢુંઢિયાઓએ ભારે ધમાલ કરી ધર્મપ્રેમિઓને અનેક પ્રકારે ચોમાસું મન ઉપજ્યું, તેમના વડે કરી ધર્મની વૃદ્ધિ કરી ત્યાંથી વિહાર કરી ગુરુશ્રી જીતવિજયજી સાથે ભાવનગર પધાર્યા સંવત ૧૯૪૦ નું ચોમાસું અમરેલી કર્યું.

ચોમાસુ ઉતર્યે ત્યાંથી વિહાર કરી અરિહંતશાસનના સંઘની વિનંતિથી ત્યાંના સંઘની સાથે કેશરીયાજીની યાત્રાએ પધાર્યા ને સંવત ૧૯૪૧ નું ચાતુર્માસ મેવાડમાં ઉદેપુર શહેરમાં કર્યું. ત્યાંથી વિહાર કરતા ગોહવાડમાં આવ્યા ને સં. ૧૯૪૨ નું ચાતુર્માસ ભાદોમાં કર્યું. સં. ૧૯૪૩ નું ચોમાસુ પાલીનગર અને સં. ૧૯૪૪ નું ચોમાસું શિવગંજમાં કર્યું ને ૧૯૪૫ નું ચાતુર્માસ પાલનપુરમાં કર્યું. અનેક સ્થળે ધર્મનો ઉદ્યોત ફેલાવતા ને શાસન ઉન્નતિનાં કાર્યો કરતા, તપ, જપ ને સ્વાધ્યાયમાં વૃદ્ધિ કરતા પાલનપુરનું ચોમાસું પુરૂ કરી કચ્છ-વાગડમાં પધાર્યા ને સં. ૧૯૪૬ નું ચાતુર્માસ પલાસવામાં કર્યું. ચોમાસુ ઉતરે ત્યાંથી વિહાર કરી શ્રી સિદ્ધાચળજી પધારી દાદાજીનાં દર્શન કર્યાં ને સંવત ૧૯૪૭નું ચાતુર્માસ પાલીતાણામાં કર્યું. ત્યાંથી વિહાર કરી મુનિવર જીતવિજયજી શિષ્યો સાથે કચ્છ પધાર્યા ને ૧૯૪૮ નું ચોમાસુ પણ અહીંયાજ કર્યું. તપ, જપ, સ્વાધ્યાય વગેરેથી શાસનની ઉન્નતિ કરી ત્યાંથી વિહાર કરી મુનિવર લીંબડી પધાર્યા ને સંવત ૧૯૪૯ નું ચોમાસુ લીંબડીમાં કર્યું.

ત્યાંથી વિહાર કરી ગામેગામ ભવિક જનોને બોધ કરતા અમદાવાદ પધાર્યા ત્યાં શ્રાવકુમારી પલાસવાના કોઠારી વાઘજી મુળજીને સંવત ૧૯૪૯ ના જેઠ સુદી ૧૦ ને દિવસે મોટા મહોત્સવપૂર્વક દીક્ષા આપી હીરવિજયજી નામ રાખ્યું. સંવત ૧૯૫૦-૫૧-૫૨ એ ત્રણે ચોમાસાં મુનિવર જીતવિજયજીનાં અમદાવાદમાંજ થયાં હતાં. પહેલું ચાતુર્માસ ડોશીવાડાની પોળમાં આવેલી વિદ્યાશાળામાં, બીજું શાપુરમાં અને

સંખેશ્વરજીની યાત્રા કરીને પાછા ડીસા પધાર્યા ત્યાં ૧૭ છોડનું મોટું ઉજમણું થયું, અઠ્ઠાઇ મહોત્સવ થયો સંવત ૧૯૫૮ નું ચોમાસુ પણ ડીસામાં કર્યું. ત્યાંથી ચોમાસુ વીત્યે ગુરૂમહારાજ ભાભેર પધારી સંવત ૧૯૫૯ નું ચાતુર્માસ ભાભેર કર્યું ત્યાં પણ માસખમણ આદિ તપસ્યા, વિગેરે શાસન ઉન્નતિનાં કામો કરતા ચોમાસુ ઉતર્યે વિહાર કરી ગયા ને રાધનપુર થઈને શાંતલપુર પધાર્યા ને સંવત ૧૯૬૦ નું ચોમાસુ પણ અહીંયાં કરી શાસનોન્નતિનાં કામ કર્યા એકવીશ જણને ચોથુવ્રત ઉચ્ચરાવ્યું, પંચરંગી તપ, સોળભત્તા, અઠ્ઠાઇ વગેરે તપસ્યાઓ તેમજ દેરાસરજીમાં ચાર હજાર કોરીની ઉપજ થઇ. ત્યાંથી વિહાર કરતા કચ્છ-વાગડમાં ફતેહગઢ આવ્યા, ત્યાં ચૌદ જણે ચોથુવ્રત ઉચ્ચર્યું. તે નિમિત્તે તપસ્યા, સ્વામીવત્સલ, વગેરે ધર્મોન્નત્તિ સારી થઈ હતી. ત્યાંથી વિહાર કરી સંવત ૧૯૬૧ નું ચાતુર્માસ આડીસરમાં કર્યું. અહીયાં આઠ જણે ચોથુંવ્રત લીધું, તે સિવાય, સોળ, દશ અઠ્ઠાઈ વગેરે તપસ્યા સારી થઇ હતી. પુણ્યવંત પુરૂષો જ્યાં જાય ત્યાં ધર્મનો વિજય થાય !

શ્રીમાન્ મુનિવર જીતવિજયજી પોતાના શિષ્ય પરિવાર સાથે વિહાર કરતાં અને ભવ્ય જીવોને પ્રતિબોધ કરતાં અનેક જનો ઉપર ઉપકાર કરી ધર્મમાં આકર્ષી રહ્યા હતા. પોતે તપ, જપ વગેરે આચરી આ ભવસાગરથી પાર ઉતરતા અનેક ભવ્ય જનોને પણ વ્રત-પચ્ચખ્ખાણ રૂપ ભાથુ આપીને ધર્મરૂપી નાવમાં બેસાડી પોતાની સાથે ખેંચી જતા હતા.

આડીસરથી વિહાર કરી ગુરૂ શ્રી બીમાસર પધાર્યા, ત્યાં શાસનની ઉન્નતિ કરીને લાકડીયા ગામે પધાર્યા. સંવત ૧૯૬૨નું ચોમાસું લાકડીયા કર્યું અહીંયાં તપ, જપ, ચોથું વ્રત વગેરેથી શાસનની ઉન્નત્તિ સારી થઇ.દેશ પરદેશનો સંઘ એમને વાંદવાને આવ્યો, તેથી દેરાસરજી તેમજ

જીવદયામાં ૫ થી ૬ હજાર કોરીની ઉપજ થઇ. ચાતુર્માસ પૂર્ણ કરી ગુરૂ મહારાજ ભીમાસર પધાર્યા. ત્યાં સંઘ સમક્ષ બે જણને દીક્ષા આપવાનું નક્કી કર્યું. મુહુર્ત સંવત ૧૯૬૨ ના માગશર સુદી ૧૫ ને સોમવારનું નિરધાર્યું એ શુભ મુહુર્તે ચંદુરા કાનજી નાનચંદને દીક્ષા આપી તે કાર્તીવિજયજી થયા ને દોશી ડુંગરભાઇ કસ્તુરને દીક્ષા આપી તે હુરખવિ-જયજી થયા, વડી દીક્ષામાં કીર્ત્તિવિજયજીને બદલે કનકવિજયજી નામ રાખ્યું અને બીજું એજ નામ કાયમ રહ્યું

ત્યાંથી વિહાર કરી ચોબારી પધાર્યા, ત્યાં દેરાસરજીની પ્રતિષ્ઠા મ-હારાજ શ્રી જીતવિજયજીની સમક્ષ થઇ. ત્યાંથી વિહાર કરી મનફરા પધાર્યા, ત્યાં ઓશવાલનાં ઘણાં કુટુંબો ધર્મથી અજ્ઞાન હતાં; તેમને બોધ પમાડી ધર્મ પમાડયો તે પોતાની જન્મ ભૂમિ મુનિવર જીતવિજયજીએ પાવન કરી ત્યાંથી વિહાર કરી ગામ આબેરી પધાર્યા જ્યાં એક અજબ ચમત્કાર થયો ઝોટા ગુલાબચંદ એક શ્રાવક બંધુ કે જે બંને પગે લંગડા હોવાથી બે લાકડાની ઘોડીથી ચાલતા હતા દુઃખથી કંટાળેલા આ ભાઇએ ગુરૂ મહારાજશ્રીને પોતાની દુઃખની વાત કરતાં ગુરૂ મહારાજે પાંચ નવકારવાળી ગણવા સુચવ્યું જે પ્રેમ પૂર્વક ગણતાં લાકડાની ઘોડી નીચે પડી અને આ ભાઇ પગે ચાલતા થયા, વાંદવા આવેલા શ્રાવકો આશ્ચર્ય ચકીત થઇ ગયા. અહીંથી વિહાર કરી તેઓ અંજાર પધાર્યા. સં. ૧૯૬૩ નું ચોમાસું અંજારમાં કર્યું. અહીંના વતની વોરા હીરાચંદ પરશોત્તમે ગુરૂના ઉપદેશથી ભદ્રેસરનો સંઘ કાઢયો ને ગુરૂને પણ પધારવા વિનંતિ કરી સંઘ સાથે ભદ્રેસરની યાત્રા કરી માંડવી તાબે ગામ રાયણમાં પધાર્યા સં. ૧૯૬૪ નું ચોમાસુ રાયણ ગામે કર્યું ત્યાંથી વિહાર કરી, ગુરૂ પાછા માંડવી પધાર્યા ને ૧૯૬૫ નું ચોમાસું માંડવીમાં કર્યું એ ચોમાસામાં અનેક જણને ચોથું વ્રત ઉચ્ચરાવ્યું કાર્તક. શુદી ૫ ને દિવસે શેઠ દામજી વચ્છરાજના બેન પાર્વતીને ૧૪ મે વર્ષે હંસરાજ

ગુલાબચંદના બેન લાલુબાઇને ૧૧ મે વર્ષે ચોથું વ્રત ઉચ્ચરાવ્યું ત્યાંથી વિહાર કરી પંચ તીર્થની યાત્રા કરવા પધાર્યા. ત્યાંથી ભુજનગરમાં ૧૯૬૬ નું ચોમાસુ કર્યું ચોમાસુ ઉતર્યા બાદ વિહાર કરી પાછા ,ફરીને એકવાર મનફરા પધાર્યા. ત્યાં દેરાસરજીની પ્રતિષ્ઠા અઠ્ઠાઇઓચ્છવ વગેરે શાસનની શોભા સારી થઈ ત્યાંથી વિહાર કરી આણંદપુર (વાંઢીયા) પધારી સં. ૧૯૬૭ નું ચોમાસુ વાંઢીયામાં કર્યું અઠ્ઠાઇ મહોત્સવની ધામધુમ થતાં દેશપરદેશનો સંઘ ગુરૂને વાંદવાને આવ્યો જેથી દેરાસરજીમાં આશરે પાંચ હજાર કોરીની ઉપજ થઇ.

વાંઢીયાના મેતા હીરાચંદ દેવચંદ દેરાસરજીનો વહીવટ કરતા હતા, એ વહીવટ એમના પુર્વજોથી ચાલ્યો આવતો હતો જેથી દેવદ્રવ્યની લુજ રકમ એમની પાસે રહેલી તે ગુરૂવર્ય શ્રી જીતવિજયજીના ઉપદેશથી મેતા હીરાચંદે ૨૪૭૩ કોરી વ્યાજ સાથે સંઘ સમક્ષ ગણીઆપીને દેવદ્રવ્યથી મુક્ત થયા.

ચોમાસુ ઉતરે ગુરૂ માંડવી પધાર્યા ત્યાં શેઠ દામજીભાઇનાં માતાજી મીઠીબાઇ તથા તેમના પુત્રી પાર્વતીબાઇને મહા સુદી ૧૦ ને દિવસે દીક્ષા આપી. મીઠી બાઇ મુક્તિશ્રીજી તરીકે પ્રસિદ્ધ થયાં ને પાર્વતીબાઇ પ્રધાનશ્રીજી થયાં. એ પ્રધાનશ્રીજી વડીદીક્ષામાં ચતુરશ્રીજીથી પ્રસિદ્ધ થયાં એ સમયે ઘણા નરનારી સજ્જનોએ ચતુર્થવ્રત વીશ સ્થાનક તપ, જ્ઞાન પંચમી તપ આદિ વ્રત ઉચ્ચર્યા ત્યાંથી વિહાર કરી ગુરૂએ સં. ૧૯૬૮ નું ચોમાસુ કચ્છમાં કર્યું ત્યાંના સંઘમાં કલેશ હતો તે દુર કરીને બંધ રહેલ દેરાસરનું કામ શરૂ કરાવ્યું.

ત્યાંથી વિહાર કરી માંડવી પધાર્યા. ત્યાં નાથાભાઇ તથા લક્ષ્મીબાઇ એ ગુરૂપે ચોથું વ્રત લીધું. એ નિમિતે એમણે અઠ્ઠાઇ ઓચ્છવ તેમજ સમવસરણની રચના કરી ત્યાંથી વિહાર કરી મુનિવર જીતવિજયજીએ

સંવત ૧૯૭૬ ના જેઠ સુદી ૬ ના રોજ કચ્છ-વાગડના ફીડીઆ નગરમાં દેરાસરના પ્રતિષ્ઠા હોવાથી ત્યાંનો સંઘ એમને વિનંતિ કરવા આવ્યો. જેથી ગુરુરાજ જીતવિજયજી પરિવાર સાથે ત્યાં ગયા. શાસન ઉન્નતિ સારી થઇ. હજારો માણસ ભેગું થયેલ હોવાથી દેરાસરમાં આશરે સત્તાવીશ હજાર કોરીની ઉપજ થઇ. અઠ્ઠાઇ ઓચ્છવ, શાંતિસ્નાત્ર, સ્વામી વત્સલ વગેરે સારાં થયાં. ત્યાંના વોરા હરચંદ ડામરે ગુરૂ મહારાજ શ્રીને પોતાને ઘેર પગલાં કરાવી એક હજાર કોરી કેશરખાતામાં આપી. ત્યાંથી પલાસવે પધાર્યાં. સંવત ૧૯૭૬-૭૭-૭૮ ને ૭૯ એમ ઉપરાપર ચાર ચાતુર્માસ કરી સ્થીરવાસ કરીને રહ્યા. હવે અવસ્થા થએલ હોવાથી શરીર તદન અશક્ત હતું. છતાં પોતાની ક્રિયા-આચાર વિચારમાં શુદ્ધ હતા. સ્થાન પરાવર્ત્તન કરી નવ કલ્પી વિહાર કરતા.

એ ચાર ચાતુર્માસ દરમિયાનમાં શાસન ઉન્નત્તિનાં કાર્યો સારાં થયાં. તપસ્યાઓ સ્વામી વત્સલ પણ ઘણા થયાં સંવત ૧૯૭૭ માં ચાતુર્માસ સમયે મુનિ કલ્યાણવિજયજીએ માસક્ષમણ તેમજ બીજાઓએ પણ તપસ્યાઓ સારી કરી હતી. તેમજ પલાસવાના સંઘ તરફથી ઉપધાન થયાં અને અઠ્ઠાઇ મહોત્સવ થયો. તેમજ શ્રીભગવતીસૂત્ર વંચાયું. આ અવસરમાં ઘણાં ગામના શ્રાવકો આવેલા, તેથી શાસન શોભા સારી થઇ. વળી ફતેહગઢનો સંઘ પણ વાંદવા આવ્યો જેથી પૂજા, પ્રભાવના, રથયાત્રા, સ્વામીવત્સલ વગેરે સારાં થયાં, સંવત ૧૯૭૮ ની સાલમાં પણ એ પ્રમાણે ધામધુમ થયેલી. કચ્છભુજના ઘેલાભાઇ સંઘ લઇને વાંદવા આવેલા જેથી પૂર્વની માફક શાસનની શોભા વૃદ્ધિ પામી.

મહારાજશ્રીની હાયમની તપસ્યામાં માસી ઉપવાસ ૭, રોજનાં એકાસણાં તથા માંદગીના વખતમાં પણ છઠ્ઠ, અઠ્ઠમ, તથા પાંચ ઉપવાસ સુધી તપસ્યા કરતા હતા જેથી તેઓશ્રીને તપસ્યાના પ્રતાપથી રોગની શાંત થતી અને તેજ ઔષધ તેમણે માન્યું હતું.

આઠ મુનીરાજ છે જેમાં મુનિશ્રી હીરવિજયજી
મુક્તિવિજયજી કલ્યાણવિજયજી ખીમાવિજયજી એ પાંચ શિષ્ય પ્રશિષ્ય
વર્ગની અંતકાળસુધી હાજરી હતી. જેમણે ગુરૂમહારાજશ્રીની અનન્ય
ભક્તિ કરી હતી તેમજ સાધ્વીજી પરિવારમાં સાધ્વીશ્રી આણંદશ્રીજી
આદિ શિષ્ય પ્રશિષ્ય પરિવાર ૨૫ આશરે છે. મહારાજશ્રીના અવસાન
વખતે સાધ્વીશ્રી આણંદશ્રીજી, રત્નશ્રીજી, ચતુરશ્રીજી, લાભશ્રીજી, હરખ-
શ્રીજી, વીવેકશ્રીજી, એમ ૭ ઠાણાંની હાજરી હતી. મહારાજશ્રી આવી
ભયંકર માંદગીમાં પણ શ્રાવકસમુદાયને બોધ આપતા હતા સં. ૧૯૮૦ના
અષાડ સુધી ૧૪ સુધી તેમના નિયમ મુજબ ઉપવાસ આદિ તપસ્યા
કરતા હતા. પલાંસવાના કારભારી રામચંદ્રભાઇ મહારાજશ્રીની પાસે
અવારનવાર આવતા હતા. છેવટ અષાડ વદી ૫ ને દીવસે પલાંસવાના
જાગીરદાર વાઘેલા રાણાશ્રી મેઘરાજજીના પાટવી કુમાર શ્રી જીવણસિંહ
તથા તેમના કારભારી રામચંદ્રભાઇ મહારાજશ્રીને વાંદવા આવ્યા, તે
વખતે પણ મહારાજશ્રીએ ધાર્મીક ઉપદેશ આપ્યો હતો અષાડ વદી ૧ થી
માંદગી વધુ થયાના સમાચાર શ્રાવકોને મળતાં આસપાસના
મહારાજશ્રીને વંદન કરવા આવ્યા. આવી સ્થિતિ ાં મહારાજ
સાંભળવાની ઇચ્છા થતાં સાધુ સાધ્વી તરફ ૪૨
૧૨૫ સ્થાનીક તથા આસપાસના ગામ ૨
તરફથી ઉપવાસ ૮૦૦ પોષહ ૧૧૧ સા
એકાસણાં ૩૦૭૫ અને રૂપીયા ૫૦૦૦
હકીકત તેઓશ્રીને સંભળાવી જેની
અષાડ વદી ૬ ને દીવસે ધર્મ સાંભ

સ્વીકારી સમાધીપૂર્વક સિદ્ધ ભગવાનનું સ્મરણ કરતા આ દેહ પીંજરને છોડી શીવવધુ વરવા દેવલોક પધાર્યા. જૈનોનું આદર્શ ગયું. કચ્છ વાગડનું કોહીનુર (મુનીરત્ન) જતાં સંઘમાં ઘણીજ દીલગીરી થઇ. પણ નિરૂપાય. શ્રી સંઘે શીબિકા વીગેરેનો ઠાઠ સારી રીતે કરી મહારાજશ્રીના દેહને ચંદનથી અગ્નિ સંસ્કાર કર્યો. શ્રાવકોની મહારાજશ્રી પરત્વે અપૂર્વ ભક્તિ હતી, અને મહારાજશ્રીનો આ દેશ ઉપર અથાગ ઉપકાર હતો જેથી સંઘ તરફથી ઘણાજ ઉત્સાહપૂર્વક અઠ્ઠાઇ મહોત્સવ રથયાત્રા પૂજા વીગેરે થયાં હતાં મહારાજશ્રીના સ્વર્ગવાસના સમાચાર ફેલાતાં દેશપરદેશથી તારો તથા કાગળો સંખ્યાબંધ આવતા હતા. અમદાવાદમાં (શાહપુરમાં–લવારની પોળમાં અને વિદ્યાશાળામાં) પાટણ, રાધનપુર, માંડવી–તુંબડી, ટાણા, પલાંસવાં વીગેરે ગામોમાં અઠ્ઠાઇ મહોત્સવો થવા ઉપરાંત ઘણે સ્થળે પૂજાઓ ભણાવવામાં આવી હતી અને પાખી પાળવામાં આવી હતી.

મહારાજશ્રીના મુખ્ય શિષ્ય હીરવિજયજી મહારાજ છે. જેમની વૃદ્ધાવસ્થા હોવાથી જિતવિજયજી મહારાજશ્રીના પરિવારમાં હાલ મુખ્ય અગ્રગણ્ય મુનીરાજશ્રી પંન્યાસ કનકવિજયજી મહારાજશ્રી જેઓ હીરવિજયજી મહારાજશ્રીના શિષ્ય છે તેમનું જ્ઞાન ક્રિયા અને ચારિત્ર ઘણું ઉંચા પ્રકારનું છે. જેઓ ધર્મની પ્રગતીનાં દરેક કાર્ય કરી રહ્યા છે અને શિષ્ય પરિવારની ઐક્યતા જાળવી રહ્યા છે.



પરમપૂજ્ય તપસ્વી ગુરૂ મહારાજ શ્રીજીતવિજયજી મહારાજની

સજઝાય.

(શ્રીજીનવરને પ્રગટ થયું રે ક્ષાયિકભાવ રતન—એ દેશી)

સમતા ગુણે કરી શોભતા રે   જીતવિજયજી મહારાજ,
તેહના ગુણ ગાતાં થકાં રે   આતમ નિર્મલ થાય રે;
ભવિયણ વંદો મુનીવર એહ   જેમથાયે ભવોદધિ છેહરે
એ આંકણી. ॥૧॥

કચ્છ દેશમાં દીપતું રે   મનફરા નામે ગામ,
ભક્તિ-ભાવ વિકાસતું રે   જીહાં શાન્તિજીન ધામરે ભ૦૨

સંવત અઢાર છન્નુએ રે   ચૈત્ર ઉજવલ બીજ સાર,
માતા અવલબાઇયેં જનમીયારે   વર્ત્યો જય જયકાર રે. ભ૦૩

બાર વર્ષના તેઓ થયા રે   નેત્ર પીડા બહુ થાય,
શોળ વર્ષની વયમાં રે   દ્રવ્ય લોચન અવરાય રે. ભ૦૪

જ્ઞાન લોચન પ્રકાશથી રે   અભિગ્રહ ધરે સુજાણ,
જો નેત્ર પડલ દુરે જશે રે (તો) સંયમલેશું સુખખાણરે.ભ૦૫

દઢ અભિગ્રહ પ્રભાવથી.રે   મન વંછિત સિદ્ધ થાય,
સંવત ઓગણીસ પંદરમાં રે ચક્ષુ દર્શન શુદ્ધ થાય રે ભ૦૬

સંવત ઓગણીસ વીશમાં રે શ્રી સિદ્ધક્ષેત્ર મોઝાર,
તિર્થપતિની સમક્ષમાં રે ઉચ્ચરે ચતુર્થ વ્રત સાર રે. ભ૦૭

ચડતા સંવેગ રંગથી રે આવ્યા આડીસર ગામ,
ગુરૂ ગુણવંતા વખાણીયે રે પદ્મવિજયજી નામ રે. ભ૦૮

તેહની પાસે સંયમ લીયે રે ઓગણીસે પચીસ મોઝાર,
વૈશાખ અક્ષયત્રીજ ભલી રે શુભ મુહૂર્ત શુભવાર રે. ભ૦૯

સંયમ લઈ આનંદથી રે કરે ગુરૂ સાથ વિહાર,
વિનય કરી શુભ ભાવથી રે આગમ ભણે સુખકાર રે. ભ૦૧૦

અનુક્રમે સૂત્ર ધારતા રે મૂલ અર્થ વિસ્તાર,
એમ પીસ્તાલીસ સૂત્રના રે જાણ થયા નિરધાર રે. ભ૦૧૧

સંવત ઓગણીસ આડત્રીસે રે ગુરૂ સિધાવ્યા પરલોક,
પછી વિચરી પ્રતિબોધીયા રે અનેક દેશના લોક રે. ભ૦૧૨

કચ્છ કાઠીયાવાડ ભલો રે સોરઠ ગુજરાત સાર,
મેવાડ મારવાડ તેમ સહી રે ચરાદરી વઢીઆર રે. ભ૦૧૩

જ્ઞાન ક્રિયા ઉપદેશતા રે મધુર વચને મનોહાર.
દષ્ટાંત બહુ દર્શાવીને રે સમજાવે ધર્મ સાર રે. ભ૦૧૪

તેહ દેશના સાંભલી રે દીક્ષા કેઇ ભવ્ય લીધ,
કેઈક દેશવિરતિ ગ્રહે રે સમકિત કેઇ પ્રસિધ રે. ભ૦૧૫

નિર્મલ ભાવના ભાવતાં રે સંવેગી શિરદાર,
કામ કષાયને જીતતા રે નિર્મમ નિરહંકાર રે. ભ૦૧૬
તપસીને વ્યાધી થકી રે દુર્બલ થયું નિજ દેહ,
તો પણ દઢ શ્રદ્ધા થકી રે તપ નવી મુકે જેહ રે. ભ૦૧૭
ચોપન વર્ષ એમ ચોંપથી રે કીધો પર ઉપગાર,
અખંડ ચારિત્ર પાલીને રે સફલ કર્યો અવતાર રે. ભ૦૧૮
પંચાવનમાં વર્ષમાં રે અધિક વ્યાધિ થયો જામ
આતમબલ આગલ કરી રે ધરતા સિદ્ધનું ધ્યાન રે. ભ૦૧૯
સંવત ઓગણીસ એંશીયે રે અષાઢ કૃષ્ણ છઠ ધાર,
શુક્રવારે સિધાવીયા રે, પરલોક પલાસવા મઝાર રે. ભ૦૨૦
તેહની ભકિત પુરે ભર્યા રે હીરવિજયજી ગુણ ગેહ,
શિષ્ય કનક કહે ભવિ તુમે રે ગુરૂપદ નમો સસ્નેહ રે ભ૦૨૧

॥ સમાપ્તમ્ ॥



તપગચ્છ નભોમણિ પરમપૂજ્ય પં. મણિવિજયજીના
શિષ્યરત્ન જ્યોતિષ શિરોમણિ
પદ્મવિજયજી મહારાજની

સજ્ઝાય.

દેવ સમા ગુરૂ પદ્મવિજયજી, બહુ ગુણે કરી પુરાઃ
શુદ્ધ પ્રરૂપક સમતાધારી. કોઇ વાતે નહી અધુરા,
મુનીશ્વર લીજે વંદના હમારી, ગુરૂ દર્શન સુખકારી મુની૦
એ આંકણી ॥૧॥

સંવત અઢાર છાસઠની સાલેં, ઓસવાલ કુલે આયા,
ગામ ભરૂડીએ શુભ લગ્નેં, માતા રૂપાં બાઇએ જાયા
મુનિ૦ ॥૨॥

સતર વર્ષે રૂચિ ગુરૂ પાસે હુવા યતિ વેષધારી,
ગુરૂ વિનયે ગીતારથ થયા ચંદ્ર જેસા શીતલકારી.
મુનિ૦ ॥૩॥

સંવતઓગણીશ અગીઆરની સાલેં સંવેગ રસ ગુણ પીધા,
રૂપે રૂડા જ્ઞાને પુરા જીન શાશન ડંકા દીધો.
મુનિ૦ ॥૪॥

સંવત ઓગણીશ ચોવીસની સાલે છેદોપસ્થાપન કીધો
મહારાજ **મણિવિજયજી** નામનો વાસક્ષેપ શીર લીધો.
મુનિ૦ ॥૫॥

દિન દિન અધિકે સંવેગ રંગે કામ કષાય નિવારી
ધર્મ ઉપદેશે બહુ જીવ તારી જ્ઞાન ક્રિયા ગુણ ધારી.
મુનિ૦ ॥૬॥

સંવત ઓગણીશ આડત્રીસ વૈશાખે શુદિ અગીઆરસ રાતે.
પ્રથમ જામે પલાંસવે કાલધર્મ કીધો, **જીત** નમે નિત્ય પ્રિતે.
મુનિ૦ ॥૭॥

સમાપ્તમ્



જૈનોના મહાન્ રત્નો.

વિજય શેઠ અને વિજયા શેઠાણી.

<u>આદર્શ યુગલ.</u>

બ્રહ્મચારી જગતને ડોલાવે,
જગતમાં શીયળની ટેક,
સ્ત્રી-પુરૂષોમાં જાગે છે.
મન વચન કાયાથી
બ્રહ્મચર્ય પાળનાર પ્રજા
વિજયી-વિજયીજ રહે. (મધુવાકર)

જૈનશાસનના કર્મક્ષેત્રે કર્મના અંગારા ધગધગે છે. મનુષ્યત્વના સાર્થક માટે આત્મશુદ્ધિનો યત્ન માંડી, જીવનનાં પ્રાયશ્ચિત

સાધી, મન વચન અને કાયાના કાર્યો તપાસી જીવનના આદર્શો ઘડાયા છે. ધર્મના નામે ધીંગાણા, આત્મ કાજે ત્યાગ, મુક્તિ કાજે મહાવ્રતો અને પરસુખ માટે અપાયલા બલિદાનોનાં ભવ્ય સ્મરણાં જગત્ચક્ષુમાં વંચાઇ રહ્યાં છે. આત્મમંદિરના મધુરા રણકાર સુણી, એ અમૃતનાદને જારવા હજારો મુક્તિપિપાસુઓએ ભાગના અહાલેક જગાવ્યાં છે. કેટલાક આત્મધર્મીઓની ભાવનાસૃષ્ટિમાં, મહાત્માઓના જીવનવૃતાંતોમાં, યોગીઓના અચળ ધ્યાન સ્વરૂપમાં અને સત્ય વસ્તુની શોધમાં દુનીયાદારીનો સંબંધ તોડી વૈરાગી બનેલા અબધુતોની કથનીમાં મુક્તિના મંત્રોનો ગુંજારવ થતો સંભળાય છે. અનેક અધ્યાત્મયોગીઓ આત્મવાદી ભાવનાના શીતળ નીરથી સીંચિત થયેલી ફૂલછાબડીઓ લઇ સ્મિત કરતાં ઉભા છે. સંસારની માયાસૃષ્ટિનો ભ્રમ ખુલ્લો કરી નિશ્ચય નયનો પથ બનાવી હજારો આત્માઓ કસોટીની સરાણે ચડ્યા છે. એ જૈન ફૂલવાડીની ખુશબો ચોપાસની દૂરદૂરની દિશાઓને અજવાળતી, સુગંધોથી બ્હેકાવતી, કર્મતેજથી આંજી દેતી, સ્વાર્પણના શૌર્યથી શોભાવતી, આજસુધી પોતાનો નિર્મળ પ્રવાહ વહેવડાતી સંસારની ઉપાધીઓથી કંટાળેલા અને જીવનનો મર્મ નહિ સમજેલાને આશ્રય આપવા ખડીજ છે.

જૈનજગતનો આવો જ્યોતિર્મય ભૂતકાળ આજે શોધ્યો સાંપડવો પણ કઠીન છે. એ ભવ્ય ભૂતકાળને કાળના ગર્ભતળેથી ખોદી કાઢવો આજ દુર્લભ છે. એટલે ગતકાળ આજ તો માત્ર

કલ્પનાનાં કોઇ બનાવટી ચિત્રો સમ ભાસી રહે છે. છતાંય એ કર્મતેજનાં અજવાળા ભાવિ કાળમાં પોતાનાં અનુપમ તેજ પાથરે છે. માનવતાને દિવ્યતાગાં ઉતારવાના ભણકારા સંભળાય છે અને જીવનમાં છુપાયલી સત્ય શ્રીસ્સુરીનાં મુંગા સ્વપ્નાંઓ આવી રહે છે. આ આપણું જૈનશાશન.

માનવદેહના રોગોની ચિકિત્સા કરનારા કોઇ વિરલ ધન્વંતરી જ્યારે નાડી ઉપર હાથ મૂકીને રોગોની પરીક્ષા કરે છે. શયતાનની આસપાસ જ્યારે પોતાની ચોકી ચોવીશે કલાક ભરવી શરૂ રાખે છે; ત્યારે રોગી પોતાના ભાવિવિજ્યનાં નિશાનો ઉછાળતો "જ્ઞાન" દીપકનાં દર્શન કરે છે. આત્મસંસ્કૃતિનાં ઉંડા મૂળોમાં પ્રવેશ કરીને પ્રભુતાનો પેગામ લઇ યોગ્ય ઉપચારો પોતા અને પરકાજે આદરી બેસે છે.

વાંચક ! હવે આપણે એ યજ્ઞના બલિ તરફ જોઇએ. જૈનજગતે જાળવી રાખેલા જવાહીરોનાં તેજપુંજો છતવા આજના પંચમકાળમાં સર્વભક્ષી દાવાનળમાંયે એ આશાનું સ્થાન રોકતું પ્રકરણ ઉકેલીએ.

પતિવ્રતાના પુણ્ય સરીખી નવલ પ્રભાત, પ્રકાશના પૂર છલકાવતી આવીને ઉભી છે. પ્રભુના પૂજન કાજે અનેક આશાભરી નવયૌવનાઓ તાજાં ફૂલો વીણી લાવી થાળ ભરીને, દેવમંદિરીએ પધારે છે. ધીમી ચાલે ઠમક ઠમક

કરતી, કંઈક વાતાલાપથી આનંદમાં ઝુલતી, ચકોર ચક્ષુ ફેરવતી ટોળાબંધ ચાલી આવે છે. દેવમંદિરે આવી ભક્તિભીની આંખે પ્રભુને નમસ્કાર કરી પાછી ફરે છે.

“ બ્હેનો ! ચાલો ઉપાશ્રયમાં જઈ ગુરૂવંદન કરીયે !” એક સ્ત્રીએ સાથેના સ્ત્રીમંડળને સંબોધીને કહ્યું.

“ ચાલો ! ” કહી સૌ ઉપાશ્રયમાં આવ્યા.

“ ગુરૂદેવ! વંદના. શાતા છે જી? ” શિષ્ટાચાર મુજબ સૌએ ગુરૂજીની કુશળતાસૂચક પ્રશ્ન પૂછયો. ગુરૂજીએ હાથ લાંબો કરી હકારદર્શક પ્રત્યુતર આપી વ્યાખ્યાન વાંચવું શરૂ રાખ્યું.

“ ભવ્ય પ્રાણીઓ ! સમુદ્રમાં મેઘનાં ટીપાં ઘણાં પડે છે, પણ કાળ કાળનાં પડવાનાં ફેર છે. જે અકાળે પડે છે તેની કિંમત કાંઈજ નથી, પણ સ્વાતિ નક્ષત્રમાં એ ટીપાં છીપલીમાં પડે, તો તેમાંથી મોતી પાકે છે. નહિંતર પાણી ભેગું પાણી ! આપણો માનવ જન્મ આવોજ છે. મેઘનાં ટીપાં જેવાં આપણે વરસ્યા છીયે, પણ વરસતી વખતે કાળને ધ્યાનમાં રાખી “ પતન ” કરીયે–સમયને ઓળખી લઈએ, તો મોતી જેવાં પાકીયે, અને માનજીવનને સફળ કરીયે. આપણે સમજવું–જોઈએ કે મનુષ્ય–જીવનમાં નવનવા રંગો પુરવામાં સૌથી પ્રથમ અને આકર્ષક રંગ “ બ્રહ્મચર્ય વ્રત જ ગણાય છે. જીવનમાં સ્વસ્તિક પૂરવા અને આત્મગુફામાં ભરેલા પ્રકાશને ઓળખવા શાસ્ત્રકારોએ

" બ્રહ્મચર્યવ્રત " ને સર્વોત્કૃષ્ટ ગણેલું છે. કારણકે સંસારની આ અઘોર અટવીમાં તેનો મર્મ નહિં સમજનાર ગોથા ખાય છે. જેના ભોમીયા રૂપે " બ્રહ્મચર્ય દેવ " ની હાજરી આપણને ઉપકારક નીવડે છે. તે બ્રહ્મચર્ય વ્રતમાં એવી શક્તિ છે કે ખુદ સ્વર્ગનાં દેવતાઓ સેવક થઇને તેનું દાસત્વ સ્વીકારે છે; અને મહાન મહાન સિદ્ધિઓ અને સંપત્તિઓ એની સેવામાં હાજર થાય છે. એ એવું મહાન તપ છે–સંસારીનું કે ત્યાગીનું–જે મનુષ્યને તેમાંથી સાચો મનુષ્ય બનાવે છે. બ્રહ્મચર્યહીન પુરૂષ તે પશુસમાન છે. પશુ તો સ્વભાવે બ્રહ્મચર્યનું પાલન કરે છે. તેને સ્વાદ નથી કે ઇંદ્રિયોનો વિલાસ નથી. એટલે બ્રહ્મચર્યનું પાલન નહિ કરનાર ઘણીવાર પશુની ઉપમાથી અલંકૃત થાય છે. પણ વસ્તુતઃ એક રીતે પશુનું તેમાં અપમાન રહેલું છે. એટલે બ્રહ્મચર્ય એ માનવજાતિનો સ્વભાવ હોવો જાઇએ. બ્રહ્મચર્ય નહિ પાળનાર આત્મા મૂર્છિત છે. જાગૃત આત્મા પોતાના શરીરનો અતિશય મેલો અને દુઃસહ પરિણામ લાવનારો ઉપયોગ કદી ન કરે. તેથી એ સિદ્ધ થાય છે કે જેને આત્માની શાંતિ જોઇએ છે તેને માટે બ્રહ્મચર્ય એ શીતળ વિશ્રામ છે." ગુરૂ મહારાજની અમૃતધારા વહેતી બંધ થઇ.

વ્યાખ્યાન બંધ થતાં કોઇ જિજ્ઞાસુએ ઉભા થઇને પૂછયું –

" ગુરૂદેવ ! શું એક બ્રહ્મચારી પોતાના બ્રહ્મચર્યવ્રતને અખંડપણે જાળવી શકે. તેમાંજ તેને બધી સિદ્ધિઓ સાંપડેલી માની શકાય ? શું શાંતિદેવી તેનેજ એકલી વરતી હશે ? "

"ભવિ ! સાંભળો શાંતિનો અર્થ પહેલાં સમજવા જેવો છે. માણસ જ્યારે નિદ્રાવસ્થામાં હોય છે, તે વખતની દેખાતી બાહ્ય શાંતિ એ વસ્તુત: શાંતિ નથી. કારણકે તેના હૃદય-માં શાંતિના ઉંડાં મૂળ પેઠાં નથી; તેથી જ્યાંસુધી મનુષ્ય પોતાની આસપાસની વાસનાઓને વશ નથી કરી શકતો, ત્યાંસુધી તેને શાંતિનો અનુભવ કોઇ કાળેજ થતો નથી. આ શરીરરૂપ પૃથ્વીના પટપર વાસનાદેવીની અનેક બહુરૂપી સરિતાઓ સતત વહ્યાજ કરે છે. જેનું [illegible] નિર[illegible] આત્માને આત્મ-ધ્યાનથી ચલિત કરવા તત્પર રહે છે. ત્યારે જે માનવ આત્મા સમુદ્રસમ શાંત અને નિશ્ચલ હોય છે, તેમાં વાસનાનું વહેન મિલન થતાં તે તદ્રુપ બની જાય છે, છતાંય તે આત્મસમુદ્રની નિશ્ચલતામાં કશો ફેર પડતો નથી. [illegible] જે મનુષ્યનો આત્મા [illegible] છલકાવી નાખી આલોચાવત [illegible] જેથી સમજવું જોઇએ [illegible] કે આપણામાં ઉછળતી સર્વ મન:કામનાઓને જ્યારે આપણે આપણા આત્મામાં સમાવી દઇએ, ત્યારેજ ખરી શાંતિ મેળવી શકાય.

"પરંતુ ગુરુદેવ! આની સાથે બીજી ઇંદ્રિયોનો સંયમ રાખ-વાનું આપ કેમ નથી સૂચવતા?" તેણે બીજો પ્રશ્ન પૂછ્યો.

"હા, આ તો માનવજીવનની પરમશાંતિ અનુભવવાનું પ્રથમ પગલું છે. જેણે આ વાસના છોડી છે, તેને બીજી સર્વ ઇંદ્રિયો ઉપર વિજય મેળવવો સહેલો છે. તેથી [illegible] આ

પ્રકારની ઉદ્ભવેલી વાસના સમાવી દઇ, તેની સાથે બીજી ઇંદ્રિયોની વાસનાનું ટોળું જામે તે પહેલાં આત્મસાગરમાં મિલાવી દેવાથી આત્મા શાંતિના ખોળે બેસી શકે, ને તેમાંજ ખરૂં મનુષ્યત્વ સમાયલું છે. જે આમ નથી કરતો તે કદી આત્માની શાંતિ અનુભવી શકતો નથી. ચાહે તો તેની પાસે અઢળક લક્ષ્મી વૈભવ અને મોજશોખનાં સાધનો હોય, છતાં પણ તે તેને કોઈ પણ રીતે શાંતિ આપી ન શકે. "

"ગુરો! એ ઇંદ્રિયોને આપણે વશીભૂત શી રીતે કરી શકીએ?"

"સાંભળો! ઇંદ્રિયો એ તો પાળેલા કુતરાં જેવી ચીજ છે. તેને કાબુમાં રાખવા માટે બ્રહ્મજ્ઞાનનાં પરમાણુઓથી મનને ભરી દઇયે, તો તે ઉછાળા મારતી ઇંદ્રિઓ સંયમની લગામમાં પકડાતાં કદાપિ આત્માને થાપ ખવરાવી શકેજ નહિ. પછી ભલે તેની પાસે ગમે તેવા વિલાસ-વૈભવો ખડા કરો છતાં પેલા બ્રહ્મજ્ઞાનમાં મગ્ન બનેલું ચિત્ત તેના ઘુઘવાટ સામે છાતી ધરી વિજય મેળવે છે. આવા વિજ્યોત્સવ ઉજવવા એજ સાચા "જૈન" નામધારીનું પરમ કર્ત્તવ્ય છે. તેનું સાધન બ્રહ્મચર્ય અને દૃઢ નિશ્ચયબળ જ છે; ને તેમાંજ જગતની આલોકની અને પરલોકની સિદ્ધિઓ સંકળાએલી છે." ગુરૂમહારાજ સંપૂર્ણપણે બ્રહ્મચર્યનું મહત્વ સમજાવી ચુકયા પછી ઉપાશ્રય ખાલી થયો. આખી સભા વિખરાણી અને માત્ર ગણી ગાંઠી વ્યક્તિઓ હાજર રહી.

એવામાં એક નિર્દોષ આકુલિત, [illegible] બાલિકા [illegible] સુધી ભીની થયેલી આંખો લુંછતી ગુરુ સમક્ષ આવી ઉભી. તેણીએ મીઠા જેવા મૃદુ અવાજે ગુરુજીને પ્રાર્થના કરી. “ ગુરુજી! આપ મને એ વ્રત આપશો? ”

ગુરુજી બાલિકાની આ યાચના સાંભળી હસી પડ્યા. તેના હાસ્યમાં તે બાલિકાની યાચના માટે અજ્ઞાનતાની ગંધ હતી.

“ બાલા! તું હજી નાની [illegible] ના[illegible] શી જરૂર છે!”

“ ગુરુજી! આપની [illegible] નાની છું, પરંતુ જીવન-[illegible] [illegible] થયેલી આજની [illegible]

[illegible]

" બાળે ! આ તું શું અને ક્યાંથી બોલે છે, તેનું ભાન છે કે ? કોઇપણ વૃત્તિ જોર કરે ત્યારે દાબી દેવાથી આઘાત-પ્રત્યાઘાતના નિયમ પ્રમાણે તે વૃત્તિનું બળ ઉલટું વધતું જ જાય છે. માટે તેને કાબુમાં રાખવા માટે ધીમે ધીમે પ્રયત્ન કરવો ઉચિત ગણાય."

" ગુરુજી ! આપનું કહેવું યથાર્થ છે. પણ સંયમ કેળવી જીવન શુદ્ધિ, મન તથા તનને પુષ્ટ કરી આત્મિક જીવનનો સાક્ષાત્કાર કરાવે છે. એવું આત્મિક જીવન ગાળવા હું અધીરી બની છું. આપ જરૂર કૃપા કરશો. " બાળાએ આત્મ-નિરીક્ષણનો પાઠ ભણતાં નમ્રતાથી જણાવ્યું.

" હો ! ત્યારે મ્હારૂં કહ્યું માનશો કે ! "

" જી હા " બાળાએ આતુરતાથી ગુરૂની સામે મીટ માંડી.

" બાળે ! બ્રહ્મચર્ય એ તો કે મહાન્ વ્રત છે, છતાંય એવો મહાન્ નિયમ બાર તું નહિં ઝીલી શકે, તેથી ફક્ત એટલોજ અભિગ્રહ લે કે " કૃષ્ણપક્ષમાં મન, વચન અને કાયાથી જીવન-ભર શુદ્ધ બ્રહ્મચર્ય પાળવું. "

" ગુરૂજી ! પ્રતિજ્ઞા માન્ય છે. " કહી વંદન કરી જીવનની ધન્ય પળોમાં ઝુલતી બાલા ત્યાંથી પોતાને ઘેર હસતી હસતી ચાલી ગઈ.

આવા ભગીરથ વ્રતો જીવનભર નિભાવવાની તીવ્ર ઉત્કંઠા અને જુસ્સો એ કાંઇ સ્થૂલ શરીરના ગુણો નથી, પણ આત્માના ગુણો છે. જ્યારે જીવન જીવી બતાવવાની ' તાલાવેલી ' ' અણુઝણી '

અને ' મસ્તી ' જાગે છે, ત્યારે માનવ, માનવ મટીને દેવ બને છે, પત્થર મટીને પ્રભુ રૂપે પ્રગટે છે, અને તેવાજ સમયે માનવ-શક્તિનું રહસ્ય ઉકેલવા અને જાણવાના અભિલાષ જાગે છે.

એ બાલિકા તે કોણ હતી ? જગતના વટેમાર્ગુઓ [illegible] અ-ટ્ટહાસ્ય કરી પહાડની માફક ટટ્ટાર ઉભી રહેનાર એ પ્રતા-પશાલિની દેવપુત્રી, તે કચ્છ દેશના કોઇ શહેરમાં આવેલા ધના-વહ શેઠના મંદિરમાં સાંપડેલું રત્ન હતું. દુનીયાની લાલચો [illegible] ભક્તોમાં અગ્ર ગણાતી " ભક્ત " તરફ તિરસ્કાર ફેંક-નારી એ " વિજયા " નામની બાલિકા ! મનુષ્યને દિવાનો બના-વી મુકનારી એ " યુવતિ " ને [illegible] વિજયા [illegible] ! [illegible] જગતને [illegible] " [illegible] "ને [illegible] નારી એ [illegible] દિવસાનુદિવસ ધર્મકાર્યમાં તલ્લીન બ-નતી [illegible] અને ભક્ત [illegible] રહી હતી.

[illegible]

ઉપાશ્રયમાં ગુરૂજીએ વ્યાખ્યાન શરૂ કર્યું. વિજયકુમાર એકી ટસે સાંભળી રહ્યો.

"મહાનુભાવો ! માનવજીવનને કાંટાઓને કાંકરામાં ન વેડફી નાખતાં આદર્શ-નાના નાના આદર્શ કાર્યોથી સફળ કરો ! જીવનમાં કહેવાતી "મોજમજા" રમત ગમત ઇત્યાદિ દુનીયાદારીનાં સુખચેનો શરદ્ઋતુની સંધ્યાના રંગ જેવા અસ્થિર છે. તેનો મોહ શો ? તેથી આત્માના સનાતન સત્યને ઓળખવા મનુષ્યે પોતામાં રહેલા વિકારોને વશ ન બનતાં વિકારોને પોતાને વશ કરવા ઘટે છે. કારણ વિકારો એ દેહનો સંકેત છે. આદર્શો એ આત્માનો પેગામ છે, તો દેહ આગળ આત્માને રાજા બનાવવો હોય, આત્મબળની ખીલવણી કરવી હોય તો જીવનના મુદ્રાલેખ તરીકે પ્રથમ બ્રહ્મચર્યને સ્થાન આપવું જોઇએ. આત્મમુક્તિ એ સાધ્ય છે. સાધન બ્રહ્મચર્ય આદિ વ્રતો છે, જેમાં બ્રહ્મચર્યને સુંદર સ્થાન મળ્યું છે. જીવનવિજયની દરેક ચાવીઓ બ્રહ્મચર્યમાં સમાયેલી છે. વિષયની ઇચ્છાને સ્પર્શ ન કરવો એ કામ એક બહાદુર સેનાપતિનુંજ હોય, આવા બ્રહ્મચારીને ખુદ ઇંદ્ર પણ વંદન કરે છે. આવા ઇંદ્રપૂજિત નરદેવને મરણનો ભય નથી ને તે કદાપી પ્રભુને વિસરી શકે નહિ. તેથી પંચ મહાવ્રતોમાં આ વ્રતને શાસ્ત્રકારે મોટું ગણ્યું છે, કારણકે આ એકજ વ્રતના ભંગથી બીજા ચારે વ્રતો નકામા થઇ પડે છે. ભવ્યો ! ઉપર ઉપરની સૌંદર્યતામાં મોહાઇ હાડ અને માંસ ચુંથનારાઓ નરકગતિમાં જાય છે. કારણ તેનું પાપ અગાધ છે." વ્યાખ્યાન પુરૂં થયું. સૌ ચાલી ગયા. સિવાય વિજયકુમાર.

[illegible]નો એ વીર યુકાની " ગાંઠો " ભની ગુરૂ પાસે [illegible] એ ક્ષીરસાગર સમ ઉજ્જ્વળ [illegible] [illegible] સંગીત ભર્યું છે. જાણે ધર્મસુધાનું [illegible] [illegible] કુમાર વિનયસહિત ગુરૂ [illegible]! [illegible] ગુરૂજી ! મને બ્રહ્મચર્ય વ્રતની [illegible]

[illegible]

" [illegible] ? " ગુરૂએ [illegible]

[illegible] બ્રહ્મચર્ય પાળવા ચાહું [illegible] વૃત્તિ સમાયેલી હતી [illegible] એ વખતે ગુરૂજીએ [illegible] આ કુમારનું [illegible]

[illegible]

ચ્છું છું કે આપના દીધેલાં વ્રતો મન, વચન અને કાયાથી અ-ખંડિતે પાળીશ."

"ભવિ! તારે માટે મને જરાય શંકા નથી, હું તો તારી દિવ્યતાના ગર્ભમાં પેગનો હતો જોઉં! કેટલા દિવસનું વ્રત લેવું છે?' સાધુએ પૂછ્યું.

"પૂજ્ય! જીવનભર અજવાળીયા-શુક્લ પક્ષ દરમ્યાન અખંડ બ્રહ્મચર્ય વ્રત પાળીશ."

"વિચાર બરાબર કર્યો છે કે?" "હા હા" શબ્દ સંભળાયો.

"ત્યારે લ્યો બાપા" સાધુના કહેવાથી તુરતજ બે હાથ જોડી વિજયકુમારે બાલ્યાવસ્થામાં પ્રતિજ્ઞા લીધી.

"ગુરુવર! આપે તો આજે મ્હારા જીવનમાં રત્નજ્યોતિ જગવી મને ઉપકૃત કર્યો."

"અહો! બાલક! એમાં આભાર શાનો? એ તો અમારૂં નિત્યકર્મ છે. પરસ્પર ધર્મ બજાવવો એમાંજ આત્મકલ્યાણ છે."

બાળકની આંખમાં આભારસૂચક ચિન્હો દેખાયાં. થોડી વારે સાધુની દૃષ્ટિમાં અમૃત વેરતાં નમન કરીને તે પોતાને ઘેર પાછો ફર્યો.

હજુ તેની ઉમ્મર બારેક વર્ષની હતી. બાલકુસુમ હોવા છતાંય વૃદ્ધજનોનું ગાંભીર્ય તેનાં મુખપર છવાઈ રહેતું. આટલી

નાની વયે બાલ્યાવસ્થાની સંધ્યાએ એ માનવહંસ બ્રહ્મચર્યના ભગીરથ વ્રત લઇ ઘેર આવતાંજ પિતાજીએ તેના વેવીશાળની વાત છેડી.

“ પુત્ર ! આજે આ નગરમાં રહેતા ધનાવહ શેઠના ઘેરથી તેની બાળા માટેનું કહેણ આવ્યું છે. શી મરજી છે ? ”

ડીઓ સાથે તેની પાસે અશ્રુસારતી દીનવદને આવી મૌન ઉભી રહી. દશ પંદર મીનીટ સૌ સામસામું જોઇ રહ્યું. આખરે માતાએ પોતાની પુત્રીને સાસરે વળાવતી વખતે શીખામણ આપવી શરૂ કરી.

" બ્હેન વિજ્યા ! આજથી તું અમારી મટી તારા સાસુ સસરાની બની છે. અમે હવે તારા જુના માબાપો તરીકે ગણાઇશું. તારા હવે પછીના જીવનનાં ખરા માબાપ તારા સાસુ-સસરાજ ગણાશે. તું તેની પ્રેમભરી ભક્તિ કરતાં કોઇ રીતે ઓછું આવવા ન દઇશ. પિયરમાં તો અમે તને લાડમાં ને લાડમાં કાંઈ ન કહી શકીયે, પણ ત્યાં તો સમજપૂર્વક અને સ્નેહથી સૌ કોઇને પોતાના ગણી પૂજજે. કોઇને કડવું વેણ સરખું ન કહીશ બાપુ!" (રડી પડે છે. ત્યાં પુત્રી હિંમતભેર કરૂણ સ્વરે જણાવે છે.)

" માતાજી ! રડો ના ! મ્હારી ફિકર જરાય ન કરશો. મ્હારા કુળ, માતપિતા અને સગાઓની આબરૂ હું પૂર્ણપણે જાળવીશ. "

" પણ બ્હેન ! (રડતાં રડતાં સાહેલીઓ વળગી પડે છે.) તું તો અમને રડાવે છે. આપણો સ્નેહ વિયોગદશામાં ભૂલી જવાશે ? "

" બ્હેનો ! સૌ કોઇને માટે " વિયોગદશા " નિર્ણીત છે. આજ હું જાઉં છું. તો કાલે તમે પણ બ્હેનો ! હું આપને નહિં

૨

વિસરૂં હો ! માતપિતાને આશ્વાસન આપજો" કહી વિજ્યાની આંખમાંથી આંસુ ટપક્યાં.

"બ્હેન ! જરા સંભાળી લે, તારે આજથી અણુખેડી સૃષ્ટિમાં પ્રવેશ કરવાનું છે. અજાણ્યા માર્ગોની મુસાફર બનવાનું છે, અપરિચિત હૃદયો સાથે સંબંધો જોડવાના છે અને ટુંકમાં એટલુંજ કે તારે સૌ કોઈને રીઝવવા પડશે, ત્યારે નિર્બળ થઈ મુંજાઇશ ના રડીશ ના, હતાશ બનીશ નહિં. આવી પડતી ઉ-પાધિઓને "સુખ" માની સરલ બનાવજે. દુઃખી થજે પણ તારા કાજે સાસરીયાની કોઇ પણ વ્યક્તિને લેશમાત્ર દુઃખ ન થવા દઈશ. બ્હેન ! જો મારી કુખને અજવાળવા ચાહતી હો, તો માતાની આ છેલ્લી શીખ સમજી જઇને સંસારને અજવાળજે! આજે હું તારા વિયોગથી રડું છું, ત્યારે તારા દિલમાં વધુ રડવું છુટે છે, પરંતુ જો મને એ વિયોગાવસ્થામાં પણ હસાવવી હોય, તો પતિ, સાસુ સસરા અને ગૃહજનોની સેવાભકિત વિનય, નમ્રતા, મૃદુતા અને કૌશલ્યથી સૌનો પ્રેમ જીતી લેજે." કહી માતાએ તેનાં અંગે ચોટીને પ્રેમભર્યું આલિંગન કર્યું. બાળા માતાના શબ્દો ગોખતી તેની સાસું જોઇ રહી. બન્ને મુંગાં હૃદયો એક બીજાની ઇચ્છાઓ ભીંજાતા હૃદયે સમજી ગયા.

ખરેખર ! માતાનો પ્રેમ કોઇ અલૌકિક છે. ભલે મનુષ્ય-જાતને "પુત્ર" પ્રાપ્તિની મીઠી લ્હાણુ હોય, છતાંય માતાને મન તો છેલ્લી આશા એક દીકરીજ છે, એવી સરલ મનોવૃત્તિ, સ્નેહ, અને આર્દ્રતા વિશ્વનાં કોઇ પટમાંથી શોધી સાંપડતેમ નથી. માતાના જેવી નિઃસ્વાર્થવૃત્તિ, સ્નેહ અને પુત્રી કાજે

સ્વાર્થત્યાગ જગતમાં જડવો મુશ્કેલ છે. ભલે પુત્ર કે પુત્રી માતા પિતાને ભૂલે. છતાં એ માતા દ્વારકે વર્ષો પછી એજ પુત્ર પુત્રીને પુનઃ મગનાં ગાંઠી પેલી બની જાય. એવી એક પાવન પવિત્ર માતા, વિજયાને શિખામણ આપી શાહેલીઓ સહ પાછી ફરી.

વરકન્યા માંડવેથી સર્વ ક્રિયા પૂરી થતાં શીખ લઈને સંસારના ચોકે કુંકુમ સ્વસ્તિક પુરતા સ્વગૃહે પધાર્યા. વૃદ્ધજનો સાસુસસરા, નણંદી આદિની શીતળ છાંયડી નીચે—એ પ્રેમભર્યા પરિવારમાં આવી તેઓ વસ્યા છે. સૌની સાથે હૃદયના તાર મેળવી પરસ્પર આનંદની સરિતાઓ વહેવડાવે છે. "વહુ" શબ્દ સાંભળતાં નવવધૂનાં ગાત્રમાં કોઇ અનેરો ચેતનનો ચમકાર થાય, હર્ષથી અંતરના હોજ ભરાય, અને માતા પિતાનો વિયોગ માત્ર વાત્સલ્યભર્યા એ "વહુ" શબ્દ સાંભળતાં ભૂલાય! બાપુડા, બાંધવો, બ્હેનો, માતા પિતા અને સખીઓ "બ્હેન બ્હેન" કહેતાં ગળાં સુકવતાં એ બધાંયના બદલામાં "વહુ-ભાભી" આદિ પ્રેમગર્ભમાંથી જન્મેલા શબ્દોજ બહુ હતા.

વિજયકુમારની ભવયાત્રાની જીવનસખી, ધ્રુવ સમ અડોલ અને પૃથ્વી સમા પુનિત આર્યલગ્નની સુવર્ણગ્રંથિથી ગંઠાઇ દાંપત્યધર્મના લ્હાવા લેવા પતિદેવની અટારીએ આવીને હાસ્ય વેરતી ઉભી છે. જીવનની નવનવી સંકલનાઓ રચવાને અને નવપલ્લવતા ખીલવવાને પૂર્ણિમાના ચંદ્રની માફક પ્રકાશતી સુધાની વૃષ્ટિ કરતી નણંદી અને સાસુ, ભોજાઇ અને જેઠાણી

આદિની ગોદમાં લાડ કરતી એ ગુણિયલ ગૃહદેવી આનંદનો પરિમલ પ્રસરાવે છે. પિતાની એ ગુણિયલ પુત્રી, માતાની પવિત્ર કુખની મીઠી વેલ, સાહેલીઓની સમોવડી અને પિયરનું ઝળહળતું જીવન પ્રતિબિંબ સમ આજે સાસરવાસમાં ચંદનની લતા બની વિધવિધ પ્રકારે સાસરીયાને મ્હેકાવી રહી છે. કવિઓ કહે છે તેમ આજે તેણીએ પ્રભુતામાં પગલાં માંડ્યાં છે. એટલે કે નવીન સંસારના નવા જીવનને માતા પિતા—સાસુ સસરાના અને સ્વામીનાથનાં સુખ દુઃખની ભાગીદાર અને સંયમનો મંત્ર શીખવાને વિદ્યાર્થી તરીકે પોતાની ઉમેદવારી જાહેર કરી છે. ઔદાર્ય અને સહનશીલ વૃત્તિનાં કઠણુ કષ્ટો ધારણુ કરવાને પીઠ ખુલ્લી મૂકી છે.

પહેલોજ દિવસ ! નવા જીવનનું પ્રથમ પ્રભાત આવાં મંગળમય કિરણોથી શોભી રહ્યું છે, ઘરમાં નવું માણુસ આવે ત્યારે બાળમંડળ તેની સામે જોયા કરે, કૌતુકભરી દૃષ્ટિએ વિમળ વિનોદ ખેલે, નાની નણુદી “ભાભી કહેતાં ઘેલી થાય, દીયરડો “ભાઇની વહુ તે” “ભાભી થાય” બોલી નાચતો કુદતો “મજા” લુંટે, ત્યારે નવવધૂ શરદના સરોવરીયા સમા ધીર ગંભીર સ્વભાવે' જરાક હસે ! સ્મિત કરી દીયર—નણુંદના માથા પર હાથ ફેરવી “બઇજી ! ...... બા તો બહુ ગમ્મતી લાગે છે. ...... ભાઇ તો બહુ મજા કરે છે” જેથી રાવ ખાય ! ત્યારે “સાસુજી” વહુની અપૂર્વ ગૌરવતા જોઇ સ્તંભી જાય, આમ એ ગૃહદેવી–નવવધૂ નાનાંને વાત્સલ્યભાવથી નિવાજે, મોટેરાને

મર્યાદાથી સંતોષે, અને સમોવડીયાને સ્વાર્થત્યાગથી ખુશ રાખે ! આ તે કોઇ સંસારીની કે ઉપવનની પરિવ્રાજિકા કહો ?

આટલી બાલિશવયે તેણીમાં વિરાજતી પ્રૌઢતા, ભાવભર્યા હૃદયની સંસ્કારિતા, હૃદયની ઉજ્જવળતા અને છવનનાં અંગો-અંગમાંથી પ્રેમ સૌંદર્યની ઝરતી ઝરણાઓ સાસુજીને આશ્ચર્યમાં ગરકાવ કરતી, સસરાના હૃદયમાં નવીન ઉર્મીથી સ્ફુરાવતી, સ્વર્ગની કુંજો સમ રસના ફુવારા ઉછાળતી, અમૃતનાં નીર સીંચતી સાસરીયાની દરેક વ્યક્તિમાં આશા-વહુ તરફની અમર આશાની મૂર્તિઓ રચવા લાગી.

માતાપિતાનાં મધુરાં સ્વપ્નાં છોડી આજ એ :નવવધુ-સુંદરી પ્રેમનો પ્રથમ પાઠ શીખવા. આત્મીય ભાવ અનુભવવા, સ્નેહગંગા રેલાવવા અને હૃદયના તત્વને સત્ય તત્વમાં મેળવવા ચાલી આવી છે. નવા વસ્ત્રોથી પોતાનું કોમળ અંગ ઢાંકતી. લજ્જામાં ને લજ્જામાં પહેલો દિવસ નિર્ગમન કરે :છે. આસપાસ તરૂણ બાળકો અને બાલિકાઓ ' અજાણ્યા ' માણસ સામે જોઇને હસતા ચોપાસ ફરી વળ્યા છે, ત્યારે તેણી પ્રેમભીની હુંયાની કટોરીઓમાંથી એકેક ઘુંટડો બાળકોને પાઇને :રીઝવતી. સ્રીધર્મના ઉન્નત આદર્શ શીખીને તેણે નવા ગૃહમાં સંચાર કરતાંની સાથે જ નવી આશાઓ સ્ફૂરાવી. સાસુજી અને અન્ય સાસરીયાનાં સગાંઓને સંતોષ પમાડી ચુકી છે, એટલે કે " આવતી વહુ અને બેસતો રાજા " ની કિંવદંતી સાચી પડી છે.

બપોર પડી, સંધ્યા થઈ, ત્યાં તો અનેક અવનવા બૈરાંઓએ નવવધૂની મૂલાકાત લીધી. "વહુ તો બહુ સારી મળી." કોઇ "બાઇ, તું તો ભાગ્યશાળી" કહી સાસુજીને સંબોધતા આવતાં અને જતાં. ત્યારે સાસુજી "બાપુ ! તમારા પુણ્ય પ્રતાપે છે ને ?" કહીને જવાબ વાળતી. આમ બાર કલાકના ગૃહવાસમાં તેણીએ હૃદયના વિધ વિધ નવરંગો સાસરીયાના ઉંમરે પૂરી પોતાના દૈવી જીવનનો સુવાસ પ્રસરાવ્યો. ધન્ય ગૃહદેવી !

વસંત પુષ્પરૂપે પ્રગટે ને પ્રફુલ્લે તે પૂર્વે જેમ મધુમાસ રસપ્રમત્ત પરિમલ આસ્વાદે, તેમ આ નવવધૂનો સ્નેહ સમાગમ જાણે કેટલાય વર્ષોથી સેવાયો હોય તેવા રસાસ્વાદથી લચી પચી ગયો હતો. ઇશ્વરી શાંતિ અને આત્મસૌંદર્યનો પ્રકાશ ફેંકતી ગૃહરાજ્ઞી આટલા ટુંક સમયમાં શ્વસુર ગૃહમાં સૌનાં હૃદયે સિંહાસન લગાવીને ચડી બેઠી. કારણ કે તેના અંતરની ઉંડી ગુહાઓમાં સાસરો તે નવલ જીવનનો પિતા, સાસુ તે માતાજી, પતિદેવ એટલે પ્રભુ, નણંદ એટલે પ્રિય ભગિની અને દીયર એટલે સહોદર-બંધુ જેવા પવિત્ર ભાવના ઉછાળા મારી રહી હતી. પૃથ્વી ને પૃથ્વી પાર દેખાતા પુરૂષો અને સ્ત્રીઓ પ્રતિ ભ્રાતૃ-માતૃ પ્રેમની દ્રષ્ટિથી અમીભર્યાં નયનો ઠેરવતી નવી નવી મૈત્રીભાવના બાંધવા લાગી. રાત્રિના આઠ-સાડા આઠ વાગતાં સાસુ સસરાને પ્રણામ કરી જીવન કલ્યાણ સરિતાના આરે-પ્રિયતમ પ્રભુના દર્શન માટે અધીરી બનેલી બાળા કોઇ અગમ્ય ભાવનામય વિચાર કલિકામાં ગુંચાવા લાગી.

" બાપુ ! વહુજી ! સુવાનો વખત થઇ ગયો છે. જરા સૂઇ જાવ " સાસુજીએ વહુને મિઠાશ ભાષામાં સંબોધીને કહ્યું.

" માતાજી ! આપના સૂઇ ગયા પછી જ હું સૂઇ શકું. ત્યો તમે થાકી ગયા હશો. " કહી સાસુજીના પગ આનંદથી દાબવા લાગી. પગ દાબતાં દાબતાં ઉભરાઇ જતી ભક્તિ તેના તેજસ્વી નયનોમાં તરવરી રહી. સાસુજી ઉંઘમાં આવતાંબીજું કામકાજ પરવારી તેણી પોતાના શયનગૃહમાં સાસુજીને મૌનપણે પગે લાગી ગરવી ચાલે ચાલી ગઇ. જતાં જતાં આખરે સાસુજી તરફ પુનઃ સ્નેહભીની આંખો દાબી રહી. તે વખતનું સૌંદર્ય કોઇ આંખને આંજી નાખનાર ભભક ચમ નહિ પણ આત્માને ઉન્નત કરનાર લાવણ્યની સ્વામિની હોવાનું સૂચવી રહ્યું હતું.

આ નવવધૂમાં જુવાનીની સુરખી અને પૂર્ણ ચંદ્રની ધવલ તેજસ્વિતા એ બેનો યોગ અલૌકિક હતો. આવા જીવનના હિંડોળે આજે તેને પોતાના પતિદેવને હિંચકાવવાનું નિમાયું હતું.

કુદરતની સર્વોત્તમ કૃતિ તે મનુષ્ય. અને તે ઉત્તમોત્તમ કૃતિના અંગો તરીકે વહેંચાયેલા પુરૂષ અને સ્ત્રી ! બાહોશ કથાકારે પોતાની કસાયેલી પીંછીથી ચિત્રો રંગ્યા. પણ જો તે બન્ને અંગનું મિલન, સૌમ્ય સ્વરૂપ ન લે તો કૃતિ બેઢંગી લાગે અને કથાકાર લજવાય.

લગ્ન મહોત્સવનાં સોનેરી આંદોલનો આ નવયુગના આંગણીએ પ્રસરી રહ્યાં છે. સૂર્યદેવના સામ્રાજ્યમાં વ્યાપેલા

—

દેખાયું ! તેને જોતાં તે ચમકી અને અભિલાષ પુરો થયો. માની આનંદમાં ઝુલવા લાગી. તેની કાયામાં પ્રાણ સંચરવા લાગ્યા. મુદ્રામાં નવચેતન સ્ફુરવા લાગ્યું. તેનાં નયનોમાં અધીરાઇ છલકાઇ ! અને આસપાસના વાતાવરણમાં કાંઇક અપરિમિત મીઠાશ જામી.

સૂર્યદેવના ઉદયથી કમળની પાંખડીઓ ખુલે તેમ તેના બીડેલા, હૃદયમાં જાગૃતિનો ફફડાટ જાગ્યો. એ પુનિત પગલાં ! પતિદેવનાં પવિત્ર પગલાં સામે વાંકી નજરે જોતી રહી. સ્વામીનાથનું પહેલું મિલન ! અહા ! એ સ્વપ્નામાં અણકલ્પેલી ઝબક તરી આવે છે. સંસારના દૈવી લ્હાવાઓનું જીવંત સ્વરૂપ ખડું થાય છે. આવનાર વ્યક્તિનો વેગ જરા ધીમો પડતાં કોઇ ગજેંદ્રની સ્પર્ધા કરતો ડગ ધરતો ચાલ્યો આવે છે. સામે આવનાર તે કોણ હશે ? તેના વિશાળ ભાલની સ્ફટિકશી નિર્મળતા, મોટી તેજસ્વી આંખોમાંથી ઝરતી મધુરતા ગમે તેવાને દૃષ્ટિ કરવા લોભાવે તેવી સ્નેહભરી મોહકતા ! શો ગંભીર સંગમ ! અધઉઘડયા નેત્રોથીજ ઝીણી ઝીણી નજરે તપાસતી, આનંદને ઉત્સાહ દાખવતી, પતિનાં દર્શનથી અધીરી બનતી આશાભરી નવવધૂ પાલવ સંકેરે છે ! મીઠી વિહ્વળતા આસપાસ ફરી વળી છે.

લગ્નની જવાબદારી સમજી માતાપિતા આદિ વૃદ્ધ જનોને વંદન કરી આશીર્વાદની પુષ્પાંજલિ લઇ દુનીયાદારીની ભાષામાં " ગોલ્ડન નાઇટ " ના આંગણે પનોતા પગ માંડવા આવતો એક ઉમેદવાર મીઠો વિજયકુમાર સહચરીના દર્શને હોંસભેર ચાલ્યો

આવે છે. તેની ભવ્ય ચાલમાં વિકારોને બદલે આત્માનું ગુંજન થતું દેખાય છે, જીવનને વિકારોના ઝાંખરામાં ફેંકી દેવા કરતાં પુષ્પમાં પોઢાડવાના અભિલાષ જાગ્યા છે. આદર્શનાફૂલડાં વેરતો પ્રતિજ્ઞાના પાણી તપાસતો ચાલ્યો આવે છે !

" આ મેમાન સાથે–અપરિચિત લલના સાથે વાત કેમ થશે ! " વિચારતો સ્હેજ સંકોચાતો ધીમેથી દિવાનખાનામાં પેઠો ! જરા શાંત સ્મિત કર્યું, બાળા લજવાણી ! એ રસિકા–નવવધૂની કીકીમાં અવનવા રંગો ઉતરવા લાગ્યા. એક બીજાનાં નયનો અંજાયા અને શરમથી ભીંજાયાં ! નિર્મળ પ્રેમના ફુવારા ઉડવા લાગ્યા, બંનેના જીવનની પાંખડીએ પાંખડીએ અમૃત ભર્યા છે. કોણ વેરે ! કોણ ઝીલે ! શબ્દો સંભારે છે, પણ ગુંચાય છે.

દિવાનખાનામાં અપૂર્વ શાંતિ હતી. અરસપરસના મૌને ચોમેર સુરમ્ય વાતાવરણ બનાવી દીધું છે. જીવન સહચારિણીના ઓષ્ઠ અને પતિદેવનાં ભાવનાભર્યા નયનોના સંગમનો સમય વધુ વખત મૌન રહેવા ના પાડતા હતા. આખરે વિજયકુમાર તેણીની પાસે જઈ ઉભા. જરા શરમાયા. હિંમત કરી બોલવું શરૂ કર્યું; ત્યાં સુંદરી મસનદપરથી વિનય સહિત નીચે ઉતરી પડી " દેવી ! મનમાં શાને ? વસંતના પ્રભાતે આમ મૌન કેમ સાધ્યું છે ? "

વિજયા શરમની મારી કાંઈ પણ શબ્દ બોલી શકી નહિં. !

એ સુંદર રજનીની શાંતિભરી મધરાતે—કુદરતની આ વિરાટ શાંતિના ગંભીર સમયે જગત આખું તેને મન હિંડોળે ચડેલું ભાસવા લાગ્યું.

. જગતની જડશાંતિમાં તેણી સંચાર મંદિરનાં પગથીયાં રચવા લાગી. વિશ્વને મોહ પમાડે તેવું તેનું આત્મસૌંદર્ય—અપૂર્વ વ્યક્તિત્વ ચોમેર પ્રસરી રહ્યું હતું. ઉલ્લાસભર્યા મ્હોંરે બોલવા જાય છે, પણ પાછી શરમાય છે; છતાંય હૃદય દબાવીને પ્રેમસાગરના કાંઠે સહચારનો પુલ બાંધવા પુનઃ ઉત્સુક બને છે. જેમ ચંદ્ર વાદળ ચીરીને ડોકીયું કરે, તેમ મધુ સ્મિત કરતી ધીમેથી બોલવા લાગી,

" પ્રભુ આપ કુશળ છોને ?......આપના એ જવાબમાંજ મ્હારા જીવનની મઝા સમાયેલી છે. " આમ કહેતાં વિજયાની આંખો ગમ્મતમાં નાચી રહી. મુખપર આકર્ષણતા ને આલ્હાદ પ્રસરી રહ્યાં.

" વારૂ ! આ નૂતન ગૃહમાં શાંતિ તો છે ને ? "

" શાંતિ ! શાંતિ ! અહો ! સાચા પ્રણયીને " શાંતિ " ના પ્રશ્ન શા ? " વિજયાના શબ્દ પાછળ પૃથ્વીનું હૃદય આનંદના ધબકારા ઝીલી રહેલું જણાવા લાગ્યું, તેણીના મુખમંડળ પર નરી પવિત્રતા, કોમળતા ને નિર્દોષતા પથરાઇ ગઇ.

" દેવી ! તમને ખબર તો હશે કે જગતના ચોપડે આપણો સહચાર આજથી નોંધાય છે. સંકટો ને આફતો સામે આપણે સાથે ઝુઝવાનું છે. જીંદગીનો આનંદ સાથે જ લુંટવાનો છે.

વિકાસ અને વિનાશની પથારીમાં સાથે જ પોઢવાનું છે. સમજ્યા કે ? ”

“ પ્રાણ ! એમાં સમજવાનું શું ? એ તો ‘ સહચાર ’ ધર્મ જ સમજાવશે ! ” પ્રેમભીના હૃદયે બોલતાં ખડખડ હસી પડી. “ દેવ ! જ્યાં અન્યોઅન્ય પ્રેમ–વિશુદ્ધ પ્રેમ હોય, જ્યાં એક બીજા માટે અનંત રસના ઝરાંઓ વહેતાં હોય, અને જ્યાં એકમેકના નિર્દોષ સમાગમમાં રહેતાં જીવનમાંથી અમી ઉભરાતા હોય, ત્યાં એકના સંકટે બીજો પથારીમાં સૂઇ રહે એ બનવું અસંભવિત છે. આપના સુખે સુખી, દુ:ખે દુ:ખી. ગૌરવમાં ગૌરવ અને વિનાશમાં મ્હારૂં પ્રથમ વિનાશ હો ! ”

“ શાબાશ ! તમે તો ઠીક પુરાણ ગાયું ! ” [illegible] સંતોષ દશાવતાં તેણીનાં ખભા પર હાથ થાબડ્યો.

‘ હા, હા દેવ ! [illegible] ..’ બોલતાં અચકાઇ. પતિદેવ સાથે બોલતા શરમાતું [illegible] ક્રમે ક્રમે વિકસિત થતાં નવનવી ઊર્મિઓ [illegible] !

“ શું વળી ખુબ કર્યું ! [illegible] ! ” હાથ હલાવતાં કુમારે પૂછ્યું.

“ આપે મને “ દેવી ” કહીને બોલાવી ખરૂં ને ? ”

“ શું ખોટું ? ”

“ એ દેવી કરતાં “ દાસી ” [illegible] પ્રભાવ શાળી કપોળ પર લઘુતાની રેખાઓ [illegible] પુરુષને

અને પોકલ હથીયારો કામ ન લાગે. ત્યાં તો વજ્રના પ્રહારથ પણ ભૂક્કા ન બને તેમ મજબુત ઓજારો આત્મસાધનાની લગ નીમાં લગાડવાં ઘટે ”

“ દેવ ! એ સાધનો ક્યાં ક્યાં ? ”

“ધીરી! જરા ધીરી! અધીરા કાં બનો.? સાંભળો એજ કહું છું. આત્મસાધનાની લગનીવાળું જીવન એટલે ઉચ્ચતમ જીવન જીવવાનો તનમનાટ એ ઉચ્ચતમ જીવન ગાળવા માટે આપણામાં રહેલા સર્વ પ્રકારના વિકારો, વાસનાઓ અને ભોગલાલસાઓ કાબુમાં લઇ લેવા જોઇએ. જુઓ! આ વસ્તુની ઓળખ. એજ સાચું જીવન અને સાચું જ્ઞાન. આવા જ્ઞાનના માર્ગે વહન કરવા માટે આપણે સમજવું જોઇએ કે ઈંદ્રિયોના વિષયોમાં તલ્લીન રહેવાથી જ્ઞાનના પ્રકાશ સામે મહાન દિવાલ આપોઆપ ખડી થાય છે. કેમ એ તો તમે માનતા હશો ? ”

“ જી ! સત્ય વસ્તુ સામે શું બોલાય ? માનવું ન માનવું એ પ્રત્યેક જીવનના પડદાનો આછો પડછાયો છે પણ વસ્તુસ્થિતિ જ્યાં સાચીજ છે, ત્યાં વિવાદ શો ? “વિજયાયે ઘેરાતી આંખોએ સહાનુભૂતિ આપી.

“ હું કાંઝો આવે છે, પણ આ પ્રથમ મંગળ દિવસના આંગણે એ ન ચાલે. આતો નાનીશી આપણી આત્મગોષ્ટીઓ આપણે કરી લઇએ. જુઓ ! સાંભળો, આપણા આ માનવજીવનનું ઉંચામાં ઉંચું ધ્યેય તે બ્રહ્મ છે. બ્રહ્મને પ્રાપ્ત કરવું એ દરેક ધર્મ અને શાસ્ત્રોનું અંતિમ ધ્યેય છે, પરંતુ બાહ્ય વસ્તુના

સંસર્ગથી ઉત્પન્ન થતા વિકારોને તૃપ્ત કરવાનું પ્રોત્સાહન મળતાં એ પ્રશ્નનું સિંહાસન ડગમગવા લાગે છે. તેનાપર બેસવાનો આ-પણો અધીકાર રહેતો નથી. આથી આપણા વ્યક્તિત્વને વિશુદ્ધ પવિત્ર સંયમી અને સ્વાર્પણ ભાવનાવાળું બનાવવાની અભી-લાષા. એક દિવસ મેં જાગતાં એક વ્રત લેવા પ્રતિજ્ઞા લીધી.

" દેવ ! કયું વ્રત આપે લીધું છે ? આપની એ પ્રતિજ્ઞા શી છે ? " વિજયાયે આતુરતાથી પૂછયું.

"દેવી ! શુકલ પક્ષમાં મન વચન અને કાયાથી શુદ્ધ બ્રહ્મ-ચર્ય પાળવાની મેં પ્રતિજ્ઞા લીધી છે. તો એને વ્યતીત થવાને પાંચ દિવસનીજ વાર છે. આવા વ્રતોથી જીવન વિગ્રહમાં ઉછ-ળતા અધમ તત્વોનો નાશ થતાં આત્મિક સ્વરાજ્ય ભોગવીએ એમ મ્હારૂં માનવું છે." વિજયકુમાર વાકય પુરૂં કરી પોતાની પ્રિયાની સન્મુખ જોઈ રહ્યો. તેણે ધારેલા ફેરફારો વિજયાના મુખપર ન થતાં ઉલટી દિશામાં નવા ચિન્હો દેખાયાં. કારણ કે આ દંપતી તે આદર્શ યુગલ હતું. તેણીએ પણ તેવાજ પ્રકારની પ્રતિજ્ઞા લીધેલી હોવાથી કંઈક સંમત થતાં બોલી.

" આપના આરંભેલા આત્મયુદ્ધમાં મ્હારો સહચાર સ્વા-મીની સાથેજ હોય. દેવ ! હું પણ એમાં મ્હારો ફાળો આપું છુ. " ગોળ ગોળ વાત કરી.

" દેવી ! એ સહચાર શો ? ને ફાળો ક્યા પ્રકારનો ? એ હું ન સમજ્યો. આ બુદ્ધિવાદ શો ચલાવ્યો ! "

" બુદ્ધિવાદ શાનો ? એ તો સમજાય તેવી બીના છે
દેવીએ નિર્દોષતાથી સૂચવ્યું.

" ન સમજ્યો ! દેવી ન સમજ્યો, આજ સુધી હું સ
જતો હતો કે સ્ત્રીઓ બુદ્ધિબળમાં પુરૂષોથી ઉતરતી હોય
પુરૂષોથી તેમની ચાતુરી હલકી હોય છે. પણ આજે મને દેખ
છે કે એ વાત પુરૂષોએ કેવળ પોતાની કલ્પનાથી રચેલી છે.
પોતે ઘડેલા તંત્રમાં સ્ત્રીઓને પોતાના વિચારો દાખવવાનો મા
ન રહેવા દઇ, એજ તંત્રને પુરાવારૂપ માની–મનાવી સ્ત્રી જાતિ
સામે પ્રપંચી જાળ પાથરી છે. દેવી ! સ્પષ્ટ સમજાવો કે શું એ
સહચાર અને એ ફાળો ? " કુમારે આશ્ચર્યભર્યા સંકેતે પૂછ્યું.

" પ્રભુ ! આપની ઉચ્ચભાવગામી પ્રતિજ્ઞાને એક બાજુ
તરફથી જોતાં પ્રેરક અને બીજી બાજુ વિનાશક એમ બે તત્ત્વો
[illegible] પ્રતિજ્ઞાના ભર્યા છે ..."

" શી પ્રતિજ્ઞા ?" પૂછતાં પૂછતાં કુમારની આંખોમાં અધી-
[illegible]

[illegible] પ્રતિજ્ઞા છે. તો મ્હારે જીવ-
[illegible] પ્રતિજ્ઞા છે !" વિજયાએ
[illegible]

" [illegible] સત્ય કહો છો ?" કુમારે
[illegible]

[illegible] સત્ય અને જીદનો
[illegible] ગંભીરતાથી કહ્યું.

" વિનોદ ખાતર કદાચ......"

" ના રે ના, પ્રાણનાથ! સાચું કહું છું. ને તેમાંજ આનંદ પામું છું. માનવ યુગલમાં જો સરખે સરખી જોડ ન જામે, તો પક્ષઘાતથી પીડાતા દરદીના જીવન જેવું ક્લેશમય જીવન ગાળવાનો કમભાગ્ય અવસર એ યુગલને માટે નકી થાય. દેવ! ગભરાશો ના! દેહને શણગારનાર ઘણા સાધનો છે. પણ આવા આત્મશ્રૃંગારના સાધનો કોઇ ભાગ્યશાળીને જ સાંપડે. આત્માને શણગારનારા પૃથ્વીવાસીમાં કોઇ વિરલ હોય છે. સ્થૂળ લક્ષ્મીના સ્વામી મટી સૂક્ષ્મ લક્ષ્મીના પિતા બનવાના અનેક કોડ આ વ્રતના ગર્ભમાં વીંટાયા છે........."

" પણ......"

" પણ...કાંઇ આપને શોક કરવાનું જરાય પ્રયોજન નથી. હું તો આજથીજ બન્ને પક્ષમાં અખંડ બ્રહ્મચર્ય પાળીશ. પરંતુ આપ કૃપા કરી એક વિનંતી સ્વીકારશો કે?" નવી રચના કરતાં વિજયા બોલી.

" વિનંતી? અને તે સ્વીકારવાની મહેરબાની? હા, હા, બોલો જોઇએ કે કેવી વિનંતી તમે કરવાના છો?" વિજય શેઠ હસતાં હસતાં કટાક્ષમાં કહ્યું.

" દેવ! આપ આપના નિયમ મુજબ કૃષ્ણપક્ષે બ્રહ્મચર્ય પાળી શુક્લપક્ષે સાંસારિક સુખ ભોગવો–તે માટે બીજી સ્ત્રીનું પાણિગ્રહણ કરશો?" હિંમતથી વિજયાએ જણાવ્યું.

ક્ષ્મા થી અને સાંપડેલી સ્થિતિને અનુભવવા દા. જુઓ ! ત્યા ન્યાયની દૃષ્ટિએ પણ જણાશે કે જ્યારે તમે નિરાશી આખા જીવન પર્યંત દૂર રહો છો ત્યારે હું એજ વિષય સુખમાં લાગું માગું આનંદ લઉં ? શું આ તે સદ્‌વ્યાર કહેવાય ! ન્યા-યાધનાર એવી હશે કે પછી ત્યારે તે કહેવાતા " સુખ " માં આળોટવાનું શું પ્રયોજન ? આપણાં ધર્મશાસ્ત્રો શું એજ સુચવતા નથી કે ? " કુમારનું લોહી બોલતાં બોલતાં ઉછળી આવ્યું. શાંત થયું અને અજબ ન્યાયની ફીલસુફી ઉઠી.

" દેવ ! ન્યાય અને અન્યાયનો તોડ હું શું કરી શકું ? શાસ્ત્ર સની સ્ત્રીઓને એકજ પતિ હોવાનું સૂચવે છે. જ્યારે પુરૂષોને માટે એ નિયમ નથી. તેથીજ હું કહું છું કે આપ સુખેથી રે ફરીથી એકવાર વિનંતી કરી કહું કે બીજી સ્ત્રી પરણો ! " વિજયાએ છેલ્લું વાક્ય બોલતાં પોતાનું અર્ધું મોં ઢાંકી દીધું.

" કમભાગ્ય પુરૂષોનાં કે તેઓ પોતાના સ્વાર્થ ખાતર શાસ્ત્રમાંથી અવનવા અર્થો કાઢી પોતાની બાજી સ્વચ્છંદપણે ખેલે જાય છે. શૃંગારની સડકે ઉભા રહી વૈરાગ્ય સાધનાર વીર ઓછા છે. એ ઓછી સંખ્યાને શાસ્ત્રના ઉંધા અર્થ કાઢી પોતાના સ્વાર્થને પોષવાની ઓછીજ જરૂર રહે છે ! દેવી ! એવા ઉંધા અર્થોથી હું મુક્ત હોઉં તો મને બચવા દેશો કે ? " કુમારે આખરે બચાવવાની પ્રાર્થના કરી. સુંદરી લજવાણી.

" પ્રભુ ! ન્યાય અને દલીલોથી ભરપુર આપની કથા મને મ્હારા બોલેલા શબ્દોથી શરમાવે છે. બસ ! હવે તો આપના

ચરણે મ્હારૂં જીવન અને મ્હારાજ સહચારમાં આપનું જીવન. શાસનદેવ આપણી પ્રતિજ્ઞામાં ચેતન, ઉત્સાહ અને અમર ભાવનાઓ ફેલાવે. આપણું "પણ" પુરૂં કરાવે તેમ પ્રાર્થું છું." છેવટનો નિવેડો આવ્યો.

રાત્રિના લગભગ ત્રણ પહોર વીતી જતાં આંખમાં નિદ્રાદેવીના સામ્રાજ્ય સ્થપાવા લાગ્યાં છે. એકાંત ઓરડો—જ્યાં સામાન્ય રીતે વિકારોનાં થર બાઝ્યાં હોય, ત્યાં આ સંસારી યુગલ—[illegible] અવસ્થામાંથી વિવાહિત જીંદગીમાં આવ્યા [illegible] પ્રતિજ્ઞાઓ જીવનનાં રૂએ રૂએ ચીત[illegible] કરી જીવન વ્યતીત કરે છે. સોનેરી [illegible] માંથી સ્ફૂરેલાં આત્માનાં [illegible] જેવા ભાસે! [illegible] હોય છે. આવા અનુપમ [illegible] બહુ ઓછાં છે. હરરોજ આ [illegible] પુણ્ય [illegible]માં આત્મપ્રેમીઓ આળોટે છે. [illegible] જીવનને મન બે બાજુ [illegible]

[illegible] અનુપમ [illegible]! [illegible] [illegible] સત્ય અને [illegible] જીવનમાં [illegible] આવે. અપ્રતિમ [illegible] સાચું જીવન તે [illegible] એ જીવનનું [illegible] જ છે.

એક મનોહર રાત્રિના સમયે આ યુગલ અગાસીની અટા-રીયે બેઠાં બેઠાં વાતો કરે છે. બન્નેનાં મુખ પર અગાધ તેજ વિરાજતું હતું. તેમની અખંડ બ્રહ્મચર્ય ભરી જીવનજ્યોત કેટલાયના જીવન અંધકાર ભેદે છે. કેટલાય વિદ્યાર્થીઓને સજાવે છે. મોહજાળમાં ઉછરેલા આત્માઓને ખરું જીવનતત્વ બનાવે છે.

" અરે ! એક વાત આજે મ્હારે ખાસ કહેવાની છે. જો જો રખે આપણા આ વ્રતની જાણ પિતા માતાને ન થાય ! આપણે તેને સારું કાળજી રાખવી જોઇએ ! " વિજયકુમારે બાજુમાં બેઠેલી વિજ્યા શેઠાણીને ગંભીરતાપૂર્વક સૂચવ્યું.

" દેવ ! શા કારણે ? "

" પિતામાતાને કદાચ આથી દુઃખ થવાનો સંભવ રહે છે."

" નાથ ! આ ભેદ આપણા છુપાવ્યા છુપાશે કે ? "

' ભલે, ખુલે ત્યારે ખરી, પરંતુ આપણે તો સાવચેતી રાખવી ઘટે છે." કહી શાંતિ પકડી " છતાં કદાચ ખબર પડે તો ?"

"દિક્ષા ! આપણે દિક્ષાજ લેવી. "

આમ આ આદર્શ યુગલ જીંદગીનું નાવ સાથે બેસીને દુનીયામાં વહેરાવ્યે જાય છે. તેમની વિશાળ આદર્શની પાંખો ઉષઃકાળના વિમળ આકાશને શરમાવતી, રવિની તેજસ્વી પ્રભા સામે હરીફાઇ કરતી ગૌરવતાથી ફફડે છે. જીવનમાં બન્નેના બ્રહ્મચર્યના ઓજસ ચળકે છે. વચને વચને મીઠાશ અને નયુ

અમૃત ઝરે. તેમણે જીંદગીનું ધ્યેય અખંડ બ્રહ્મચર્ય માન્યું [illegible] વિશુદ્ધ બ્રહ્મચર્યની મજા તો જે જાણે, તેજ મ્હાણી શકે! અઘો[illegible] અરણ્યમાં ભટકનાર આમ તેમ ફાંફા મારી જીવન સમાપ્ત ક[illegible]વાની આશામાં ફરનારા બીચારા પામર પ્રવાસીને એ બ્રહ્[illegible] પ્રવાસના ધ્યેયની શી પરખ? તેમનાં જીવનમાંથી શાસ્ત્રન[illegible] પ્રકરણો રચાય છે કે:—સ્વેચ્છાએ દૃઢ બ્રહ્મચર્ય પાળનાર માણ[illegible] ગમે તેવા ગૃહસ્થાશ્રમી કરતાં ઉચ્ચ છે. બ્રહ્મચર્ય એજ માન[illegible] વજીવનનો ઉચ્ચમાં ઉચ્ચ પાયો છે. આત્મિક ઉન્નતિ ઇચ્છનાર [illegible] આજ દશાને ઇચ્છે છે. એ દશાને લાયક થવા અને નિભાવવા પ્રયત્ન કરે છે. સ્ત્રી પુરૂષ એક બીજાના સહચારથી આ સ્થિતિ લાવી શકે છે.

દિવસ ઉપર દિવસ અને વર્ષોના વર્ષો ચાલી જવા લાગ્યાં. દિન ઉગ્યે એ બેઉ આત્માની જીવનજ્યોત નવાને નવા પ્રકાશમાં ઝળકે છે. અને આદર્શહીન દુનીયાના અંધારામાં અજવાળાં પ્રેરે છે. આમ તેમનું જીવન આનંદ અને આત્મ[illegible] સ[illegible] કેસરીમાંથી પસાર થાય છે. નથી તેમને [illegible] કીર્તિના [illegible] કે માનપાનની આકાંક્ષા [illegible] સૃષ્ટિમાં અવતરેલા એ બન્ને પુરૂષોને જગતના આંગણે આ[illegible] બદલે આદર્શ પોરસવાં છે. વિલાસોને સ્થાને સાચો વૈરાગ [illegible] છે. અને બુદ્ધિવાદ કરતા આત્મવાદને અગ્ર બનાવેલા [illegible] [illegible] આગળ બુદ્ધિવાદ શા [illegible]

[illegible] ના જીવન પ્રવાહ [illegible]

પ્રદેશ (ચંપાનગરી) માં કેવલી ભગવાન પધારતાં દેવોએ સિંહાસન રચ્યું છે. આસપાસ કમળો ખીલાવી સુગંધી પુષ્પ-લતાથી એ પ્રદેશને મ્હેકાવી મૂકયો છે. એ સ્થાનની શી મોહકતા ! શી સુંદરતા ! વિશાલ જગતમાં " અહાલેક " નો પોકાર સુણાવતા ધર્મ અને ફરજનું ધ્યાન કરાવતા કેવલી ભગવાનને માટે રચાયેલી ભક્તિપૂર્ણ શોભાના ઇતિહાસ આળેખ્યા કેમ આળેખાય ?

સંસારના આરે જાણે સૂર્ય ચંદ્ર એકી સાથે ઉતર્યા હોય તેમ પ્રભા વેરતા દેહની વાસનાઓ તજીને બન્નેએ ભીષ્મ વૈરાગ્ય ધાર્યો છે. પૃથ્વીને પાટલે નૈષ્ઠિક બ્રહ્મચર્યનાં આવા અખંડ વ્રતો કોઇ વિરલ આત્માના શરીરે શોભે છે એ માર્ગ વિકટ છે. ડગલે ડગલે ને પગલે પગલે ભય ખડા છે. એ ડોકીયા કરતા ભયની વચ્ચે નિર્ભયતાથી ઇંદ્રિયનિગ્રહ કરનાર વીરાત્મા છે. જેમ જેમ બ્રહ્મચર્યના વ્રતમાં નિશ્ચયતા આવતી જાય, તેમ તેમ તેનો આત્મા દૈવી પ્રાસાદો પર ચડવા લાગે. એ ચઢનારા વિહારી તો જગતના મહાસંન્યાસી છે. ભગવા અને ભસ્મ ચોળી "અહાલેક" જગાવનારા વાસનાથી ભરપુર કહેવાતા " યોગીઓ " તેની આગળ ઝાંખા પડે છે. એકજ ઇંદ્રિયના નિગ્રહે પાંચે ઇંદ્રિયો બંધાય છે. કારણ કે સૌથીઃમનને જીતવું દુષ્કર છે. કાજળની કોટડીમાં રહેવા છતાં જાણે શરીરે સફેદો લગાવ્યો હોય તેમ એ વરવધુ એકજ ધનુષ્યના શસ્ત્રે, ધારેલું નિશાન તોડવા પકડે છે ને બીજો તીર છોડીને એક બીજાની સહાયથી વાસનાના દૈત્યને

હણે છે. દૈત્ય મરે છે ને થયેલું અંધારું દૂર થાય છે. દેવી અજ-
વાળાં નાચતાં આવે છે. એ અજવાળા અખંડ છે. અનંત
જ્યોતિમય છે, ચિરકાળના કિર્ત્તીભુવનો છે, તેમાં ત્યાગની સુગંધ
છે, આત્મદર્શનનો ઓછાયો છે. બન્ને યુવાન છે, બન્નેમાં
સૌંદર્ય છે. બે તોફાની વસ્તુનો સંગમ થતાં પ્રચંડ તોફાની ચોગ
છતાં અહીં તો તેથી ઉલટું છે. એમનું ઘર જાણે કોઇ ગીચ
વસ્તીમાં બાંધેલું યોગાશ્રમ હોય. આડોશી પાડોશી શીલથી
મૌન વાણીમાં બ્રહ્માંડના પરમ ભેદ ઉકેલે છે! યોગિરાજ અને
યોગિનીનો આવો અચળ સંયમ એ તો સૃષ્ટિના ચોપડે મધુરું
સ્મરણ ગણાય.

સંસારના શિખરે સ્થિતિ પ્રાપ્ત કરનાર વ્યક્તિઓ સાધુથી
પણ મહાસાધુ છે, જગતમાં કામીઓના અખાડા વચ્ચે રહેવા
છતાંય તેના તરફ આત્માની પાંદડી સરખી પણ ન ફરકે એ સાધુ
નહિ તો શું કહેવાય? તેમના આત્માના પટપર "બ્રહ્મચર્ય
એજ જીવનસાધ્ય છે." "સૌંદર્ય શીલથી શોભે છે" અને
યૌવનનાં રંગો સંયમવડે જ ખીલે છે. એવા અનેક આદર્શ
અક્ષરો કોતરાયા છે. કફની કે ભેખ તો વખત આવે લેવાય છે,
પણ આ તો બાળયોગીનાં નાનપણના વ્રત છે. આત્મા અને પર-
માત્માનો યોગ સાધવા જીવનવાડીમાં પુણ્યનાં બીયાં વાવી રહ્યાં
છે. જેવા વાવે તેવા મલશે, એમને સુગંધનો શોખ છે, તો બ્રહ્મ-
ચર્યનાં સુગંધી જ ફૂલડાં વાવેને! આ બેલડું એક બીજાને માટે
એક બીજા દ્વારા જયનો મુગટ પહેરાવે છે, એક બીજાનાં તીવ્ર
નિશ્ચયે આગળ આગળ મજલ કાપે છે. મજલ કેટલી કાપી ને

કેટલી બાકી રહી, જો આપ દેહથી નથી છતાં પણ આત્માના ચડવા ઉતરવાથી મોક્ષમાર્ગની મજલ અપાય છે. પૂર્વ ભવમાં ઘવાયલા આદેશો બ્રહ્મચર્ય વડે રૂઝવે છે અને આસપાસના વાતાવરણને અમૃતના વરસાદથી ભીંજવે છે. વિષયમાં વિષ પારખવા સાચા પ્રેમીઓને આમંત્રે છે અને જ્યાં શુદ્ધ-વિશુદ્ધ પ્રેમ છે ત્યાં દેહ વાંછના ન હોવાના નિશ્ચય વચનો જગતસમક્ષ ધરી દે છે.

વાંચક ! તેં પુસ્તકોમાં વાંચ્યું હશે કે માનવજીવનનું સાધ્ય તે બ્રહ્મ છે. બ્રહ્મના દર્શન કરવા તારૂં દિલ કદી કદી તલપ્યું હશે. ત્યારે ત્યારે માત્ર નિશ્ચય કરજે કે આવા નૈષ્ઠિક બ્રહ્મચર્યના દર્શન કરવા એજ બ્રહ્મદર્શનનો પ્રથમ પડછાયો છે. એવા પુણ્યવંતના પગલે પગલે સાધુતાની મીઠી બ્હેકો બ્હેકી ઉઠે છે. સંસારને આંગણે સ્વર્ગની કુંજો ઉતરી છે. વિહરવું હોય તો વિહરવાની દરેક મનુષ્ય બાળને છુટ છે પણ તે પોતાનીજ જીવન કુંજોમાં-બ્રહ્મચર્યથી આત્માનું કુંદન તવાઇને શુદ્ધ થતાં મનમાનતા ઘાટ ઘડી શકાય. પણ સબુર ! સર્વને માટે આ મત ન હોય. પરમ ઇંદ્રિય નિગ્રહી, આત્મવિજેતા અને વિપુલ વૈરાગ્ય સંપન્ન સાધુ હૃદયજ નૈષ્ઠિક બ્રહ્મચર્ય આચરી શકે. વાસનાના દૈત્યોને વિંધવા માટે પહેલાં આત્મશુદ્ધિ કરવી પડે છે. સંસારના વમળો-ઉછાળા મારતા તરંગો ઉથલાવી મારીને ગભડાવશે ને લુંટાવશે, ખડકો સાથે અથડાવશે ને ભુકકે ભુકા બોલાવશે. એથી પર-

થતા કાંતા વજાના શરીર અથવા એ તુંબડાનાં ખોખાઓ રાખ જોઇએ. તુંબડું અને વજાઢાળ બંને તે બ્રહ્મચર્યજ. એવી સમજ પૂર્વક બનેલા બ્રહ્મચારીને મોજાંએ કંપાવતા નથી. કે ખડકે અથડાવતા નથી. મૃત્યુ તેમના દેહને માટે છે ને આત્માને પુણ્યનું ભાથું બંધાવે છે. વંદન હો ! આ સંસારી સાધુઓને.

ગામમાંથી લોકોનાં ટોળેટોળાં કેવલીની મધુરી દેશના સાંભળવા આતુરતાથી ઉદ્યાન તરફ નીકળી પડ્યાં છે. સાથે એક જિનદાસ [illegible] કેવલીને વાંદવા પધાર્યો છે. કેવલીએ દેશના શરૂ કરી.

ભવ્યાત્માઓ ! માનુષી જીવનનાં ઉચ્ચતમ અંગો તરીકે ધર્મનું-આત્માનું સ્વરૂપ ચાર પ્રકરણમાં સમાયેલું છે. આત્મિક બળ ખીલવવા અર્થે યોજાયેલી મુખ્ય ચાર ક્રિયાઓ આપણા જીવનના અંતિમ પ્રકાર થવી ઘટે છે. આપણા જેવા જેવા વિચારો, ઇચ્છાઓ, ગુણો અને ભાવનાઓનું બંધારણ બંધાય, તેવુંજ આપણું જીવન સ્વરૂપ ઘડાય છે. માટે એવા ઉચ્ચ વિચારો ઇચ્છાઓ, ગુણો અને ભાવનાઓના ઉત્પાદક રૂપે નિયત થયેલા દાન, શીયળ, તપ અને ભાવનું આરાધન કરવું જોઇએ. આ બધામાં દાન-સુપાત્ર દાનને મોક્ષ સુખ-મુકિતનું પ્રથમ ને પ્રબળ સાધન માન્યું છે. માનવપણાનું પહેલામાં પહેલું કોઇ સુલક્ષણ હોય, ધર્મના પહેલામાં પહેલો મૂળ સિદ્ધાંત કોઇ હોય તો તે દાનજ છે જગતના પાટીયા પર માતાના ખોળામાં આવતાં દરેક મનુષ્યને સહાય દેવા દાનની જરૂર પડે છે. કુદરત તરફથી હવા, પાણી,

[illegible] આત્મામાં જો શુદ્ધ પરિણતી હોય, તો
[illegible] આત્મા તરીકે ઓળખાણી પ્રગટ [illegible]
[illegible] સ્વાશ્રિત [illegible]
[illegible]

[illegible]

" ભવિ ! પંચમહાવ્રતમાં અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અસ્તેય અને અપરિગ્રહ ધર્મનાં મુખ્ય અંગો છે. તેમાં બ્રહ્મચર્યને અગ્રસ્થાન અપાયું છે. જેનાં ભંગ માત્રથી બીજાં ચારે મહાવ્રતોનાં તેજ હણાય છે. તેમનું પ્રકાશતું ચેતન જતું રહેતાં માત્ર જડરૂપે-લોકવ્યવહારથી તેની ગણત્રી થાય છે. જીવનનો ઉદ્દેશ વિલાસ અને વૈભવની સામગ્રીઓ એકઠી કરી ઉત્પન્ન થતાં વિકારોને પોષવામાં ન કરતાં-ઇંદ્રિયોને ન બ્હેકાવતાં સંયમમાં રાખો. અહિંસા કાજે મૃત્યુને નોતરે, અસત્યના પંથે વિનાશ ઇચ્છે, અને જગતની આસપાસની તૃષ્ણાઓ જીતે. આ પાંચ મહાવ્રતોને ઓળખી મન વચન અને કાયાથી આચરે ને પાળે તે સાચો પંચમહાવ્રતધારી મહાસાધુ પણ એ સાધુને પહેલાંજ બ્રહ્મચર્યનાં તેજ છીલવા પડે છે એ ન ભુલવું જોઇએ. જ્યારે તેની ઇંદ્રીયો સંયમના ચંદરવા નીચે ફરતી હોય છે, ત્યારે તેની આત્મશકિતનો વ્યય ન થવાથી સંયમ થયેલી શકિતનો પ્રયોગ ઉચ્ચ આત્મિક ઉદ્દેશો સાધવામાં થાય છે. દ્રવ્ય અને ભાવથી બ્રહ્મચર્ય પાળનાર આજે જગતભરમાં આ એકજ યુગલ-વિજય શેઠ અને વિજયા શેઠાણી વિદ્યમાન છે. કેવળીએ પંચમહાવ્રતધારી આ યુગલનું જીવન સ્વરૂપ બતાવી આપ્યું.

" પ્રભો ! પણ એ તો સંસારીને ! ક્યાં એ સંસારી ને ક્યાં આ ૮૪ હજાર જગદ્વંદ્ય પંચમહાવ્રતધારી સાધુઓ ! " શંકાથી સવાલ પૂછયો.

" પ્રભુ ! સંભળાવો ! સંભળાવો !! હર્ષઘેલો થઇ મોટેથી બોલી ઉઠયો. "

" જુઓ ! સુપાત્ર દાનનું મહાપુણ્ય તમે સમજી ચુકયા છો. એ સુપાત્રમાં તમારી નજર આજે ચોરાશી હજાર સાધુઓ પર પડી છે; પણ તે યોગ સાંપડવો અસંભવિત હોવાથી તેટલા મુનિરાજને આહારપાણી વહોરાવતાં જેટલા ફળની પ્રાપ્તિ થશે [illegible] ના અખંડ બ્રહ્મચર્ય [illegible] ના ભડભડતા અગ્નિમાં [illegible] શેઠ અને વિજયા [illegible] જમાડશો તો તે સરખુંજ છે. " [illegible] નવીન ચેતન [illegible] તેનો અંતરાત્મા કોઈ [illegible] તે તો પોતાના [illegible] આનંદનો [illegible] શેઠ અનજનો

માનવી વૈરાગ્યની મીઠી છાંયડીએ વિશ્રામ લેવા આવે ત્યાં તો અંતરનો કોલાહલ અને વાસનાની આગમાંથી આવતી લ્હાય તેઃ બીચારા માનવીની દશા તે પ્રસંગે "ઇતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ" જેવી થઇ જાય છે. સંન્યાસ-વૈરાગ્ય એ તો ભિન્ન ભિન્ન મનોરથો ગંઠેલવાનો કાળો હોવા છતાં તેમાંથી નવી નવી આશાઓ નૃત્યાંગો જાગે તો "વૈરાગ્ય" અને "મોહ" માં તફાવત શો! જો, એ સંસારમાંથી કર્મયોગીઓ અને આત્મત્યાગીઓ પાકતા હોય તો તેને વૈરાગ્યની કહેવાની "ઉપાધી" લગાડીએ કે ન લગાડીએ બન્ને સરખું જ છે, માત્ર વિશુદ્ધ બુદ્ધિથી કાજળની કોટડીમાંથી કાળો ડાઘ ન પડવા દેતાં મેનીને બહાર આવતા સાવધેની રાખવાની જરૂર છે. વસ્તુતઃ જગતનો ઘણો ભાગ "વૈરાગ્ય" નો અર્થ સમજી શક્યો નથી એ દુખાગની વાત છે. કારણ કે "વૈરાગ્ય" એટલે માત્ર "વેશ બદલો" જ એવો સંકુચીત અર્થ ન હોઇ શકે. પરંતુ વિશુદ્ધભાવથી અગ્નિની ભડભડતી ભઠ્ઠીમાં વાસનાઓની આહુતી આપવી તેનું નામ વૈરાગ્ય. ભેખ એ તો અલખની શોધ માટે છે. નહિ કે લાલસાની તૃપ્તી માટે. જો એથી ઉલટું હોય તો વૈરાગ્ય એ તો માત્ર મૃગજળવત છે. આવા ઉચ્ચ વૈરાગ્યનાં શીખરની સ્થીતિ પ્રાપ્ત કરવા માટે વેશ કે શીરમુંડનનો પરવાનો બસ નથી; પણ અલખ હાથ કરવાને આપણા વિકારોએ અલખ થઇ જવું આપણી વાસનાઓએ અલખ થઇ જવું, આપણા જીવન પ્રવાહે અલખ થઇ જવું, રે! આપણે પોતેજ અલખ થઇ જવું! આ વૈરાગ્યની

ચરમ દશા છે. કદાચ કોઈ ગૃહસ્થવેશમાં પણ આત્માની ઓળખાણ કરવા પ્રયત્ન કરે. ધર્મ એ માત્ર ઉપાશ્રય, અને દેવાલય પૌષધશાળાની સામાયીક પ્રતિક્રમણની ક્રિયાઓથી સમાપ્ત થતો નથી, પરંતુ આપણી પ્રત્યેક [illegible] પ્રત્યેક વિચાર, પ્રત્યેક ભાવના અને પ્રત્યેક સંભાવના શુભ [illegible] પર રચાયો છે, માટે એવા આત્મધર્મની પીછાણ પામેલા મનયોગી વચનયોગી અને કાયયોગી તરીકે શુભ રહેલાં એ આદર્શ યુગલની તોલે-એકજ કે સાથે યુગલ. [illegible] મૂકવાની સંસીદતા [illegible] થયો કે નહિ ? દેવળો હસતા હસતા જીનદાસના મુખારવિંદ પર ક્રૂરની રેખાઓ નચાવી રહ્યા. જીનદાસની અંધકારમય દિશાઓ તુરતાં સમ્યગ્જ્ઞાનનો દિવ્ય પ્રકા[illegible] પડદો એમ કહેતો થ[illegible] વિજય [illegible] દૃષ્ટિ માટે પશ્ચાત્તાપ કરતો [illegible]

[illegible]

[illegible]

"વિષ"–આ ભાવના સામે પરમ પવિત્ર કેવળીનાં કેવાં ચેતન અને જ્ઞાનમય શબ્દો ! વૈરાગ્ય તો જેઓ સંસારમાં પોતાની મેળે તરી ન શકે તેઓને તુંબડારૂપ સમજવાનો છે. પરંતુ જેમણે જન્મથી બહાદુર તારાઓની કળા શીખી લીધી તે તેને તો તુંબડું ઉલટું વિઘ્ન કર્તા છે. કેવળી પોતે મહાન ત્યાગી હોવા છતાં પોતાના વાડાના સહચારીઓ કરતાં આ દૈવી દંપતીનાં સંસાર મંદિરોએ પોતાની આંખો ઠારે છે ! સર્વ કેવળ બ્રહ્મચર્યનાં પ્રતાપે ! સંયમ કરેલી શક્તિનાં જ્વાહળતાં તેજે ! એ તપથી તો બ્રહ્માંડનાં પાયા પણ ડોલી ઉઠે ઇંદ્રના ઇંદ્રાસન કંપે ! તો કેવળીના મુખમાં તેની પ્રશંસાનાં પુર વહે તે સ્વાભાવિક ગણાય, સંસારના વમળમાં ન તણાતાં નિસ્વાર્થથી નિષ્કામ વૃત્તિથી અને ભીના હૃદયથી વૈરાગ્યની ઉપાધી લીધા વગર તરી શકાય છે. તો પછી "વૈરાગ્ય" વેશ કરતાં સાધુ હૃદયવાળા સંસારીઓ શું ખોટા ? સંસારીઓને બહારના દેખાવથી ઓળખવા કરતાં તેનાં દિલમાં છુપાયેલા સંસ્કારો પરથી ઓળખવા જોઇએ. ઘણાય સુગંધી કમળો, આત્માઓ, સંસારના જળમાં ઉગવા છતાંય જળનાં પાસથી ભીંજાતા નથી. આ રહ્યા જીવંત દ્રષ્ટાંત રૂપ વિજય શેઠ અને વિજ્યા શેઠાણી !

"વૈરાગ્ય" ની શબ્દજાળમાં ગુંચવાયલા એહીનાં આત્માની આસપાસ બાઝેલાં અજ્ઞાનનાં થરો ખરી પડતાં એ આદર્શ દંપતીને પોતાને આંગણે તેનાં પનોતા પગલાં કરાવી સુપાત્ર દાન દેવાની અભિલાષાથી હર્ષઘેલો બની ગયો ! ચોરાશી હજાર સાધુઓનો એકી સાથે યોગ થવો અસંભવીત છે" આ નમ્ર

[illegible] સાંભળતાં પોતાના આત્માને કમભાગ્ય લેખતો જીનદાસ એકો હૃદય આસમાનના અઘોર અંધકારમાં આમાવાસ્યાની કાળી રજનીનાં દર્શન કર્યા પછી પંદર દિવસ શાંત નિદ્રામાં પોઢી જઈ જાગતાંવેંત જ જેમ પૂર્ણિમાનો ચમકાર દેખે તેમ આનંદથી ગેલ કરવા લાગ્યો! આનંદમાં ને આનંદમાં ઘેર પણ ન [illegible] સીધા વચ્છ દેશ તરફ તેમને તેડવા માટે ઉપડ્યા.

રસ્તાના [illegible] [illegible] [illegible] પત્રને [illegible] [illegible] પડતાં જઈ [illegible] [illegible] જણાઈ આવે કે આતે કોઈ ભાન ભૂલો મુસાફર આમ શાને ગોથાં ખાતો હશે ! પ્રકૃતિ-ની જ્યોતમાં એવા તો હાસ્યના રણકા [illegible] ઉડ્યા કરતાં જોયું ભલું [illegible] નાહક [illegible] બકતો જીનદાસ એકો [illegible] [illegible] [illegible]

" બેન મને જવાબ કોણ આપે ! એક ઘેલા પ્રવાસીનાં પ્રશ્ન તરફ કોણ ધ્યાન દે. "

" કહો ભાઇ ! સુખેથી કહો " તેણીએ સાંગુ જોતાં નિર્દોષભાવથી કહ્યું તેની આંખો નવીન વાત સાંભળવા તલ્પી રહી.

" બ્હેન ! એક સંસારી યોગીન્દ્રનાં મ્હારે દર્શન કરવા છે"

" ભાઇ ? સ્પષ્ટતાથી જણાવો કે તે કોણ છે યોગિન્દ્ર ? " આતુર મુખે તેણી જિનદાસ સામે જોઇ રહી. મસ્તકે બેડાંનો ભાર હોવા છતાં આ નવીન ખ્યાન સાંભળવા દીલમાં ચમક જાગી.

"બ્હેન! વિજયશેઠ નામનાં કોઇ આ ગામમાં શ્રેષ્ઠીરહે છે ?"

" હા. ભાઇ ! શું યોગીંદ્ર ? "

" હા! શું તમને તેની ખબર નથી? તેનું ઘર ક્યાં આવ્યું !"

"ચાલો. હું બતાવું "કહી તે ભલીબાઇ જિનદાસને પોતાની સાથે લઇ માર્ગ કાપતી હતી. રસ્તામાં અચાનક બોલી ઉઠી.

" ભાઇ ! આ તેના પિતાશ્રી, જો મળવું હોય તો. "

" માફ કરજો ભગીની ! " કહી તેનાથી છુટા પડી સામેના વૃદ્ધ જનને મલ્યા.

" દાદા ! વિજય શેઠ શું આપના પુત્રનું નામ ? "

" હા, ભાઇ તે મ્હારો પુત્ર થાય. આપને તેનું શું કામ છે ? " વૃદ્ધ જનની કરચલીઓ સંકોચાઇ.

" દાદાજી ! ધનભાગ્ય મ્હારાં કે આજે મને આપનાં અ-

નાયાસે દર્શન થયાં. અહા! આવા વિજયશેઠ જેવા વિરલ જન્મ આપનાર પિતાજીને મ્હારા નમસ્કાર હો! “ જિનદાસ પ્રેમવદન કરતાં હર્ષઘેલી અવસ્થામાં તેમના પગે નમી રહ્યો.

“ અરે ભાઈ! આ શું કરો છો? કોણ પિતા, કોણ પુત્ર મ્હારા પુત્રની આટલી બધી પ્રશંશા શા આશયથી કરી રહ્યા છો? એવું તે કયું દૈવીતત્વ તેનામાં જોયું કે આટલું બધુ મહત્વ તમે આપો છો?” વૃદ્ધાવસ્થામાં શ્વાસ લેતા લેતા વિજયકુમારના પિતાજીએ જીર્ણસ્વરે જણાવ્યું. તેને પુત્રની અન્ય જીવનકળાનાં સુરભિયુક્ત આંતર રહસ્યોની ખબર નથી. સંસારની ક્ષુલ્લક “ મજાઓથી ” વિરક્ત સાધુઓના સાધુ સમ પુત્રનાં સંસારી “ તોફાનોની ” પીછાણ નથી.

“ દાદા! એ “ યોગેશ્વર ” ની સુગંધીથી ખેંચાઇને કેટલાય કોશોથી હું અહિં ચાલ્યો આવ્યો છું. જેનું નામ ખુદ કેવળીના હૃદયમાં રહ્યું છે તેની દિવ્યતાને આપ નથી જાણતા?

ખાસ સંસારમાં રહેવા છતાં સંસારથી “વિરક્ત” એવા પુત્રની પ્રભુતાથી શું અજાણ છો?” વૃદ્ધજન ચમકયા. “ યોગેશ્વર ” અને “વિરક્ત” શબ્દથી તેમનાં અરણ્ય જેવા ક્ષુલ્લક હૃદયમાં નવા નવા પ્રશ્નો જન્મ લેવા લાગ્યા.

“ અરે મુસાફર! રસ્તો તો નથી ભૂલ્યાને?”

“ રસ્તો? હા. રસ્તો ભૂલ્યો હતો. આજ તો કેવળીએ બતાવેલ દીશાએ દીશાએ ચાલ્યો આવું છું, મને આશ્ચર્ય થાય છે કે આપ આપના પુત્રના પ્રભુતા ભર્યા

જીવનથી કેમ અજાણ્યા જણાઓ છો ? આપને ખબર હશે કે વ્રતોના પાલનમાં શીલનું-પાલન બ્રહ્મચર્ય જીવન પર્યંતનું પાળવું કેટલું કઠીન છે. અંગાર પાસે ઘી મૂકતાં જેમ તુરત ઓગળી જાય છે તેમ વિષયની તૃપ્તી અર્થે મોટા કહેવાતા મહાત્માઓ પણ ગળાયા છે. ઉપભોગ અને પરભોગની લાલસામાં રવડ્યા કે મોહ પ્રકૃતિનાં બાણથી વિંધાયા છે ત્યારે આપનો પુત્ર જીવનભરનું ' તપ '-શીલ પાળી રહ્યો છે. ગુલાબી માનવ જીવનને વિષયની ભેખડોમાં ન પછાડતાં આદર્શનાં જળમાં વહેવડાવે છે. વસંતની વાયુલહરી આવતાં અંગના આનશને શમાવવા કરતાં હૃદય-અંતરદેવને તે લહેરીઓના ગીતા. આંદોલનથી પ્રકાશવા તલસી રહ્યો છે એવા મહાન આપના ભાગ્યશાળી પુત્ર અને પુત્રવધુના દર્શને આ સેવક આવ્યો છે-જીવન સફળ કરવા આવ્યો છું. " પિતા તો સ્તબ્ધ બની એકાગ્ર ચિત્તે વિચારમાં પડ્યા.

" શું ભાઇ ! આ બધી વાતો સાચી છે ? "

" દાદાજી ! નંદનવનની મનોહર લતાઓમાંથી નીતરતી સુગંધી તરફ જેમ પાસેનું કોઇ ધતુરાનું પુષ્પ શંકા ધરાવે તેવોજ આપનો પ્રશ્ન મને જણાય છે. "

" શું વાત સાચી છે ? " હજીએ પિતાજી ભ્રમણામાં ભમવા લાગ્યા.

"દાદાજી ! તમે તો ઠીક મારી મજાક ઉડાવો છો. આખું જગત જે વાત જાણે તે તમે ન જાણો ? " હાસ્યમાં જીનદાસે જણાવ્યું.

" હશે ભાઇ તેનું તમારે શું કામ છે ? "

" માત્ર દર્શન અને પરોણાગત કરવા ચાહું છું. કહો. કહો, હાલમાં આપનાં પુત્ર ક્યાં હશે ? "

" બંધુ ! મારી સર્વ આશારૂપ પુત્રની આ [illegible] કથા સુણી હું તો દિગમૂઢ બની જાઉં છું. પુત્રના [illegible] ભગીરથ તપ–શીલવૃત મારા જીવનમાં ઉજ્જવ[illegible] સાથીયા પુરશે અને [illegible] મને ગૌરવાસ્પદ બનાવશે. પરંતુ [illegible] [illegible] ચાંધાને સામેથી આવે [illegible] [illegible] દાસની [illegible] એ તે[illegible] [illegible] તેના સન્મુખ [illegible] [illegible] આનંદની [illegible] વંદન [illegible] [illegible]

આપની પાસે એક ભીક્ષા માગવા આવ્યો છે" બાળક સમ નિખા લસ હૃદયે જિનદાસ શ્રેષ્ઠી વિજયકુમારના અપૂર્વ વ્યક્તિત્વ તરફ જોઇ પ્રાર્થી રહ્યો તેના અંતરપર એ મહાનઆત્માનો સ્પર્શ થતાં "પવિત્રતા" ની ઝણઝણી વિદ્યુત માફક ચમકી ઉઠી પિતાજી પણ ત્યાં આવી પહોંચ્યા.

"દાદાજી ! ચાલો ઘેર ! અને આ ભિક્ષુકને ઉછીની ભિક્ષા આપવાની કૃપા કરો !" જિનદાસની ઉર્મીઓ ખીલેલી ચાંદનીની માફક એક પછી એક સ્ફૂરવા લાગી. હૃદયનાં ઉછળતાં મોજાંઓ ભક્તિભાવનાસાગર વચ્ચે પોતાનું આશાનાવ હું કાર્યે જતો હતો

પિતાજીનું મુખ જરા ગ્લાનિ પામ્યું.

"પિતાજી ! આ કોણ છે ?"

"બાપુ! એ ત્હારા જીવન નાટકના પડદાઓ તપાસી મુ બનનાર કોઇ ભોળો દયા છે" પિતાના આ શબ્દોથી પુ માલુમ પડ્યું કે "પિતાજી બધી વાતથી વાકેફ થયા જણાય છે ચાલતાં ચાલતાં ઘર નજીક આવ્યું.

"ભિક્ષા આપો !"

"શેની"

"આપના પુત્રની-એક માસને ખાતર" જીનદાસે વિ વાર સર્વ કારણો રજુ કર્યા. પિતાના મનમાં એક બાજુ અને બીજી બાજુ આનંદ છલકાઇ રહ્યો. આખરે ભિક્ષા વિચાર કરીને ભાઇ ! વહેલા પધારજો" કહી વરવધુને વળ

માતાપિતા પાદર સુધી આવ્યા. તેમની આંખોમાં અમી અને અશ્રુનાં પુર આવ્યાંને ઓસરી ગયા!

પાછા ફરતાં સુંદર વાહનોમાં બેસીને પોતાને ઘેર આવી ભલી ભાવનાથી સુપાત્ર દાન દેવાનીઃમહદ્ ઇચ્છાથી આદર્શ દંપતીને જમાડી ઉત્કૃષ્ટ સુપાત્ર દાનનું ફળ મેળવ્યું.

" હવે આ સંસારથી સર્યું ! દેવી ! આપણું "પણ" આ પણ પાળવું જોઇએ" વિજયકુમારે જુની પ્રતિજ્ઞાની યાદી આપી

" પ્રિય દેવ ! શી પ્રતિજ્ઞા ! "

" પિતા માતાને ખબર પડે તો સંજમ-દિક્ષા લેવી. કેમ યાદ છે ને ! "

" જી હા ! ' હવે તો કહાયે કે) ભૂતકાળના સંસારીઓ સાધુધર્મ પાળતા વિચરવા લાગ્યા દેહસૌંદર્ય કરતાં આત્મતેજ તેમનામાં ધુધવી રહ્યું છે જ્ઞાનના સંપૂર્ણ પ્રકાશે જગતને તેઓ મુક્તિનું સ્વરૂપ સમજાવે છેઃ—

' ઓ માનવબાળો ! જીંદગીના આટઆટલાં વરસો વીતીયાં આ-
રવા છતાં તેનાંથી કાંઇ હાંસલ ન કરી શકયા, આવા વાણીનાં બેલ
સન કંગાલ. શુષ્ક અને વિકારી જીવનમાં વધુ વખત પણ રહેવાનું
કેમ પાલવે છે ! વિચારો કે મનુષ્યની અસ્તિ જગતમાં શાને અર્થે
સરજાયેલી છે ? વિકારો અને વિલાસોમાં જીવનને ન રગદોળતાં
કાંઇક આત્મિક પ્રગતિ કરવા માટે જીવન છે. જે " જીવી " અ-
તારવાની દરેકની પવિત્ર ફરજ છે.
દેહ એતો પ્રભુનું મંદિર છે. આત્મદેવની પધરામણી અનં

રખે! વાસનાની જાળમાં સપડાઇને એ દેવને અભડાવતા! બ્રહ્મચર્યનાં દિપકથી એ આત્મદેવની આરતી ઉતારીને પ્રતિ તેજ ઝીલવા વિશુદ્ધ બનજો. "ગુરૂદેવ! મુક્તિની વાતો આપણે કરીયે છીએ. પણ તે મુક્તિ શી ચીજ છે. ને કોણ તે મેળવી શકે?" એક જીજ્ઞાસુએ વચમાં પ્રશ્ન કર્યો. બ્રહ્મચર્યનાં એ જીવનનો ઝગઝગતો ચાંદ છે.

"મુક્તિ પિપાસુઓએ જાણવું જોઇએ કે મુક્તિ એ કોઇ કાલ્પનિક પદાર્થ નથી પોતાની જરૂરીયાતો માટે કોઇની ગુલામી સ્વીકારનાર કે સહન કરી લેનાર મનુષ્ય ગમે તેવાં આકર્ષક સાધુવેષથી, કે ઉગ્ર તપશ્ચર્યાથી કે પાંડિત્યનાં પોથાં ઉકેલવાથી પણ મુક્તિ મેળવી શકતો નથી. મુક્તિનો પરવાનો તો સર્વત્ર વિજય કરનારો જીવાત્માજ મેળવી શકે છે-તે સદાય મુક્ત છે. જેણે ઇંદ્રીયો, અંતરશત્રુઓ, અને બાહ્ય જગતનાં આકર્ષક પદાર્થોથી મુક્તિ મેળવી છે. એવા મુક્ત આત્માઓને દુનીયાની વાહવાહ કે તિરસ્કાર સ્પર્શ કરી શકે નહિ. તેની પ્રવર્તીમાં વિકારોનો સ્હેજ પણ અંશ પ્રવેશ ન કરે, ગમે તેવી સુંદર તકો ગુમાવીને ગંભીર ભૂલો કરવા માટે આત્માને કલુષીત ન કરે, હાયવોય, ક્લેશ, અને ભય તો તેનાથી દૂરજ નાસે. જગતનાં વહેવારમાં આવ્યા છતાં, પોતાની પાસેનો પૈસો, પોતે ધનાઢ્ય, પોતે પુત્ર, પિતા, મિત્ર, સ્વામી, નેતા, ભક્ત, કે તાબેદાર હોવાનું ભૂલી જાય, તેતો સ્વતંત્ર ગગનવિહારી આત્મા હરહંમેશ આત્મ પ્રદેશના ઉંડાને ઉંડા સાગરમાં મંથન કરવા

[illegible] કે નિજ આત્મા મુનિઓનો શાસક બની શકે." આમ [illegible]
[illegible] ત્યાં અન્ય જિજ્ઞાસુ બીજો પ્રશ્ન પૂછવા લાગ્યો.

"ગુરુ! આવું જ્ઞાન સમસ્ત દુનીયાને થઈ જાય તો [illegible] ?"

"વત્સ! એ આશા [illegible] કે આખી દુનીયા કોઈ કાળે [illegible] થઈ નથી-થઈ શકવાની. જો [illegible] હોત તો [illegible] હોવા છતાં તેમની [illegible] [illegible] બીજા [illegible] [illegible] [illegible] [illegible]."

[illegible] ?"

"ગુરુ! [illegible] ?"

[illegible]

[illegible]

[illegible]

બહારની " સહાય " કે " દયાથી " મુક્તિ મળી શકેજ નહિ."

" ગુરૂદેવ ! વાચ્યમાગી " સહાય " મળતી હોય તો શા માટે ન સ્વીકારવી ? એ મને સમજાતું નથી."

" મહાનુભાવ ! આંખો બંધ કરી બેઘડી વિચારી લ્યો કે જે બીજાની " મદદ " પર મોક્ષ-મુક્તિ જેવા પરમ પદની સાધના કરે છે. તેનું ઐશ્વર્ય કેવુંક હોય છે ? જેઓ પોતાનાં સામર્થ્યને પીછાણી શકયા નથી તેઓ જગતને માટે શો આદર્શ ખરીદવાના હતાં ! જેઓ પોતાની શકિતઓને ન સ્ફુરાવતાં બીજાંની " સહાય " પર પોતાનો વેપાર ચલાવે છે. તેઓ જરૂર દેવાળું કાઢે છે. ખરો શાહુકાર તો તેનેજ કહી શકાય કે જે પોતાની મુડીને–વીકસાવવા તનતોડ મહેનત કરે. ભુખે મરે, ટળવળે ને મૃત્યુને ભેટે છતાંય બીજાં પાસે હાથ લાંબો ન કરે."

" હા, ખરો શક્તિમાન આત્મા હાથ તો લાંબો ન કરે પરંતુ " શક્તિ "–" મદદ " પોતેજ તેમની પાસે રહેવા પ્રાર્થના કરે; તો તેને રાખવામાં શું બાધ હોઇ શકે ? " જીજ્ઞાસાં-વૃત્તિથી ઉપરાઉપરી શંકા થતાં પ્રશ્ન પૂછવા માંડ્યા.

" ભવિ ! ખરા શક્તિમાનની ભવ્ય મુખાકૃતિ, તેનાં અપૂર્વ તેજ અને શક્તિથી છલોછલ ઉભરાતા વીર હૃદયથી ડરીને " પ્રાર્થના " ની બલા હરહંમેશ બ્હીતી ફરે છે. એવા પરમ દેવતાઇ-સિદ્ધાઈ કરવા મેદાને પડેલા આત્માની શક્તિ-ભરી ગર્જનાથી " પ્રાર્થના " ની શાકિની થરથર ધ્રૂજે છે."

" વારૂ ! કદાચ :પ્રાર્થના કર્યા વગર એ " શક્તિ " આપોઆપ આવી મળે તો ? "


" ભવિ ! તમારા પ્રશ્નોનોજ ઉત્તર ઉપર કહી ચૂકયો છું કે એવી " પરશક્તિ " નાં આરામ મંદિરમાં પોઢ્યાં પોઢ્યાં પોતાનો વિજય ચાહનારા આત્માઓ કદી મુક્તિ સાધી શકેજ નહિં. "

" પ્રભુ ! આપના આજના વ્યાખ્યાને તો મને ખરી ઝળક લગાડી " તે ભવ્ય આત્મા:વંદન કરી ચાલી ગયો.

આવા કેટલાય સુંદર આત્મશકિતનાં 'ખ્યાલો :આપી જગતનાં લોકોને મુકિતનું સત્ય સ્વરૂપ બતાવતાં સંસારનું એ આદર્શ યુગલ-(હવે તો) આદર્શ સાધુ-સાધ્વી કેવળ જ્ઞાન પ્રાપ્ત કરી મુકિત પામ્યા.

ધન્ય છે ! એ આદર્શ યુગલનાં માતપિતાને કે પોતાના વિર્યમાંથી આવા અનુપમ:આત્માઓને " પુત્ર તરીકે જગતને ચરણે સમર્પી બ્રહ્મચર્યનાં ઓજસ પ્રસરાવ્યાં.

વંદન હો ! એ વિજયા શેઠાણીને ! સંયમવૃતધારિણી જિતેંદ્રીય માતાને અને ! એકપત્નીવ્રતધારી વિજય શેઠના પત્નીપ્રેમને.



ઇલાયચી કુમાર.

નટવી કે કેવળી ?

પગમાં ઉમંગના ઉડવાં પ્રેરે-પીપે.
હૈયામાં જ્વલન્ત જ્યોત હુલ્લાસ જગાડે.
આત્માની પાંખો પ્રગટાવે.
એવા જોઈએ છે જગતને જોગન્દર.
હીરલા ઉઘાડે અંતરના ભંડાર.
ને જગતને ઝુલાવે રસ હિન્દોલે.
એવા પ્રેમ મંદિરનાં પુજારીઓના,
અવનીવાસીઓને છે હવે અભિલાષ.

(કવી નાનાલાલ.)

માનવજીવનના કિનારે જગતના વિવિધ પ્રસંગે અનેક રંગબેરંગી છોળો આવીને અથડાય છે, અને બીજી પળે તે સમુદ્રમાં વિલીન થઇ જાય છે. જાણે છોળ તેજ સમુદ્ર અને સમુદ્ર તેજ છોળ! એ સમુદ્રમાં એવું કોઇ સ્થાન નથી કે જ્યાંથી કાંઇ નવીનતાનું તત્વ ન જડે, જીવનમાં એવા સ્થાનો અને એવી કોઇ વીરલ પળ ભાગ્યેજ આવે છે કે જેનાં સ્પર્શ માત્રથી ભૂત અને ભવિષ્યની મધુરી સ્મૃતિઓ જાગી ઉઠે, ક્ષણના આકર્ષણે વર્ષોના વર્ષ સુધી સ્નેહ પાશમાં લપટાયેલા પળવારમાં તેમાંથી ઝેરની સરિતાઓ વહેતી અનુભવે. સૌંદર્યમાં અંધ બનેલા આત્માઓ પ્રેમ માટે તલસી રહે ત્યાં તો આકસ્મિક "રામ રામ" કહીને છુટા પડે, સંધ્યાકાળના ઝાંખા તેજમાં ,મળતાં "ભાઇબંધી" બાંધે અને આખી રાત્રી પસાર કરી પ્રભાત થાય ત્યાં તો "માફ કરો" જેવા શબ્દો બોલી મુસાફર તેનાથી જુદો પડે. આ બધી દુનીયાની ઘટનામાં માનવ એ તો કેવળ રમકડું છે. કાળના હાથમાં રમે છે. કાળના હાથે ભંગાય છે. પછી કોઇ રીપેર કરનાર કલાકારના હાથમાં આવતાં પાછો તેના કલાનુ જીવંત સ્વરૂપ બને છે. આમ પચરંગી મોજાંઓ આવે છે. ઉછળે છે. અથડાય છે. મનુષ્યને હિલોળે ચડાવે છે. અને પછી તરંગો શાંત થતાં "હાશ" કહી વીરમે છે. આવા એક માનવીનું જીવન વૃતાંત આજે આલેખાય છે.

એલાવર્ધનપુરમાં બપોરનો સમય હતો. મધ્યાન્હનો તપતો સૂર્ય માનવીના હૃદયમાં અનેક પ્રકારની વિહ્વળતા

પ્રસારી રહ્યા હતો. તે સમયે પણ રાજમાર્ગ પર આ માનવ-મેદની શી જામી છે? પગે ફરફોલ્લા ઉઠે, અને માથું તપી જાય તેવા કાળે પણ આ "ઘેલાં" પ્રેક્ષકો શું જોઈ રહ્યાં છે? ઓહો! આ નટ કેવો નાચે છે? અને પેલી નટપુત્રી......તો જુવો! ગુલાબની કળીશી કેવી ખીલી છે? યૌવનના બહારમાં તણાતી તણાતી તારનાદોરપર કેવી નાચી રહી છે? ગગનમાં રાખેલા ઉંચા વાસ પર પ્રાતઃકાળમાં ખીલતી શ્વેત કમલીની માફક એ બાલીકા કેવી ઉભી રહી છે, નાચી રહી છે ને પ્રેક્ષકોનાં દિલને નચાવે છે. ગૌર ગાલપર કળાની ભભૂતી ચોપડી નયનોને હસાવતી એ સૌંદર્યની કેવી ફોરમ ઉછાળી રહી છે શરીરપર એકે આભૂષણનું નામ નથી, છતાંય શશીને શરમાવે તેવી આકાશના અદ્ધર પ્રદેશમાં કેવી અટ્ટહાયસ્ય કરેછે, તેનાં અંગેઅંગમાં યૌવનવેલની અનેક પુષ્પ લતાઓ તેનાપિપાસુઓ તરફ સુગંધની લ્હાર ફેંકી રહી છે. જાણે સ્વર્ગથી પૃથ્વીના પટપર વિહરવા આવેલી દેવ-કન્યા. સૌંદર્ય સાથે કળાનો સંગમ થતાં "નટપુત્રી" કહેવડાવાને બદલે તેણી કોઇ રાજકન્યા કે સ્વર્ગની મેનકાના નામને લાયક છે. વિધાતાએ આને ઘડતી વખતે પૃથ્વીનાં સર્વ દ્રવ્યો એકઠાં કર્યા હશે. તેનો વેશ તો કંગાળ ભીખારીણી જેવો ભાસે છે. છતાં એ "કંગાળ" વેશમાં પણ આટલી સુંદર મોહક દેખાય છે તો કોઇ અપસરાના વેશમાં હોય તો કેટલી બધી અનુપમ લાગતી હશે? દોરપર નાચતા તેનો કટી પ્રદેશ કેવો મજેનો લહેકી રહ્યો છે હજુ તે કુમારીકા કહેવાતી હતી. તનું સૌંદર્ય

એટલું બધું ખીલ્યું હતું કે હજારો વર્ષની તપસ્યાથી તપેલાં યોગીઓનાં મન પણ ચળે. હરીણી સરખાં તેનાં મનોહર નેત્રો ઘડીભર સાધુ હ્રદયને પણ ડોલાવે તેવું તેનું અનુપમ સૌંદર્ય હતું. આવું સુંદર માનવબાળ જગતને ખોળે અલભ્ય હતું. લાંબા લાંબા રેશમી સુવાસ ભર્યા છુટા કેશકલાપ સાથે તેણીનાં પગનો શો થનથનાટ જો જો દોર પરથી પડી હો હમણાં પડી......રે પડી કે પડશે, એવી શંકાનાં મોજાંઓ પ્રેક્ષકોના દીલમાં ઉછાળતી હતી. નાજુક બદનપર આછા ફરકતા વસ્ત્રો ઢાંકવાની શી ખુબી ભરી છટા, તેણીનાં ગુલાબી ઓષ્ઠ પર નાચી રહેલું મીઠું હાસ્ય અને કપોળ પર જળહળી રહેલી કળાની રેખાઓ એવી તો મોહક હતી કે તેણી કોઇ પ્રતાપી ચક્રવતિના મહેલને શોભાવે.

જેમ જેમ નટપુત્રી નાચતી જાય તેમ પ્રેક્ષકો પણ સામા નાચવા માંડે જાણે લોહ અને લોહચુંબક. તેના ચ્હેરા પર કળાની ભભૂતિ લગાવેલી હતી હજારો આંખો આ દ્રષ્ય જોતી હતી. પણ તેમાંય બે આંખો તો બરાબર મીટ માંડી રહી હતી નટપુત્રીની કળાઓ જેમ જેમ ઉકેલાતી તેમ તેમ એ સૌંદર્ય પિપાસુ હ્રદયની સુતેલી કામવાસનાઓ તેને શંખ નાદ વગાડીને જગાડવા લાગી. એ હ્રદય એક લક્ષ્મીપુત્રનું હતું. જીવનની નવી પાંખે પર તે ઉડવા લાગ્યું. તેના મનમાં વિકાર પેદા થયો કે કોઇ પણ ઉપાયે આ સુંદરી મ્હારી થાય, ક્યારે મેદની વિખરાય અને ભેટું એવી ભાવના ભાવતો સહરાના અરણ્યમાં લીલોતરીવાળી જમી

અને મીઠાં જળવાળી જગ્યાઓ દેખી જેમ આનંદ ઉપજે તેમ તે આનંદના સાગરમાં ડુબવા લાગ્યો. તેની હૃદયનાકા મોહ અને વાસનાના સાગરમાં ઝોલાં ખાતી હતી. કેવી મનોહર મૂર્તિ અહા કેવું અનુપમ સૌંદર્ય તેણીનાં રૂપ પર પોતાનું શરીર—અને કુળધર્મ બન્ને કુરબાન કરવા તે તૈયાર થયો "સંસાર હાંસી કરે તો ભલે કરે પણ આ સ્વર્ગીય આનંદ શા માટે જતો કરૂં ? સ્વર્ગીય કે નર્કીય તે તો પ્રભુ જાણે પણ મોહાંધ આંખો તેને "સ્વર્ગીય દેખાતી હતી. તેનાં વિચારોની નવી સૃષ્ટી નીચે તેનું હૃદય આનંદના ધબકારા ઝીલી રહ્યું હતું યૌવનની રોશની અને સૌંદર્યની "કળાજ એવી વિકારમય છે, તેમાં એનો શો દોષ ? રોશનીમાં બીચારો અંજાયો અને દિપકમાં પતંગીયારૂપે પોતાનો ભોગ આપવા તત્પર થયો. આ વખતે તેનાં દિલમાં શા શા સ્વપ્નાંઓ પસાર થતાં હશે તે તો સૌંદર્યના રમકડાં પાછળ જીવનભર લોભાઇ રહેનારાજ જાણે તે બાલીકા થન થન કરતી નાચે છે ને નચાવે છે.

એ લક્ષ્મીના લાડીલાને ખબર નથી કે અત્યારે પોતે ક્યાં ઉભો છે ? તેનું શરીર તેનું ચિત્ત, તેનું જીવન અને ભાવી આશાઓ પેલા દોર પર નાચી રહેલા નટડીનાં સૌંદર્ય પાછળ પડ્યું છે. જીવનની મુસાફરીયે નીકળેલો મુસાફર તેને પોતાનું ઘર માની તેમાં વાસો કરવા સદાને માટે ઇચ્છતો હતો. પણ ખબર નહોતી કે એ તો ધર્મશાળા છે જીવન સંધ્યા પડતાં વાસો કરવા માટેની જગ્યા છે. સવારે થતાં દરેક

પોતાને મન ફાવતા ઘાટ ઘડવા મંડી જાય છે. બધા ઘાટ કાંઈ એક સરખા હોતા નથી. તેથી ક્વચીત ઘડતાં ઘડતાં બીજાથી જુદા સ્વરૂપમાં ઘડાનારૂં પીંડ સમજી જાય કે ' હું તો પારકાના સ્વતંત્ર વિહારનું સાધન બનું છું. પારકાનું દાસપણું સ્વીકારી ધોકને કલાકારમાં ખપાવું છું...આવી રીતે ' હું ફસાયો છું ' એવી લાગણી–સમજણ પેદા થાય ત્યારે તે પોતાની આસપાસ ફરી વળેલાં બધા મંડળમાંથી મુક્તિ મેળવી શકે છે. ત્યારથી તે નવો જન્મ લે છે. નવું મન, અને નવા આદર્શો લઇ પુનર્જન્મ પામે છે. તેનાં બાહ્ય તેમજ આંતર સ્વાંગો બદલાય છે. અને નવી ભાષામાં જગતને નૂતન સંદેશ સૂણાવે છે. આ સંદેશ એક અનુભવી મહાત્માનો હોવાથી પૃથ્વીનાં કાન તેનાં તરફ દોરવાઇ રહે એ સ્વાભાવિક છે.

ખેલ પુરો થતાં નટપુત્રી સુસવાટ કરતી દોરપરથી સરતી સરતી ભૂમંડળ–જમીનપર આવે છે. જામેલી મેદની ક્રમેક્રમે વિખરાય છે. ઉન્હાલાના મધ્યાન્હના ઉકળાટમાં ત્રાસેલા પ્રેક્ષકો ખેલ પુરો થતાંજ માર્ગ કાપવા મંડી ગયા. ચોતરફથી વાતા ઉન્હા વાયરાથી કંટાળીને સૌ નાસભાગ કરવા લાગ્યા પણ આ હજી કોણ ઉભું છે ? તેને ઉન્હો વાયરો વાતો નથી કે તડકો ડરાવતો નથી શું ? આંખમાં તૃષાની તીવ્ર વેદના જામી છે. શેની તૃષા બાપુ ! " સૌંદર્યની ! " મેદની વિખરાતાં મોહભરી આંખે નટપુત્રીના પિતા પાસે આવી ઉભો રહે છે. જરા મૌન સાધી બોલવા લાગ્યો.

" નટવર ! વાહ ! શું મજાનો આ ખેલ તમે કરી બતાવ્યો ? બહુજ મજાનો ! લ્યો આ સોનામહોરો ! " કહી હાથ લંબાવતો રાહુ જોઇને ઉભો રહ્યો. પણ નટ તો પોતાની વિસ્તારેલી બાજી સંકેલવાના કામમાં ગુંચાયેલો હોવાથી ધ્યાન આપતો નથી. ફરીથી કુમાર બોલ્યો " નટવર ! કેમ બોલતાં નથી ? લ્યો આ સોનામ્હોરો ! પણ લેતા નથી તો શું તમે આ બધું ખાલી લોકરંજનાર્થેજ ખેલી : બતાવો છો ? " બાજી હાથમાં લેવા માટે મીઠી ભાષામાં શરૂઆત કરી.

" બાપુ ! મ્હારૂં ધ્યાન નહોતું. માફ કરો ! તમ સરખા દયાળુની કૃપાપર અમે જીવીયે છીએ " ; નટે પોતાની સ્વાભાવીક સાદી ભાષામાં મહોરો લેતાં જવાબ આપ્યો.

નટના શબ્દો અડધા સાંભળ્યા ન સાંભળ્યા કુમાર તો પોતાની માનેલી એ ધ્રુવતારલી સમ નટપુત્રી સામું જોઇજ રહ્યો. ઇંખીત વસ્તુની પ્રાપ્તી માટે શી રીતે યાચના કરવી તેનાં વિચારોમાં ગોથાં ખાવા લાગ્યો. એ તે નટની સાથે વાતો કરે કે નટપુત્રીને નિહાળે ? પળે પળે તેણીનાં અંગેઅંગમાંથી કળાવિધાન, તેનો દેહ વૈભવ્ય અને મોહકતા નીતરતી જોઇ તે પોતાને તદ્દન ભૂલી ગયો ! પોતે જાણે એકલો પ્રકાશનું પાન કરતો હોય અને સારૂં વિશ્વ અંધકારમાં ગોથાં ખાતું હોય તેવાં ચિત્રો મનોસ્રૃષ્ટીમાં ચિતરવા લાગ્યો ! બીચારો મોહાંધ માનવી !

મોહમાયાનો અંધકાર, માયાનો પાશ એવો તો અગમ્ય

છે કે ક્ષણભરમાં ફૂટે છે, અને અનેક વર્ષો સુધી વિકસે છે. તેના માયાપાત્ર સિવાય જગતની દરેક વસ્તુઓ, સ્થાનો અને સાધનો તેને નિરાશાપ્રદ લાગે છે. તે એક દિવસે પળવારમાં મોહનો લેદી પડદો તૂટી જતાં સર્વત્ર આશા આશાજ છાઇ રહે છે.

ઈલાયચીપુત્રે આગળ ચલાવતાં જણાવ્યું "વારૂં ! આ બધું તમે શાને અર્થે કરો છો ?" નટવી ખડખડ હસી પડયો. આવો પ્રશ્ન પૂછનાર આજસુધી તેને કોઇ મળ્યો નહોતો. "હા. હા. હા. હા. તમે નથી જાણતાં શું ! શેઠ ! આ ધંધો કેવળ પૈસા અને કળાના વિકાસ ખાતર કરી રહ્યો છું."

"એમ ! તો પછી આ બધી ધમાલ જવા દો તો ? કુમારે લાલચો આપવા માંડી.

"એટલે પછી શું કરીયે ? ધમાલો ન કરીયે. ધધો ન કરીયે તો ભુખેજ મરીયે ને ? પેટની વેઠ કરવી પડે છે અને બાપદાદાની કળાનો વારસો ભાવી પ્રજાને સોંપવો છે, તો તે ન કરીયે તો કેમ ચાલે ?" નટે શુદ્ધભાવથી કારણ દર્શાવ્યું.

"હા ! પેટની પેઠ જરૂર કરવી, પરંતુ હું તેને સદાને માટે મટાડવા તમારી સામે ઉભો છું લ્યો, માગો તમે ચાહે તે માગી લ્યો. હું તે આપવા તૈયાર છું" કુમાર આગળ બોલવા જતો હતો. નટ ચમકયો કે "આ શી પ્રભુની કૃપા ?"

"શેઠ ! પણ અમે તમારૂં શું ભલું કર્યું છે કે આટલી બધી કૃપા ?" નટે સ્મિત કરતાં પૂછયું.

નટવીએ ગૌરવતાથી પોતાનું મસ્તક ઉન્નત રાખતાં જણાવી દીધું. કુમાર તેની સામે જોઇ પાછો બોલવા લાગ્યો.

" અરે નટવી ? ભૂલો છો ! તમારી રાંકડી દશા જોઇ મને લાગી આવે છે તેમાંય વળી આવા ઉંધા ધર્મસુત્રો સાંભળતાં કમીકમી ઉઠું છું. "

" રાંકડી દશા કોની ? મારી કે તમારી ? શેઠ ! ઉંધા ધર્મ-સુત્રો તો તમે ભણાવો છો ! " નટે શાંતિથી જવાબ આપ્યો.

" હા ! પણ તેમાં તમારો શો દોષ ? તમારૂં નશીબ હજું પાધરૂં નહિં હોય. નહિંતર મ્હારા પિતાના અનંત લક્ષ્મીના ભંડારો, મ્હારા શુશોભિત મહાલયો મ્હારી સઘળી સંપત્તી અને ગાડી ઘોડામાં બેસી "શેઠાણી" થઇને મ્હાલતા જીવનનાં અમુલ્ય લ્હાવાને તુચ્છકારો નહિં, કહો શું વિચાર છે. " નશીબ દેવીના સગાબંધુ સમ ઇલાયચીનાં પરોપકારી વચનામૃતો એક પછી એક વહેવા લાગ્યા.

" શેઠજી ! માફ કરો. તમારા પત્થરબંધી મહાલયો કરતાં મ્હારી રંક ઝુંપડીમાં મ્હારી પુત્રી કાંઇ ઓછા એશઆરામ ભોગવતી નથી. અમારે તો મહેનત કરીને સાંજ પડે રોટલા ખાવાના છે. ગરીબોના રૂધીર પર રચાયેલા લક્ષ્મીનાં ભંડારો તો પાપની પાંજરાપોળો છે; એ અમને ન ખપે અમારી જ્ઞાતિનાં પ્રત્યેક સ્રી કે પુરૂષ બાળ કે વૃદ્ધ પોતાના ઉદર નિર્વાહ અર્થે પોતાનાજ પગ પર મુસ્તાક રહે છે. એવા વાતાવરણમાં ઉછરેલી અમારી પુત્રીઓ તમારા રૂપ અને ધનભંડાર પર થુંકે

છો તેથી પોતાના જીવન સહચાર માટે કળા કૌશલ્યમાં ઉસ્તાદ એવા પુરૂષોને ખોળે છે. જાવ શેઠજી ! ઘેર જઇને સૂઇ જાવ. જગતને ઠગવા નીકળ્યા છો, કે લોઢું આપી પારસમણી લેવા બહાર પડયા ! " એક એક વચનો સાંભળીને ઇલાયચીના ગાત્રો નિસ્તેજ થવા લાગ્યા. નટને કઇ રીતે મનાવવો એજ વિચારમાં ગુંચવાવાં મંડયો.

" નટવર ! કાંઇ નીસ્સો બીસ્સો તો લગાવ્યો નથી ને ? જગતનાં વિદ્વાનો તો પોકારી પોકારીને કહે છે કે "સર્વેગુણા" રૂપ, કળા મોહીની આદિ જે કહો તે કંચનમાં છે. હું તમારે આંગણે આજે જ્યારે કંચનના મેહ વરસાવવા આવ્યો છું ત્યારે નકાર ભણવામાં શું ડહાપણ સમજી રહ્યા છો ? અભીમાનનાં સીંહાસનેથી નીચે ઉતરો તો જણાશે કે તમારી સ્થીતિ કેટલી બધી કંગાળ છે ! માત્ર નાચી ખાવામાં મનુષ્યત્વ સમાયલું હોય તો ઉપાય નથી. મ્હારી નમ્ર યાચનાનો અસ્વીકાર કરવામાં તો તમે તમારો પોતાનો છેહ કરી રહ્યા છો. એક દિવસ મૃત્યુની શય્યા પર પડશો ત્યારે છેલ્લું પાણી ખરીદીને પીવા પૈસા નહિ મળે ત્યારે તરફડી તરફડીને મરશો છેલ્લા ડચકા આવશે ત્યારે મને યાદ કરશો" ધનભંડારોને કબજેજ મૃત્યુની લગામ હોવાનું માનતો ઇલાયચી નટવીને " છક્કા પંચા " ભણાવવા લાગ્યો.

' શેઠ ! તમારૂં ડહાપણ સાંભળીને ખરે ! મને હસવું આવે છે. એ ઓલવાઇ જતાં જીવન દિપકને કોણ અટકાવી શ તેમ છે. પછી રાય હો કે રંક ગમે તેને માથે મૃત્યુ ઘંટનો વાગ્યો રોય છે. કોઇનો શણકાર વહેલો તો કોઇનો મોડો પરંતુ ગરીબોને

યોગ કરે છે! નહિં કલ્પેલો નહિં ધારેલો અને નહિં યોજેલ કાર્યો તેનાં હાથે પળમાં થાય છે. તેને પોતાની સામાન્ય "જીદ -કદાગ્રહ માટે જીવનભર દુઃખમાં સડવાનું ગમે છે. પણ જ્યાં ઓવાળ બેસે છે. એટલી ચઢેલી ભરતી ઓટના સ્વરૂપમાં પરિણામે છે. અને સત્ય તેના સિદ્ધાંત બને છે ત્યારે એ ઘટના આંખના પલકારામાં બદલાઇ જાય છે તેમ આ ઇલાયચીપુત્ર અણખેડયા માર્ગે વિહરવા માટે મોહાંધ દશામાં બહાર પડે છે! કોણ સમજાવે! કોણ ઠેકાણે લાવે!

નટવીની માંગણી ચોકખી અસંબંધ હોવા છતાં કુમારને મન તે "સીધી" ભાસી! આખરે જોઇતી ચીજ મળી જશે માની નવી દશા, નવી જુવાની અને નુતન મોહકળાના પટ પર પોતાનું જીવન આલેખી મોહવશ બનેલો કુમાર પોતાના સુખનું સાચું મૂળ સુંદરીના રૂપમાં જ માનતો આનંદથી ગેલ કરતો નટવીની માગણીને વશ થયો. દેવોને પણ દુર્લભ એવી મોજશોખની વિલાસતા, અને સમૃદ્ધિ છોડી એ માનવબા.. નટવી અને નટપુત્રી સાથે જંગલના ઉઘાડા પ્રદેશમાં અને બટકુ રોટલો માગી પેટ ભરવા તત્પર બન્યો! નટપુત્રીનાં સૌંદર્ય ખાતર! હે સુંદરતા! ભ્રમણાયુક્ત સુંદરતા તારી જાલમાં કોણ નથી ફસાયું? તો લક્ષ્મીપુત્રનાં શા ભાર?

જીવન વાસનાથી ભાગ્યેજ મનની તૃપ્તી અને દેહ સૌંદર્ય [illegible] લલિત નમ્રતા વિકસિત પુષ્પની માફક મળી શકે

તેની બિચારા આ કુમારને ખબર નથી. જેથી સૌંદર્ય એ તેનો જીવન આદર્શ બન્યો છે. જેને કાજે આજ તે ફકીરી લેવા તૈયાર થયો છે. આત્માના તેજપર અંધકારનો પડદો છવાયો !

પુત્રી ! તું સંમત છે ને ? આ શેઠ સાથે લગ્ન કરવામાં રાજી છો ? " નટવીએ પુત્રીની સંમતી માગી.

" પિતાજી ! હું " શેઠ " નામને વરવા ચાહતી નથી " શેઠ હૃદયને " ચાહું છું પુત્રીએ પોતાનું તત્વજ્ઞાન ખોલ્યું

" એમ કેમ બેટા ! શેઠ નામ અને શેઠ હૃદય એ વળી શો ભેદ ? "

" સાંભળો ! શેઠ હૃદય એટલે ઉદારતાનું જીવન સ્વરૂપ અને શેઠ નામ એટલે કંજુસાઇનું કંગાળ પુતળું. ડરપોક અને બુડદાલપણું મ્હારા મનગમતા " શેઠ હૃદય "માં હું નથીઇચ્છતી આ શેઠ કઇ પ્રકતીનાં છે તે જાણવા માંગુ છું નટપુત્રીએ પતિની પસંદગીનાં કારણો બતાવ્યા.

" જાઓ બેટા તમે મળો ને વાતચીત કરો. પલવારમાં એ તો જણાઇ આવશે બેટા ! તારી પરિક્ષામાં પસાર થશે તોજ આપણે લગ્ન કરીશું " કહી નટવી ગામમાં બન્નેને એકલા મૂકી બ્હાર ચાલ્યો ગયો.

એકાન્તમાં જઇને બન્નેએ એક બીજાનાં મન પારખ્યાં, બન્નેનાં મુખારવિન્દોમાં સંતોષભર્યા ભાવ પ્રસરી રહ્યા પ્રેમની ગાંઠો બંધાણી.

હ્યો બેસો હું ઘેરથી કાંઇક ઝવેરાત લઇ આવું “ નટપુત્રીને
ત્યાંજ બેસાડી ઇલાયચી પોતાને ત્યાંથી ઝવેરાત લાવવા રજા
લેવા માંડ્યો.

“ સબુર ! નાથ ! તમારી અખુટ લક્ષ્મી મ્હારે નકામી છે.
એ તમારા અને મ્હારા વચ્ચે બંધાયેલ પ્રેમમાં દખલતા
કરશે એ આશા છોડી દ્યો ચાલો આપણે હવે જઇએ. ” નટપુ-
ત્રીએ કહ્યું.

ગામમાંથી આવી નટે સર્વ હકીકત જાણીને પછી તુરતજ
ત્યાંથીજ પરબાયા રવાના થવા વિચાર્યું, કારણ પુત્રીનાં લગ્ન
કરવાનો અવસર પણ નજીક આવતો હતો. તેની અવસ્થા જોતાં
હવે વિલંબ કરવો તે હાનીકતા જણાયું કુમાર પણ એજ વેશે
ને એજ વખતે નટની સાથે જતાં બોલ્યો “ ચાલો ત્યારે એ
લક્ષ્મીના [illegible] માટે ત્યાજ્ય છે. પિતા માતાને
છેલ્લાં પ્રણામ હો ! ચાલો ! આપની સાથે રહીને નટકળામાં હું
પ્રવીણ થઇશ બોલો ? પછી આ..... પરણાવશોને ?” લજ્જા
છોડીને કુમારે માતાપીતા, એલાવર્ધનપુર, સુખસંપત્તિ આદિ
તજતાં જણાવ્યું.

“ એ તો મ્હારો કોલ છે ! ” નટે કુમારને પુત્રી પરણાવ
વાનો વિચાર મક્કમતાથી જણાવ્યો.

જૈનપુત્ર ઇલાયચી કુમાર માનવ જીવનનાં મોંઘા સંસ્કાર
ભુલીને નટડાનાં નાચ અને ગાન પાછળ પોતાનું ધ્યેય સમજી
ગામે ગામ ફરવા લાગ્યો. ધર્મનિષ્ઠ પિતાના વ્હાલા પુ

લક્ષ્મીનાં છલકનાં ભંડારો છોડી ગોહુ–સૌંદર્યની પાછી ફકીરી
લીધી ! તેના હૃદય મંદિરમાં વાગતાં પ્રભુતાના ઘંટારવો હ
બંધ પડ્યા છે જીવનની પળેપળે વંચાતા અનંત યુગનાં સ્વપ્ન
તેમાં વિલાસ પાછળ છુપાઇ બેઠાં છે. જોઇશું કે નટવી તરી
જગત સમક્ષ તે કેવી રીતે પ્રખ્યાતી મેળવે છે ? પરપોટીઅ
સૌંદર્યનો પુજારી કાલાંતરે કેવો પ્રભુભક્ત બને છે ?

મોહીની જ્યારે મોહજાળ પાથરે, તેના શરાબની પ્યા
જ્યારે ચળકાટ મારે અને તેમાંજ આનંદ સુખ અનુભવ
નિમંત્રે ત્યારે એ ફટાકડીના મામલા વચ્ચે ઉપરથી દેખાતા સુંદ
" સ્વાગત " ને ઓળખી લેવાની વિવેકશક્તિ વગરનો ઇલાયચ
મોહદશામાં જાતિ નાતી છોડીને નટ બન્યો છે. લક્ષ્મીને તરછો
ડીને ટુકડા ઉઘરાવનાર કલાબાજ નટડીનાં "સ્વામી" કહેરાવવા
ગૌરવ સમજે છે. આમ એ આત્મસૌંદર્યને બદલે દેહસૌંદર્ય
પતંગીયું યૌવનનનાં મોજામાં ગડગડાટ કરતું ઉછાળા મારે
નટડીને પરણવાના અભિલાષી તૃષીત હૃદયને આજે શાંતિ મ
છે. પણ તેને ક્યાં ખબર છે કે સાચું સૌંદર્ય દેહમાં નથ
આત્મામાં છે. રૂપમાં નથી ગુણમાં છે, દેહસૌંદર્યથી મુગ્ધ બને
" પ્રેમી યુગલ " ની ક્ષિતીજ પર આશાની ઊષા ઉગી–ન ઉ
આનંદનાં વહાણાં વ્હાયાં–ન વ્હાયાં ને નિરાશાની શ્યામ ર
નીના અંધકાર છવાય છે !

હા ! આ પણ એક અનુપમ આદરણીય દૃષ્ટાંત છે. જીદ
એ તો ઝરો છે, ઝરાનાં નીર તો વહેતાંજ સારા ! ઝરાના પ્રવા

કોઇ વખત પ્રલયકારી પણ હોય દુઃખદાયક નીવડે પણ એક ક્ષણ
એવી આવે છે કે તે વખતે ચોક્કસ ભાન થઇ જાય કે " આ
ઝરો પ્રલયકારી છે. "

એ પ્રલયકારી ઝરાનું વહેણ અને ભાન થયા પૂર્વેનો મધ્ય-
[illegible] "ભયંકર" ગણાય છે. કારણકે વહેતાં વહેતાં કેટલાક "સફેદ-
ફીણો " વચ્ચે આવતાં તેનું દૂધ તરીકે પાન કરવાનું મન થાય.
તેજ સાધ્ય મનાય, અને પછી મુંઝયો માનવી ત્યાંજ સ્તંભી
જઇ આગળ વહેવું બંધ કરે ત્યારે એ માનવ ઝરાના બંધિયાર
[illegible] ! આ [illegible]માં મયા તે સદાને માટે
ભરેલા છે. અને " બદબો " ની ઓળખાણ કરી લઇ કોઇનું
સુગંધી પદાર્થ તરફ મન આકર્ષાય ત્યારે જીવનઝરો પાછો નિય-
મીત રૂપમાં વહેવા પામે છે. આ બધી " જીવનકળા "
[illegible] વિવિધ પ્રકારનાં રણક્ષેત્રો છે. તેથી
[illegible] યોગ્ય છે એમ પહેલેથી કહેનાર
[illegible]
[illegible]

[illegible] પુત્ર આજે નટના રૂપમાં
[illegible] કરે. ઢોલકાં બજાવે,
[illegible] પેટ ભરે ! આ સ્થિતી બાહ્ય
દોરપર નાચે, અને [illegible]
[illegible] જોતાં જરા ખેદજનક લાગશે. પણ વિશ્વના સમતોલ-
[illegible] નહિં આવા ફેરફારો
[illegible] "ચૈતન્ય"
[illegible] જાગી ઉઠી સાચા
[illegible]

સાથે પાછળ લાગી જાય છે. કેટલાક ક્યાં છો ! અદેખાઇ છે ! ઉભેલા હશે. કેટલીક તીરની જેમ. એ અદેખાઇના સૂરત ભાગ પાડેલા કરેલા. હવે ઇલાયચીપદ કરવી નજર કેમ ?

વર્ષોનાં વહાણાં વહી ગયાં છે. અને એક આંશિક સરકાર-નટરાજ નહીં, ઇલાયચીના " નટપુત્ર " ની અદેખાઇ જગ પ્રસિદ્ધ થઇ. નગર નાણાંથી ઉભરાતા પટાવાળાને લાત મારી પેટ માટે " હાથ " લાંબો કરવામાં જીંદગીની " દરિદ્રતા " તેને દેખાવા લાગી. સોના રૂપાનાં દાગીનાને બદલે શણ અને કામના મણકાઓ ગળામાં મોતી રહ્યાં છે જીવનના " અજવાળાં અંધારે " આવી સ્વચ્છતાવાન ધનિવાન અને દૈવી આદર્શવાળી સુશીલ નટપુત્રીનો સંગમ સહવાસના અરણ્યમાં ચિન્તા છાંવડે, તેને બીજા જન્મની વીરડી સમજાવ્યો પણ ભવિષ્ય ટાણીપાં કરીને પરકારે છે કે એ નાચ-એ રેશ્કાર જ " ધર્મતત્ત્વ " ને જન્માવશે. તેમાંથી દિવ્યતા અને આત્મતેજ જાગી રહેશે. મસ્તુ.

અને ઓ નટરાજ ઇલાયચી હવે તમે દોર ઉપર ઉભા ઉભા શું જોયા કરો છો ? તમારા જીવનમાંથી "જગતની નજરે" તમે કુળધર્મ તરફ બાણુ કયારનું ફેંકી દીધું છે. એક પાત્રની ખાતર આ દશા તમે પ્રેમથી વ્હોરી લીધી ખરૂં ને ?

ઓ સમયદેવ તારા ચરણે એક લક્ષ્મીપુત્રનું બાળક ધરી દીધું છે. પૂર્વ જીવનનાં માતાપીતાના લાડ એને કોણ લડાવશે ? સાચવજો એને સમયનું ભાન કરાવજો. દેવ, અમારૂં

એ રત્ન છે. રત્ન ઉપર વળેલાં કાટને દૂર કરવા સુગંધી સાબુનો ઉપયોગ કરીને જેનું છે તેને પાછું સ્વચ્છ બનાવીને સોંપજો, મન ફાવતાં પહેલ–પાડજો ગમે તેમ કરજો.

દેશ દેશાવરથી એ નટરાજને આમંત્રણ આવ્યા. સ્વીકારાયા અને કળા રસીકો પાસેથી અમુલ્ય ભેટણાં પણ પ્રાપ્ત કર્યા. નટડીનો પિતા સ્વર્ગસ્થ થયો છે. માત્ર દંપતિ એકલ આનંદ કરે છે આજે તેમનો પડાવ બેનાતટ નગરના નૃપતિના આંગણે નંખાયો છે. રાજાને તેની નટકળા જોવાની ઇચ્છા થઇ છે. રાજમહેલનાં વિશાળ [illegible] નટને જોઇતી સામગ્રીઓ હાજર થઇ છે. ખાડા ખોદાયા છે. હીંચકા બંધાયા છે તથા જમીનમાં ઉંડા ખાડા ખોદીને બે વાંસ ખોડયા છે ને બે વાંસ વચ્ચે ધાતુનો એક [illegible] કરે છે.

[illegible] નટરાજની કળા તપાસવા રાજા, દરબારી પુરૂષો ઉપરાંત હજારોની મેદની જામી છે. મહેલના છજામાં તથા ઝરૂખામાં [illegible] પુરની [illegible] બેઠી છે. રાજા એકી-[illegible]

આનંદપુર [illegible] કોઇ ઇતિહાસકારનાં પાને આળખાયો નથી. આજના ભેટ કોઇ અનેરી છે.

મેદની બરાબર જામી એટલે રાજાએ નટરાજને બોલાવી આજ્ઞા કરી કે " નટરાજ ! તમારી કળાનાં દર્શન કરાવો '' તુરતજ [illegible] નારીને નમસ્કાર [illegible] નટવો હસતો હસતો મેદાને આવ્યો. એ [illegible] મુખડું જોતાં સૌનાં દિલ થનથનવા

લાગ્યા. એ સ્ટેજપર પ્રસન્નતા હતી. વિખરતા અર્ધું કમાન ફરકયું. બાવટાપર નાચ કેના એકપછી એક એમ એકઠા લાગ્યો પ્રેક્ષકો તાળીયો પાડીને હૃદયથી તેની કળાને વધાવવા લાગ્યા હવે એક સુંદર ખેલ થવાનો બાકી હતો. સુંદર હોવા સાથે અદ્ભુત ચમત્કારક હતો. બે વાંસ વચ્ચે જોડેલાં ધાતુના ઝીણા તારપર નાચવાનું કાર્ય શરૂ થયું. ઇલાયચીકુમાર હસતો હસતો તારપર એક હાથમાં ચમકતી તલવાર અને બીજા હાથમાં ઢાલ લઈને એ ગગનચુંબી-આકાશમાં અદ્ધર રહેલા તારપર ચડીને નૃત્યકળાની ખુબીઓ બતાવવા માંડયો.

સમય અદશ્ય રીતે રહીને બોલે છે કે આજે નટરાજની ભાગ્યરેખા ખીલવાની છે.

વાંચક! આજ નટરાજના મોહાંધ જીવનની સંધ્યા છે. સંધ્યાનાં રંગ જરા મોહક અને ચમકદાર પણ હોય તેમ આજ તેનાં મુખપર કળાનું સમગ્ર તેજ આવી રહ્યું છે.

ઇલાયચી તારપર નાચવા લાગ્યો. પ્રેક્ષકો એ "ધનધન્ય" ના પોકારો કર્યા પણ આ રાજા કેમ મૌન બેઠો છે? શું એ કળાવિહીન છે? કે યોગ સમાધીમાં લીન બન્યો છે? જોઇએ હીએ આગળ શું બને છે?

ખેલ પુરો થતાં નટવી દોરપરથી નીચે ઉતરી રાજા આગળ આવી ઉભો. રાજાએ પ્રમાણપત્ર ન આપ્યું.

"જુઓ નટરાજ! આ છેલ્લાં પ્રયોગને એકવાર ફરી

બતાવો " રાજાની આજ્ઞા એટલે પ્રભુની આજ્ઞા માનનારો પ્રજામાનો એક નટવી પુનઃ વાંસ ઉપર ગડગડ ચડી ગયો. વાંસની નીચે એ સૌંદર્યની પૂતળી નટડી (તેની સ્ત્રી) ગુલાબી ગાલ પર રતાશના ચાબકાં છાપીને સ્મીત હાસ્ય કરતી પોતાના મનમોહક પતિદેવનો થાક ઉતારવા તથા ઉત્સાહ પ્રેરવા સુંદર મધુર કંઠે ગાતી ગાતી ઢોલ બજાવે છે. રૂપ અને કંઠ એ બેનો સંગમ તો જગત માનવીને કુદરતની કિંમતીમાં કિંમતી બક્ષીસ છે. કલાકારોનીં તો એ સ્થાવર મૂડી છે. કલા પિપાસુઓની મધુરી બંસરી છે. કંઠની મધુરતાએ ભલભલા દુશ્મનો અને સંયમીઓનાં ગાત્ર ઢીલા કર્યાં છે. રૂપની મોહકતાએ વિશ્વામિત્ર જેવા તપશ્વીઓના તપ ભંગાવ્યા છે. તો પછી આ બેનો સંગમ શું શું ન કરે ? પવનની લહેરે લહેરે એ મધુર કંઠનાં આંદોલનો પ્રસરી રહ્યા. એ નટડીનું રૂપ જાણે (નખ્ખોદીયું) તેની પાછળ પડયું હોય તેમ દુનીયાનાં સ્પર્શથી લજ્જા પામતું છતાં જ્યાં જ્યાં દૃષ્ટી ફેંકે ત્યાં ત્યાંની વસ્તુઓ આવીને તેનાં સૌંદર્ય બગીચામાં ઘસડાઇ આવે કોઇ મુંગું તો કોઇ બોલતું દોડી આવે છે. પલવારમાં અનેક રાજા મહારાજા અને યોગીઓનાં દીલડાં નચાવે છે. ચંચળ યુવાનીને મોહચુંબક માફક આકર્ષે છે. ત્યાં આ રાજાના શા ભાર? રાજા ભૂલ્યો, ગબડ્યો, રાજ્યાસનને અભડાવી વિષ્યાસકત થવા લાગ્યો.

સૃષ્ટીમાં સૌંદર્યનાં શિકારી કયાં ઓછાં છે ? વીંટીમાં જડેલા કુંદનની જેમ વીંટી ઝગમગે તેમ યૌવનમાં જડાએલા

વીગેરે સૌંદર્યની શું જગતમાં જોડ હશે કે ” આવી લાગણીઓ વચ્ચે પણ તેનું મન પ્રબળ તોફાને ચડયું હતું. રાજા ભુલી ગયો કે “ હું રાજા છું ” તેને ખબર ન રહી કે બુદ્ધિ અને કર્તવ્યનો વ્યભિચાર એજ મૃત્યુઘંટ છે.

“ બજાવો બજાવો, ઢોલ બજાવો, કેવું સરસ નાચી રહ્યો છે ” બોલીને રાજાએ નટડીનાં સૌંદર્યનું પાન કરવા માંડયું. “ જો એમ કરતાં થાકવાથી નટ દોરપરથી નીચે ગબડી પડશે ને મરી જશે તો જરૂર નટડીને [illegible] ” એમ મનમાં વિચારતો રાજા [illegible]

વાંચક જો તો ખરો કે પોતાની ફલસિદ્ધી માટે મનુષ્યના હૃદય નીચે કેવા કાળા પડો પથરાયેલા જણાય છે ? કામાંધ માનવીઓ પારકાના હિત અહિતની વચ્ચે સહેજ પણ વિચાર કરવાની [illegible] નથી. જ્યારે જ્યારે મનુષ્ય સમજી ગયો છે કે કામ અને ક્રોધના વેગને સામી છાતીએ [illegible], [illegible] એજ જીવન છે. તેમાંજ જીવનનો વિકાસ છે. [illegible] [illegible] નથી [illegible] છે. [illegible]

[illegible]

[illegible]

નટવીએ એટવાર બે વાર ત્રણ વાર ઉપરાઉપરી ખેલ કરી બતાવ્યા. પણ રાજા પ્રમાણે પત્ર આપતો નથી. ક્યાંથી આપે તેને દુર્બુદ્ધિ સૂઝી છે. આ વખતે નટવીને મન થવા લાગ્યું કે " ધિક્કાર હો ! આ મ્હારી કળાની અધુરાશ જણાય છે " ખરેખર વાત એક દ્રષ્ટીએ સાચી કહી શકાય. કારણકે તેની કળા માત્ર સૌંદય પાછળ ખીલી હતી. સૌંદર્ય જ તેની કળાનું મુખ્ય પાગ હતું. સાધન હતું, તે કળા પાછળ પ્રણુનું ચીંતન કે દર્શન નથી, તે નીતિને અર્થે નહિં, પણ કળાને ખાતર કળા હતી જેથી એમ તો જરૂર કહી શકાય કે જે કળા આત્મદર્શન નથી શીખવતી તે નીતિને અર્થે નહિં પણ " કળાને ખાતર કળા હતી. જેથી રહાય નમળે તેવી કળાનો કશો અર્થ નથી. આથી ઉલટું જયારે મનુષ્ય દેહને ભૂલી આત્મામાં સૌંદર્ય જુએ, આત્મ સૌંદર્યના પહેલ પાડે ત્યારેજ તે સાચો કળા રસીક ગણાય એવા કળા રસીકની દ્રષ્ટી હરહંમેશ આંતર જુએ. બાહ્ય ન જુએ. આ નટરાજની કળા તો આજ સુધી શરીર દ્વારા પ્રણુમેલી હોઇને મોક્ષની આડે આવવાની વસ્તુ તરીકે વપરાઇ છે. તો તેને ખાલી ભ્રમણા અગરતો કળાભાસ કહીયે તે જરાયે ખોટું નથી.

પોતાની માનેલી આ કળાએ પણ આખરે દગો દીધો તેમ માની ઇલાયચીકુમાર આંખો બંધ કરી ગયા. એક ક્ષણ બે ક્ષણ બંધ કરી ઉઘાડે છે ત્યાં તો દોર ઉપર ઉભા ઉભા દૂર એક શ્રેષ્ઠીના મંદિરમાં નજર પહોંચી, એક ગૃહસ્થની સ્ત્રી સામે એક ત્યાગી

મહાત્મા શાંત ચીતે ઉભા છે તેની સુંદર દેહદ્રષ્ટીની આસપાસ કોઇ અપૂર્વ તેજ વ્યાપી રહ્યુ છે. નયનોમાં વૈરાગ્ય, દયા. અને પ્રેમ ભર્યા છે. તેના ભાવ કપાળમાં જ્ઞાન તેજ જગમગી રહ્યું છે. દર્શન માત્રથીએ કોઇ મહાયોગી—તપસ્વી જણાય છે. તેનો શાંત ને સુશીલ ચ્હેરો શશીરાજની સ્પર્ધા કરતો હતો. ઓહો ! તેની નિસ્પૃહતા તો જુઓ નટડીને પણ લજાવે તેવી રૂપની રંભા સરખી સુંદરી મોદકનો થાલ ભરીને વ્હોરવા (ગૃહવા) વિનંતી કરે છે. સુંદરીના પગલે પગલે કંકુની ઢગલીઓ પડતી. એવી નાજુક અને સુંદર સુંદરીની શોભા અને અંગ. અંગઅંગમાં ચમકતું તેજ જોઇ સાધુ વિકારહિન દશામાં હજુ સ્થિર ઉભા છે.

" સાહેબ આ મોદક વ્હોરોને મંદ સ્વરે સુંદરીએ મુનિરાજને લાડવા વ્હોરવા પ્રાર્થનાં કરે છે સાધુ ડોકું ધુણાવીને ના પાડે છે કે " અમારે .રસપાનની શી જરૂર પૌષ્ટીક આહાર અમારે વર્જીત છે." કહી નીચી નજરે ઉભા છે. પણ સુંદરી સામે નજર કરતા નથી. તેનાં અમીભર્યાં નયનો જમીન પર ઢળી રહ્યા છે.

એકજ પળ ! એકજ સેકંડ ! એકજ મીનીટના ! એ દશ્યે તેના આત્મા પોકારી ઉઠયો ! " ધિક્કાર હો ! મને, અને વંદન હો ! એવા નિર્મોહી—નિસ્પૃહી સાધુને કે આવા એકાંતમાં પણ સુંદરીના સામું ન જોયું. અરે, છુપી નજરથી પણ તેનું રૂપ નિહાળવાની ઇચ્છા ન જાગી. આવી અડોલ વૃત્તિને ધન્ય છે.

હા. હા. એમના ચિત્તની કેટલી બધી દૃઢતા ! ધિક્કાર હો મારી વિષય લાલસાને !! ” બોલીને વાંસ ઉપર ઉભો ઉભો એ નટરાજ આત્મભાવના ભાવવા લાગ્યો. જગત્ પ્રવાસમાં સૌંદર્ય પાછળ ભુલા પડેલાઓને માર્ગ દાખવવાને દોર ઉપર સ્થિર ચિત્તે ઉભો રહી વિચારવા લાગ્યો. એકજ મિનિટ પહેલાંના દૃશ્યથી પૂર્વ-જીવનના ગુન્હા માટે ખેદ કરતો, જડજીવનમાંથી આત્મજીવનમાં પ્રવેશ કરતો હોય તેમ એક બાજુ આત્મપીડા ને બીજી તરફ અપૂર્વ જ્ઞાન અનુભવતો ઉભો રહ્યો. બાહ્ય સૌંદર્યના મોહમાં ઘેલો બનેલો સાચા આત્મિક સૌંદર્યનું દર્શન કરવા તલપાપડ બન્યો.

“ અરે ! હું અત્યારે ક્યાં ઉભો છું ? આ માયાવી સંસાર-ની ઘટનાઓમાં હું ફસાયો છું. અરેરે ! આ ઘટઘટ વ્યાપી આત્મદેવને મેં ન ઓળખ્યા ? શું આ ઇલાયચીનું જીવન નટ-વી માટે સર્જાયું હતું ? એક વખતનો લક્ષ્મીપુત્ર માંસના લોચા ઉપર મોહાયો ? ધિક્કાર હો ! મ્હારે શું મોં લઇને હવે ચાલવું ? નિર્ભયતાથી સત્યના પ્રદેશમાં વિહરવાનું મને ન સુઝ્યું અને જો ! પેલા સાધુ કેવા હતા ! આ નટડીથી પણ ચડે તેવી રૂપરૂપના ભંડાર સમ દેવાંગનાથી પણ ન મોહાયા અને હું ? ધિક્કાર હજો મને ! અનિચ્છવા યોગ્ય વાદીની પપુડી હું બન્યો અને આ આત્મદેવની આસપાસ જેમ સૂર્યની પાછળ રાહુ ફરતો હોય તેમ મોહમાયાના પાસની ધુળ ચડાવી, આ દેહને-ઇંદ્રિયોને આજ સુધી બહુ બહુ રીઝવી, પણ આત્માને ભુલી ગયો. શરીરની તાલાવેલીમાં અને મોહભરી ચહલમાં તેને હું ભૂલ્યો. આત્મા

અમર છે અને દેહ ક્ષણભંગુર છે તો તેવા શરીરને હલકા વૈભવ વિલાસોથી શણગારવા કરતાં અલ્પ પણ આત્મિક પ્રવૃત્તિ કરી હોય તો કેવું સારૂં ! અરે ! મેં અત્યાર સુધી એ પરમ પવિત્ર આત્મદેવ જેવા વિરલ મિત્રને ગુમાવ્યો અને તેમ કરી માનવજીવનના રમણીય ક્ષેત્રે હોઠે આવેલો અમૃત પ્યાલો મેં જ ઢોળી નાંખ્યો ! ”

સભા આખી તેની સામું જોઇ રહી. શું સોયની અણી ઉપર [illegible] આમજ ? નટરાજ જાણે સૂવર્ણ- [illegible] આ શા ધમપછાડા કરી રહ્યો [illegible] આપણે ક્યાંથી [illegible] અંતરવેદના, અરે વાંચક ! [illegible] આત્મમંદિરનો રણકાર સંસારીનાં બ્હેરાં કાનો ક્યાંથી સાંભળી શકે ? પાછી તેણે આંખ મીચી મુખ સંકોચ્યું. [illegible] થઇને દોર ઉપર ઉભા [illegible] ચમકારા મારતું મુખડું કેવું તગ- [illegible] દિપક ઝગઝગતો [illegible] છે ? તેના [illegible] નીરખતું હોય તેમ [illegible]

યુવાનના [illegible] હૃદય માટે તેનું [illegible] ધબકવા લાગ્યું. આટલું [illegible] મોઢામાંથી [illegible]

તામાં ઉછાળે આવેલા ડહોળા નીર શમી જતાં તાજાં અને નિર્મળ નીર વહેવા લાગ્યાં. દીલનાં બધા પાપો પશ્ચાતાપના આંસુ થઇને સરવા લાગ્યા.

દ્વારપર ઉભા રહીને એક ગુન્હેગાર માફક પોતાના આત્મદેવ સમક્ષ વિહ્વળ દશામાં ગુન્હાનો એકરાર ચીંતવતો હોય તેમ સ્વગત બોલવા લાગ્યો:—

"આત્મદેવ ! જીવનના ધોરી રસ્તાપરથી "જીવન ગાડું" ઉથલાવીને આ ગલીઓમાં આવી અથડાઉં છું. હવે તો મને એ ગલીકુંચી કરતાંય કોઇ ઉચ્ચ રાજમાર્ગ જોઇએ છે. ખંડેર જીવન મહેલની વેરાયેલી ઈંટો ભેગી કરી કોઇ સુંદર દેવતાઇ ભુવન રચવું છે. આત્મદેવ ! આવો અને સુઇ ગયેલા આદર્શોને ઢંઢોળીને જગાડો. જડ બનેલા મને-હૃદયચીને ચેતનવંતો બનાવો ! આજ સુધીના જીવનમાં ઘણી શેતરંજો ખેલી, મન હસતું કે "હું જીતું છું-જીત્યો છું. પણ એ તો અંધાપો હતો. વસ્તુતઃ હું હાર્યો છું.'

આમ વધુ ને વધુ જેમ જેમ આત્મચીંતન કરે છે તેમ તેમ તેનો જીવાત્મા પોતાના વિકાસક્રમમાં ધમધમાટ કરતો આગળ ને આગળ ધપ્યે જાય છે. આત્માને નવી સરાણે ચડાવી ફરી વળેલા કાટને દૂર કરતાં મોહદશામાં આત્માથી વિખુટો પડેલો માનવી અચાનક આત્મસ્મૃતીઓ તાજી કરી પૂર્ણાનંદમય સુખ માણવાને આતુર બને છે. આતુરતાના અંત ક્રમે ક્રમે સુખની-સત્ય સુખની આનંદ ભરતીએ હીલોળા લ્યે છે. અત્યારે

તો માત્ર આત્માના રમ્યપ્રદેશે વિહરવાનો આલ્હાદ અનુભવવા તલસી રહ્યો છે. અને જો જો ! આવી ભવ્ય ભાવના સાથે તેનાં મોં પર ગુન્હેગારની દિનતા કેવી સ્પષ્ટ વંચાઇ રહી છે ? પોતાની પામરતા માટે કેવી દયા ખાઇ રહ્યો છે ?

અને પેલો પામર રાજા તો જો ! આંખનું મટકું એ મારતો નથી. નટડીનું અદ્‌ભૂત સૌંદર્ય અને છલકાતું જોબન જોઇ તેનો શિકારી બન્યો છે. તેની તરસી આંખો તરસ છીપે ત્યાં સુધી નટડીના સૌંદર્યનું પાન કરવા એકધ્યાન બની છે. જેમ જેમ વધુ વધુ [illegible] તેમ તેમ વધારે [illegible] ફોરમ બ્હેકી રહે છે ! રાજાને ખબર ન રહી કે જેમ સંધ્યાનાં રંગો ક્ષણિક હોય છે, તેમ આ સૌંદર્યની [illegible] ઉઘડીને ઘડીમાં [illegible] માનવી પાસેથી [illegible] જશે. [illegible] સમાધિસ્થ ઉભો [illegible] તેની સામું જોઇ રહી [illegible] ફરતી જણાઇ ! [illegible] ન હોય ! [illegible]

[illegible] ત્યારનાં પડ્યા. છતાંય [illegible] અંતરનાં ઉંડાણમાં [illegible] પેસતા જાય [illegible] ત્યાં [illegible] અને [illegible] નટડીમાંથી જ [illegible]

કોઇ મધુર રણકો શંખનાદનો જણાય છે. ધીમે ધીમે નિદ્રામાંથી જાગવા માંડી અને કહેવું આત્મદેવ અગાધ વાતો કરી રહ્યો. ટોમ તેવાં બાનવાદી શબ્દોમાં બોલવા લાગ્યો " શું દઉંને હું આ ઘર ઉપર છું ? હું કોણ ? અરે " હું " નો કહેનારો હું કોણ ? એક વખતનાં લક્ષ્યાધિપની ધનપતિનો પુત્ર કે જેને ત્યાં અખુટ સંપત્તિ બાગ બગીચા અને વિલાસ વૈભવ પણ નીત્ય કચરાના હતા. આહા ! તેની આ દશા ! શું હું નટરો ? સંસારની ગોરતી પર નાચનારો પાપી ! આજ તું ક્યાં ઉભો છે ? યુવાનવસ્થાના આંગણેજને ! પણ એ યુવાન તારી યુવાની અફળ છે. મોહ-દશામાં યૌવન ખીલતું તું અનુભવતો હર્ષદા પણ વસ્તુતઃ તે કામ ક્રમે સરતું જાય છે. વૈભવ અને વિલાસો સાધન અને સંપ-ત્તીઓથી તેને રોકી શકાતું નથી. યુવાનીવસ્થામાં અનેક આશાઓ પ્રગટે છે. તેમાંથી એકાદ ફળે છે ત્યાં તો બીજી અસંખ્ય નિરા-શાઓ મોટા સમુહમાં જન્મે છે ! ખરેખર એ વૈભવમાં અરે આ માયાવી સંસાર ઘટનામાં કોઇ સ્થળે તૃપ્તીનું અમૃત ભર્યું જ નથી. માટે જ કહું છું એ યુવાન ઇલાયચી ! રે મૂર્ખ ઇલાયચી ! તારી દીવાની અવસ્થામાં જીવનને અંધકારના કૂવામાં કેમ ફેંકે છે ? આજે યુવાની છે આવતી કાલે વૃદ્ધાવસ્થા પોતાનો પરવાનો લઇ આવી પહોંચશે. માટેજ વિચારી લે કે જીવન મૃત્યુના અંધકારમાં પેસે તે પહેલાં કામ સાધી લેવું જરૂરતું છે. અરે ! પણ તું હજુ કેમ ઉભો છે ! હાં તારા પાપો બાકી જણાય છે. તને હજીયે ખબર નથી પડતી કે સ્થુળવાસના-

ઓને તૃપ્ત કરવામાં માનવજીવનો વ્યય કરવો એ અક્ષમ્ય ગુન્હો
છે ? જોતો ખરો કે આ નયનોમાં ભરેલો મદ કયા સુખપદ પર
લઈ જવાનો છે કે તું આંહી ઉભો ઉભો નાચી રહ્યો છે ? તું તો
નટડી કાજે નાચે છે. ખરૂંને ? પણ મૂર્ખ ! સમજતો ખરો કે
નટડીના મોંઢા પર છવાયેલી ગુલાબી લાલી એ તો ચર્મનાં
અસ્તરો નીચે તરી આવેલા લોહી અને માંસનાં છુપા પ્રવાહ છે
મનહર દેખાતી આંખોમાં પીયા ભરાય છે, વાજીંત્રનાં મધુર !
સુર સાંભળનાર કાનોમાંથી હંમેશ મેલ નિકળે છે. સ્વાદિષ્ટ
વસ્તુઓ ખાનારા મોઢાંમાંથી લાળ અને થુંક નિકળ્યા કરે છે.
પુષ્પ અત્તરોની સુગંધ સુંઘનારા નાકમાંથી શ્લેષ્મ અને લીંટ
વહે છે. તો પછી એ શરીરમાં કઇ પ્રકારની સુંદરતા જોઇ તું
મોહાય છે ? જો પેલા વાળ-રેશમ વાગ્યા કે ! અરે એ સુંવાળી
રેશમી દેખાતી કેશલતાઓ તો નર્કના દ્વારમાં ખેંચનારી દોર-
ડાની ગરજ સારે તેવી ડાકીણી છે ધન્ય છે એ સાધુ મહાત્માને
કે જેણે સ્વર્ગની પરીસમ સુંદરી સામે આંખ સરખી ઉંચી ન
કરી. અને ધીટકાર હજો મને કે આવા રૂપમાં લુબ્ધ બની આત્મ-
તેજને ઝાંખો કરવાનો ધંધો લઇ બેઠો ! ઇંદ્રિયના વિષયમાં
આસકત થઇને "હું" "હુંને" પણ ભૂલ્યો ! તું નટડીને
અને તને પોતાને કઇ રીતે સૌંદર્યવાન માની તાંડવ નૃત્ય કરી
રહ્યો છે ?" આમ આત્માનાં ઉંચ્ચા આદર્શ ઝીલતો હોય અને
દેહનાં બંધનો તોડતો હોય તેમ આત્મમાર્ગનો પ્રવાસી બની
સુસાફરી આગળ લંબાવ્યે જાય છે. આ મુસાફરીમાં તેનાં દેહનું

બળીદાન હતું. પ્રભુના પેગામની તપાસણી હતી. તપાસણીમાં જેમ શીખરપરથી સ્વચ્છંદે ખેલતું કોઈ જરણું નીચે ઉતરતું હોય તેમ તેના હૈયામાંથી અનેક પાયશ્ચીતનાં બાણો દેહપર ફેંકાવા લાગ્યા.—

ઓ આત્મન્! પવિત્ર આત્મદેવ! તું કોણ છે? તારા ચૈતન્ય સ્વરૂપમાં આ જડ શરીરનો સંગમ થવાથી આ શું બની ગયું? તારૂં પદ તો અવર્ણનીય છે. તો પછી આ દેખાતી ગુલાબી ચામડી નીચે છુપાયેલા અંદરના મેલા માંસ, મેદ, અસ્થિત, દુર્ગંધ-ાય વિષ્ટા અને મળમૂત્રથી ભરેલા તુચ્છ એવા નટડીના શરીરપર ાને મોહાયો? અરે! આત્મા તો હજુ શું જંજીરોમાં-નટડીના ોહમાં જકડાયો ને શું?" આત્મા સાથે તે રોયો પેટભરીને રોયો. દેહની સત્તામાંથી છુટીને આત્મસત્તામાં સોંપાતા સુધી ખુબ રોયો. હૈયુ હળવું બન્યું અને દોરપરની તપશ્ચર્યા સમાપ્ત થતાં તેનાં આત્મબંધનો એક પછી એક તૂટવા લાગ્યા. તૂટતાં જાય અને અંતરમાં જામેલું તિમ દર્દ શમતું જાય, ગંભીર અને ગમગીન મુખપર પથરાયલા દુ:ખને બદલે અનંત જ્યોતિ ફરકી રહી! સમાધીમાંથી એબાકળા જાગી ઉઠેલા યોગીની જેમ સફાળો જાગી ઉઠયો. તેનું મોં ઝળકવા લાગ્યું સુંદરી અને જગત પરથી મ્હારાપણું" ખસી જતાં તેનામાં આત્મજ્ઞાન પ્રગટ્યું એટલે કે ભૂત ભવિષ્ય અને વર્તમાન દુનીયાના આશ્ચ-

અનેક દેહોના ફાંફા મારતા. પુણ્ય પોષણ કર્યાં છતાંય પીંડ તો બૂઝયું જ જણાવવાથી પીંડને મારીને આત્મામાં આત્મા જન્મ્યો. જન્મ થતાંની સાથેજ જ્ઞાન, શાંતિ, બોધ, સમતા, ત્યાગ, અને સંયમનાં મીઠડાં સ્વાદો અનુભવવા લાગ્યો. ના. ના. હવે તો એ " અનુભવવા લાગ્યા " એ કેવળી થયા છે. કેવળીને એકવચનનાં તોછડાં શબ્દોવડે સંબોધી આપણા આત્માને નહિં અભડાવીએ !

એ જુવાન પ્રવાસીએ એક રીતે કહીયે તો નવી દુનીયાનો વ્યવહાર બાંધ્યો છે. નિષ્પ્રાણ અને વેરાન દેખાતા જંગલમાં અમૃતવેલો વાવી છે. આ પરિવર્તનોથી તેનાં ભવ્ય ભાલદેશો સોનેરી તેજ અને આંખમાં ઝગક છાઇ રહી છે. અંગેઅંગમાં ચેતનના ચમકાર થાય છે. હૈયાનાં ખુણે ખુણાંમાં આશાના દિવડાંઓ પ્રગટ્યા છે. આત્માના વિયોગે ઝરતું જડ શરીર પુનઃ યોગ થતાં સુખ-શાશ્વત્ સુખની ઘડીઓ અનુભવે છે.

રાજા જોઈ રહ્યો. નટનો વેશ દૂર ફેંકાયલો પડ્યો છે. અને જો તો ખરો ! તેનાં શરીરે સાધુનાં જેવા વસ્ત્રો શોભી રહ્યાં છે. કોઇ ભવ્ય તેજસ્વી, અતિ તેજસ્વી પ્રકાશ અંધકારને વીંધતો સૂડસૂડાટ કરતો રાજાની અપદશાથી જ્ઞાત થયેલો સાધુ ચાલ્યો આવે છે. તેને કેવળજ્ઞાન ઉપજ્યું છે. કોઇપણ માનવ હૃદયમાં છુપાયેલી વાતો ભવિષ્યવેત્તાની માફક કહી શકે છે. સમજી શકે છે. આખી મેદનીને પોતાના ઓજસ્થી આંજતો, સ્તબ્ધ બનાવી દેતો ચાલ્યો આવે છે. અરે ! આતો પેલો નટવી ! ઘડીભરતો ન ઓળખાય તેવો નાચનારો નટવી ! ઘડીવાર

પહેલાંનો મોહાંદ માનવી ! અત્યારનો નિર્વિકારી નિર્મળ આત્મા !!

આમ જ્યારે પ્રકાશ આવે છે ત્યારે અણધાર્યો અણકલ્પ્યો અને અણમાન્યો કુદરતી ફેરફાર ઘોર અંધકારમાંથી આવે છે. અજાણ્યા પંથને ભેદીને એ આવે છે. કોણે માન્યું હતું કે આવો નાનકડો માનવી-વિલાસી અને વિષયી ઇલાયચી પુત્ર (નટરાજ) ઘડીવારમાં કેવળજ્ઞાનીના-મહાન પદને વરશે ? અટલ વિલાસીના હૃદયમાં એકાએક વૈરાગ્યની કલ્યાણ ભાવનાઓ ઉદ્ભવવી એ કુદરતી પ્રેરણા નહિં તો બીજું શું ? આવા માર્ગની ગલીકુંચીઓ ખોલી જડતી નથી. એ તો એની મેળે સમયે સાંપડીને આત્મજ્યોત જગાવે છે.

રાજા ચોંકયો ! " આ શી ધમાલ ! દેવ અને દેવીઓનાં વિમાનો ! " નટરાજની આત્મશુદ્ધિનો પ્રચંડ વેગ જોઇ તે ભડકયો છે. આ વખતે તેનું જીવન દેવંશના પાટલે ઉતરતું હતું મોહનિદ્રામાં નયનો ઘેરાયા છે. ત્યાં તો તેને આફત વળગી, નટરાજ મરવાને બદલે નીચે ઉતરીને જાણે પોતાની મનોવ્યથા જાણી ગયો હોય. અને દેવ દેવીઓના સૈન્ય સાથે લડવા આવ્યો હોય તેમ ગભરાયો. શાંત રીતે ગભરાયો, એ ગભરામણમાં કમ્પ હતો. જરા ધ્રુજારી હતી. છતાંય રાજાપણાનો અહંકાર તરવરતો દેખાતો હતો કે " એ નટડીની કાયામાંથી ઝરતાં રૂપમાં ટીપાં ક્યારે સ્વચ્છંદપણે જઇને પીવા લાગું " રાજા પણ

ાુભશંગુર લાલસાનો દાસ આખરસુધી બની રહ્યો. કેવળી તેની ાસે આવી ઉભા.

"રાજાજી ! ધર્મલાભ ! જરા વિચારો કે તમે ક્યાં છો ? ોલા નટવી જે હમણાં નાચતો હતો તેના માટે શી ભાવના ાાવતા હતા? એ તમારી ભૂલી હતી, ક્ષણીક મોહ હતો. કારણકે ાસનાની જાળ તમારાપર પથરાયેલી છે. જરા જુઓ તો ખરા એ તો માત્ર હાડ અને માંસનું બનેલું પીંડ છે. ન ભૂલશો ાજાજી ! એ અંગમાંથી નિતરતું લાવણ્ય અંતે કાળા કકળતા મશાનમાં ખતમ થવાનું છે. આ મોહ ! આ વ્યથા નકામી છે. ાજા એ કેવળીની વાણી સાંભળી આંખમાંથી દડદડ આંસુ સારવા ાગ્યો. "અરેરે ! મેં આ શું કર્યું. ? જીવનનાં ઓરડામાં બધે ોદ્દ ધોલ કરાવ્યા છતાં આ વાસનાનું કાળું બીંદુ કેમ ી ગયું ! છુપાઇને ઘુસી ગયું ! આખા ઓરડાને કલંકીત ાનાવ્યું ?" કેવળીના શબ્દો અને રાજાની બગડેલી દસામાંથી ાેતો સુધારો નવી નવી પ્રેરણા કરતાં થોડી વારમાં અનેક ફેરફાર ાવા લાગ્યા. સભાજનોપર અજબ અસર થઇ.

રાજાના ચ્હેરાપર પાયાશ્ચિતનાં કેટલાય ભૂખરા રંગો આવીને ાલી ગયા. તે આક્રંદ કરવા લાગ્યો "આ જીંદગી એટલે ! વાસનાના સામ્રાજ્યથી જામેલું અંધારું ? સૂર્યનો પ્રકાશ ેે જીવનરાત્રીને ન સ્પર્શી શકે ? આ મ્હારા દેખાતા રાજમુગટ, ાજદંડ અને રાજસિંહાસનનું અંતિમ સાધ્ય આવા ક્ષણીક ોહમાંજ સમાપ્ત થતુ હશે ! સૌંદર્યના બજારમાં મેં મ્હારી

નિમાયો હોય તેમ મહત્વકાંક્ષાની શ્વેત પાંખો પર ચડી તેણે સંસારને ત્યાગ્યો. આત્મામાં રહેલું અનંત તેજ, અનંત વિર્ય, અને અનંત ચારિત્ર સ્ફુરાવવા સંસારને રાજીનામું આપી દીધું મહાસાગરના જેવી ગંભીરતા ધારીને " ગુરૂદેવ ! દિક્ષા આપો" કહીને પોતાની બધી કથા સંભળાવીને તેજ (નટરાજ) કેવળીના સાથે સાધુવેશ પહેરી લીધો.

વાંચક ! શું તને માનવ સુકાન પવનના વાયરા જેવું નથી દેખાતું ? ઘડીમાં આ દિશાએ તો ઘડીમાં બીજી દિશાએ. એક સમયે જીવન પ્રભાતના ભભકાભર્યા રંગથી ઓપાય છે તો બીજી પળે જીવનપટ પર અમાવાસ્યાનું અંધકાર છવાયલું જોવાય છે કોઇ પળે આશાના કુસુમો ખીલે છે ને પલમાં કરમાય છે. અને એક વખતે વાસનાની મજબુત જંજીરમાં ઝકડાયલો આત્મા પળવારમાં તેજનાં અંબાર ફેંકતો આ રાજાની માફક સ્વતંત્ર બને છે. દેહ સૌંદર્યના મોહમાં ફસાયલો આત્મપ્રેમ પ્રતિ પોતાનું નાવ ફેરવે છે. પાપી મટી પવિત્ર બને છે. પાશવ અભિલાષાઓ બાળીને પ્રભુમય તત્વો સાંભળવાની ઇચ્છા દર્શાવે છે. અમીર મટી સાધુ-ફકીર બને છે મુફલીસ મટી આદર્શ મહાત્મા બને છે. સમયનો વાયરો બહુજ વેગવાન છે.

૫

નટડી બેબાકળી થઇ આ બધા નાટકો જોઇ રહી છે. ગુંચવાડામાં પડી અરે ! આ શું પરિવર્તન ! મ્હારા સાંદર્ય ખાતર ફકીરી લેનાર પતિદેવ શું મને ત્યજી ગયા ? અરે!

પછવાડે અનેક રાણીઓ અને બીજા સભ્ય જનોએ દિક્ષા લઇ જીવન અજવાળ્યું.


ઇલાયચી કુમાર-કેવળી જગતને ઉપદેશ આપતાં આપતાં અનેક પત્થરમાંથી પ્રભુ પ્રગટાવી, અને ખારા સમુદ્રમાંથી મોતી પકાવી કાળધર્મ પામી મોક્ષે સધાવ્યા. દેવોએ પુષ્પો વેર્યા. તેમનો અગ્નિ સંસ્કાર કર્યો. તેમની રહી સહી રાખોડીમાં અગમ્ય લીપીમાં કેટલાક શબ્દો આ પ્રમાણે કોતરાયા.

જગતના માયાવી ચક્રમાં ગુંચવાયલા માનવીઓ ! જ્યારે પાપનાં પુંજ તમારા જીવનમાં જામી રહે ત્યારે માત્ર જો સમજણ આવે તો પશ્ચાતાપના બે આંસુ સારજો આત્માના ઉંડાણમાંથી કારમું રૂદન કાઢી દેહને કંપાવજો કારણકે રૂદન–પશ્ચાતાપ કર્યા વિના આત્મશાંતિ નહિ મળે. તમારાથી રોવાય તેટલું રોજો પણ રખે તે રોવામાં પણ આત્માને ઠગતા, જગતને દેખાડવા ન રડજો. પશુની માફક ન રડતા આત્મશ્રેયના માર્ગે પ્રવાહ વહેતું રૂદન વહાવજો. ઘુંટાઇ ઘુંટાઇને આત્માના ઉંડાણમાંથી રડજો, રૂદનથી આત્માને પલાળી દેજો, કોમળ ને હલકા બનાવજો. સાચું રડજો......... અંતરના ઉંડાણમાં ધગધગતા પશ્ચાતાપની આગ જલાવજો, બાળકની માફક રડજો, પાપનો પશ્ચાતાપ કરીને રડવું એ તો મનુષ્યની સાચી નિશાની છે. અને પાપો છુપાવીને બેસી રહેવું. પાપોને પંપાળ્યે જવું એ આત્માનો મહાન દ્રોહ છે.

આત્માની સાક્ષીએ રડજો. જરૂર તમને આત્મસાક્ષાત્કાર

—

થશે જ થશે. રડો ત્યારે એવું રડજો કે પાપી હૃદય પીગળી પડે. પાપી વાસનાના પડદા પડદા તૂટી જાય તેવું કારમું રૂદન કરજો પણ જો જો રૂદન કરવા રખે કોઇ જંગલમાં કે બાદશાહી મહેલોમાં દોડી જતા. સાચું રૂદન માત્ર આત્માની મઢુલીમાં બેસીને કરજો. સાચું રડજો પાપનો પશ્ચાતાપ કરશો તો આત્માનું અંતિમ ધ્યેય મોક્ષ તમારી પાસે છે." ધન્ય કેવળી ? આપની ભસ્મનાં કિંમતી રજકણો માથે ચડાવી કૃત કૃત્ય થઇએ. વંદના !!!



જરૂરનું વાંચો !

જૈન સસ્તી વાંચનમાળાના ગ્રાહકોને—

દર વરસે રૂા બેમાં મળેલાં પાંચસો પૃષ્ઠનાં પુસ્તકો ચાલુ સાલથીજ ગ્રાહક થવામાં લાભ અને સગવડ છે. કારણકે સં ૧૯૮૧–૮૨ ના પુસ્તકોનો સંબંધ પાનાના હિસાબે છે.

સં ૧૯૭૯ નાં પુસ્તકો—

૧ કુમારપાળ ચરિત્ર. સચિત્ર	પૃષ્ઠ ૨૦૦	રૂા ૧–૪–૦
૨ ભક્તિમાળા	૧૫૦	૦–૮–૦
૩ મહાસતી ચંદનબાળા	૫૦	૦–૩–૦
૪ સ્થુલીભદ્ર ચરિત્ર	૫૦	૦–૩–૦
૫ શ્રાવક શ્રાવિકા ધર્મ	૫૦	૦–૨–૦
	૫૦૦	૨–૪–૦
સં. ૧૯૮૦ નાં–શ્રી આદિનાથ ચરિત્ર સવિસ્તર. પાકું રેશમી પુંઠું, ઉંચા કાગળ	૨૭૫	૨–૦–૦
૨ શ્રી મહાવીર સ્વામીના દશ શ્રાવકો સચિત્ર	૧૭૫	૧–૪–૦
૩ શ્રી ધનપાલ પુરોહિત યાને તિલકમંજરી	૬૫	૦–૪–૦
	૫૧૫	૩–૮–૦

ચોપડીમાં જુદે છે

પ્રભાવનાનાં વંહાયેલા પુસ્તકો.

	કિંમત.	પૃષ્ઠ.	કોાનકલના.
૧ પંચ પ્રતિક્રમણ પાકેટ સાઇઝ ગુજરાતીમાં ૪૮ [illegible] રેશમી પૂઠું નવસ્મરણ, બીજા સ્તોત્રો અને રાસો, છંદો વીગેરે ઘણી [illegible] સંગ્રહ ...	૦-૧૦-૦	૩૦૦	રૂ. ૫૦
૨ જૈન નિત્ય પાઠ સંગ્રહ (નવસ્મરણ [illegible] છંદો વિગેરેનો સંગ્રહ, પોકેટ સાઇઝમાં ગુજરાતીમાં ...	૦-૩-૦	૧૦૦	૧૫
૩ ભક્તિમાળા (પ્રચીન સ્તવનો-ચૈત્યવંદનો) વગેરેનો અપૂર્વ સંગ્રહ	૦-૮-૦	૧૫૦	૩૫
૪ [illegible] કથાઓ મહાપુરૂષનાં [illegible] બાળકોને ખાસ વંચાવવું)	૦-૫-૦	૬૪	૨૦
૫ વિજય શેઠ અને વિજયા શેઠાણી. ...	૦-૪-૦	૬૪	૧૫
૬ અરણિક મુનિ	૦-૩-૦	૫૦	૧૦
૭ [illegible] ચરિત્ર. ...	૦-૩-૦	૫૦	૧૦
૮ નવસ-સ્તવનાવળી (રોજની મનના કરવા જેવી બાબતો સાથે નવીન કૃતીનાં ચૈત્યવંદના સ્તવનો વિગેરેનો સંગ્રહ) ...	૦-૧૦-૦	૧૬૦	૩૫

લખો—જૈન સસ્તી વાંચનમાળા.

રાધનપુરી બજાર—ભાવનગર.

સુકુમાર—

અરણિક મુનિ.



ચારિત્રના તેજથી છલકાઇ જતો માનવ જ્યારે યોગભૂમિકામાં વિહરે છે ત્યારે તેનું સૌંદર્ય-આત્મસૌંદર્ય જગતને આંજી દે છે. તેની ઝળહળતી જ્યોતિમાં વિશ્વ ડુબવા માંડે છે. તેના અંગે અંગમાંથી નીતરતી માધુર્યતા અને ગીતાઓના ઝરણાં ઝીલવા "મહાત્માઓ" તલપાપડ બને છે. તેમની દેહલતીકા પર સત્કાયનાં છંટાએલા છાંટણા વિર્યસાગરમાં જુદા તરવરી રહે છે. એ ચારિત્રનો પથ વિકટ છે. વિષમ છે જ્યાં વિકટતા છે ત્યાંજ દૈવી ખજાનો છુપાયેલો હોય છે.

માનવ તો મહત્વાકાંક્ષી કહેવાય. "માનવ" નો અર્થ મોટા-મ્હાન થવાની અભિલાષાથી કુદાકુદ કરી રહેલો ચેતન, ધારેલી મહત્વાકાંક્ષા ઘણીવાર ચાહયા જતાં શ્રાવણનાં સરવડા જેમ નિષ્ફળ પણ નીવડે, અને અષાડી મેઘ જેમ એક ધારાથી

હોને મનુષ્યને મહાન પણ બનાવે ! આવા મહાન થવાને મા
સાચો પુરૂષ પરિણામ અને ભવિષ્યને નસીબ મંડળમાં અદ્ધર લ
કાવી પોતાની નૌકા પુરપાટ ચલાવે છે. તેને સમુદ્રનાં કાળાભૂ
પાણી, નાના મોટા ખડકો, મગરો ને માછલાં આદિનો જરા
ભય લાગતા નથી. તે તો “ ભય ” વચ્ચે ઉભા રહી અટગતા
પોતાનું નાવડું એકજ ધ્યાને ચલાવે જાય છે. તેના જીવનનું લક્ષ
“ ફતેહ ” અથાત Will to Victory વિજીગીષા પ્રાપ્ત કરવા
હોય છે. પોતે કુદરતના મહારાજ્યમાં રહેવા છતાં તેનાં પચરંગ
આફતોનાં કુનેહ અને તાકાદથી જીતી લેવાને મોરચા માં
છે. સામાન્ય મનુષ્યોની માફક તે અધરસ્તેથી પાછો ફરતો નથી
તેનામાં નિષ્ક્રીયતા, સુસ્તી કે ગાડરીયાપણું અદૃશ્ય જણાય છે
ધ્યેયને પહોંચા વચમાં આવતાં વિઘ્નોનો તે ગુલા
ન બનતાં તેને પોતાના ગુલામ બનાવે છે. કવચીત ગુલામ બ
જાય તેનું વિસ્મરણ થતાં તે “મહાન” થવાને જગતના દુર્બ
હૃદયે બાંધેલા દોરા પર તે નાચવા ના પાડે છે. તે તો પોતાન
સ્વતંત્ર અને વિકસીત ચારિત્રમાંથી સ્વતંત્રપણે નવો રસ્ત
નવી સુરંગો બાંધીને કોઠો સર કરવા હરપલે ઉત્સુક રહે છે
લશ્કરમાં ભંગાણ પડે ને દુશ્મનો પાસે માથું નમાવવાનો ત
આવતી જણાય છતાંય આશાના પુરમાં તે પોતાની આકાંક્ષાઓ
લંબાવે જાય છે. આખરે સામેનાં પ્રચંડ બળ સમુહ સામે
પોતે એકલોજ કેસરીયા કરવામાં જીવનની અનુપમ “ મજા
કરે છે આવા ‘ ઘેલાં ” શૂરવીર વીરોના દર્શન માત્રથી અનં

વીર્ય—અનંતશક્તિની સેરો સ્ફૂરે છે. માર્ગમાં મળતી ભૂતાવળોને હસતો હસતો ભેટે, લડતાં લડતાં ભૂતડાની ચોટલી હાથ કરતા આગળ ધસે ને કોઇ ભયંકર " ભય " ની આગાહી મળતા છતાં એકલો ને એકલો રાત્રીના અભેદ્ય અંધકારમાં તે નિર્લેપપણે " પ્રકાશ " અને " અમૃત " અનુભવે તો ઇચ્છાપૂર્વક ભયની ગુફામાં પેસી "ભય" શબ્દને મહાત્ કરતો " ભય "ની પેલીપાર આવેલા " જય " ના સાધ્ય પર જઇ બેસે. આવો સાહસીક માનવ જરૂર ફતેહમંદ થાય એ કહેવું તદન સ્હેલું છે. આજે એવા એક મહાન નરની જીવનકળા આલેખાય છે.

" ચાલો ! બંધુઓ, બ્હેનો, ચાલો ! ઉદ્યાનમાં પ્રભુ—આપણાં પુણ્યનાં પ્રતાપે આવીને ઉતર્યા છે. તેમનાં દર્શન અને અમૃત વાણી સાંભળી પાવન થઇએ " કહેતાં ગામમાંથી લોકોનું ઓટું ટોળું પ્રભુની વાણી સાંભળવા ઉલટી પડયું છે.

દેવોએ રચેલા સમોવસરણમાં પ્રભુ બેઠાં છે. જાણે પ્રભુ એટલે વીર રસની સાક્ષાત મૂર્તિ જેમના લોચનમાંથી અમૃત ઝરે છે. અને મુખારવિંદમાંથી તો હિમગંગા શાંતિથી સરીને દાર્શનીકોને તેના પ્રવાહમાં તાણતી હોય તેમ વહે જાય છે.

કેટલાક ચ્હેરાઓ એવા ભવ્ય અને અમૃતભર્યા હોય છે. કે તેને જોતાં આંખોની તૃષા વધુને વધુ જાગે છે, આંખે અંધાર આવે છે અને તેનાં આત્માની મહાજ્યોત સામે જોતાં નયનો અંજાઇ જાય છે. તો આ તો એક મહાન ભગીરથ આત્મા છે.

દુનીયાની રાગદ્વેષની જાળો તોડીને એક અચળ ધ્યેય
વિહાર કરતો ઉચ્ચ આત્મા !

જેમ કુદરતના રાજ્યમાં ખીલેલાં ગુલાબ અને ચંપે
પુષ્પમાં ગમે તેવો બાહોશ કલાકાર ખુશબો ન મૂકી શકે તે
આ મહાપુરુષનાં ગુણો અને જીવનરેખા દોરનારાં શબ્દો સ
અધુરા રહેવાના.

તેમનાં એક એક શબ્દથી પૃથ્વીનાં અંધકારમય
પાછળ પૂર્ણિમાના પ્રકાશો દૃશ્યમાન થતાં દેખાય છે. કોઈ
તાના કંગાળ જીવનથી કંટાળ્યો હોય તેણે એકાદ વખત પ્ર
દેશના જાણે અજાણે સુણી હોય તો પણ તેમાં જીવનશી
પાછળ ચંદ્રની આછી રોશની ખીલતી અનુભવે છે. દેશન
પ્રત્યેક અક્ષરે આત્મચેતનાના ફુવારા ઊછળે છે. પ્રભુ પોતા
સામે જામેલી માનવ તેમજ પશુમેદની સામે એક ધારા
બોલવા લાગ્યા !

" મહાનુભાવો ! દરેક આત્મા પ્રભુ છે દરેક તીર્થંકર
પણ સાધના સાધે તો તીર્થંકર કે પ્રભુ થવાને. [illegible]
એમને એમ મળી દેવાતો નથી, જેમ રાજા થવા માટે રાજ્ની
રાજાનાં ગુણો કેળવે તેમ તીર્થંકર થવા માટે પ્રથમ ત્યાગ
સ્વરૂપ વિચારવું પડે છે. તીર્થંકર થવાની અપેક્ષા [illegible]
પ્રકૃતિ કેળવવી. સત્યમાં રહેવું પડે, [illegible] કરવું
અને ચિત્તની સ્થિરતામાં રહેવું પડે છે નિરંતર [illegible]
[illegible]

કારી ! નહિતર તો ભવસાગરમાં ડુબી મરે તોફાનના તરંગોમાં ઉંડી જાય અને હતો "નહતો" થઇ જતાં ઉંડી ઉંડી ખાઇઓમાં ગબડી પડે. આ બધું તરવા માટે ત્યાગ-સાચો ત્યાગ સંસાર ત્યાગનો પ્રશ્ન હાથ ધરવો જોઇએ જો કે સંસાર એ આત્માનું બંધન છે, અને વૈરાગ્ય-દિક્ષા એ અપૂર્વ શાંતિ નિકેતન છે. સંસારમાં પ્રત્યેક પળે જીવનના જ્વાળામુખી સળગતા હોય છે. પશ્ચાત્તાપની પુનરાવર્તી ચાલતી હોય ને મોહનાં ભૂલભૂલામણીવાળા મહોલ્લાઓ ગુંચવાતા હોય છે, ત્યારે ત્યાગમાં જીવનશાંતિ, પુણ્ય સ્મૃતિઓ સંયમના મોજાં ઉછળીને છે, 'આગળધપો' કહી પ્રોત્સાહન આપે છે. સંસારમાં વાસનાના વરૂઓ આત્મામાં રહેલા આદર્શોનું લોહી પીવાનું કાર્ય કરે છે. તેઓ એવા તો સુંદર સ્વાંગ ધરીને નિર્બળ આત્માઓ પર રાજ્ય ચલાવવા આવે છે કે 'કાચો પોચો અણુ-ઘડ માનવી તેમા જરૂર ફસાય છે. અવનવા આડંબરથી તે પોતાના વિરાટ સ્વરૂપને વિસ્તારી મોહની લગાડે છે. ક્રમે કરીને આત્મા પોતાની દૈવી શકિતનું ભાન ભુલી જાય છે અને કુદરતની બીછાવેલી લીલા સૃષ્ટિમાં "પ્રભુતા" જોવા લાગે છે ! તેનો પડતો બોલ ઉંચકીને આત્મીક જીવનની છેલ્લી કુરબાની કરી નાંખે છે. આવા અંધ પુન્તરીને પોતાની અપદશાથી લાગ્યેજ કંટાળો આવે છે એટલે કે તેઓ તેમના એ ચાલુ કલુષીત જીવનમાં આલોક અને પરલોકની 'સમાપ્તી' માની સંતોષ પકડે છે ! વસ્તુતઃ આ આસુરી શકિતના ગુલામો-

"પિતાજી !" અરવિંદે પીતાને વિનયથી જવાબ દેતાં જણાવ્યું. "મને બહુજ ઓછપ લાગે છે !"

"ઓછપ ?" આશ્ચર્યથી પિતા સમજાવે છે ! તું ઓછપ કોને કહે છે ? ખુદ કલ્પલતાનાં બીજ આપણે આંગણે વવાયા છે. વેલ ફુલી ફ, ફાલી છે. આજે તેની શુંગબાધી ઉભરાઈ જતાં આ ધનભંડારો, સુખ-સંપત્તીઓ અને ઇન્દ્રપુરી સીદાન્ત વેલડીઓ કેવી હાજર છે ? પાણી માગે ત્યાં દુધ મળે તેવાં સાધનો છે. એક કહેતાં આઠ આપીને ઉભા રહે તેવા દાસ દાસીઓ હાજર છે. શું કોઇએ તારૂં મન તો નથી દુભાવ્યું ને ? કહે બેટા"

"મને દુઃખ !" પુત્રે હસીને જણાવ્યું. બોલતાં બોલતાં તેના કપોળ પર "વિશ્વપ્રેમનું" વિરાટ તેજ પ્રસરી રહ્યું ! મને દુઃખ કોણ દે ? ઉલટા મ્હારા કાજે સહુ દુઃખાય છે. મ્હારૂં મન કોણ દુભાવે ? સહુ બિચારા મ્હારી મનમાનતી સેવા ચાકરી ઉઠાવે છે. સહુ મ્હારી સેવામાં રાતદીન ખડાજ રહે છે. વૈભવ અને વિલાસો બહુ જ સારી રીતે ભોગવું છું. પરંતુ પિતાજી ! એ વૈભવો શા કામના ? વિલાસીતા તો પુણ્યની પાંખો કાપે છે. વૈભવ તો આત્મા પર કાટ ચઢાવે છે, એ વૈભવો, વિલાસો, સુખ અને સંપતીઓમાંથી આત્માનાં આદર્શ ક્યાં ઝરે છે ? અમૃતને બદલે તેમાંથી ઝેર વરસે છે. પિતાજી ! મને દિક્ષા લેવાની રજા આપો !"

પિતાજી વિચારમાં પડયા કે આ શું પરિવર્તન ! "પુત્ર !

આ તું શું બોલે છે ભાઇ, આટલી નાની બાળવય દેહ અને આત્માની વાતો તું ક્યાંથી શીખ્યો ? તું યુવાવસ્થાને આંગણે પગ મૂકે છે ત્યાં દિક્ષાની લત ક્યાંથી લાગી ? વસંતમાં જેમ કોકીલાનાજ સૂર શોભે, તેમ યુવાવસ્થાની હૃદય ક્યારીઓમાં સંસાર-ગૃહસ્થાશ્રમનાં છોડવાં ઉગે. પુરવાસીઓ તારા લગ્નની રાહ જોઇ રહ્યાં છે અને તું તો ગાંડો થઇ આ બધું શું બોલે છે? "

"પિતાજી !" પુત્રે નમૃતાથી આગળ જણાવ્યું "પ્રભુની દેશના સાંભળી આવ્યા પછી હૃદય ઠેકાણે રહેતું નથી. શી એ [illegible] આ દેહના કોટડીમાં પુરાએલ અનંત શક્તિમાન [illegible] આત્મજ્ઞાન સ્ફુરાવવાની તાલાવેલી લાગી છે. સંસારી જીવનના ઝેર ઉતારી ચારિત્રનાં અમૃતજળ પીવાની ઇચ્છા જાગી છે. પિતાજી ! મ્હારા પરનો મોહ હવે છોડી દ્યો. કારણ કે હૃદયના ઉંડાણમાં આજના જીવન કરતાંયે કોઇ અલૌકિક કિન્તુ તાદ્દશ, નિર્મળ અને આ મહત્તાથી જીવન ગાળવાના મને અભિલાષ જાગ્યા છે [illegible] ખુશીથી રજા આપો. "

[illegible] તું ઘેર રહી એ જીવન શું ન ગાળી શકે ?" [illegible] સમજાવવા માંડ્યું.

[illegible] છતાંય અધુરી [illegible] જીવન સાગરમાં મંથન કરતાં [illegible] ઊંડાણમાં મોતીઓ [illegible] હૃદયમાં આવે છે, [illegible]

જ્યાંએ સાંધપૂર્વક આશ્રય આવે છે, પડતાંને ટેકો મળે છે. ડુબતાં ને તારે છે. ત્યાં દૈવત્વના વાસ છે, જ્યારે સંસારમાં તો દૈત્યોના નિવાસ છે. અઘોર અંધારા છે, અને જ્યાં જુઓ ત્યાં માત્ર કુતિ-મતા અને વિદ્ધિષતાજ ! પણ ત્યાગીઓનાં વેશ અને આત્માને જ્યાં જ્યાં સુંઘીએ ત્યાં ત્યાં એક સરખા મધમધી રહેલા જણાશે પછી પગ સુંઘીએ, કે આખું સુંઘીએ, દૂરથી કે પાસેથી, એ સર-ખુંજ લાગે, ત્યાં જેવા વિચાર તેવા આચાર અને આચાર તેવો ઉપદેશ હોય છે, સાચા ત્યાગીને કદી પોતાના હૃદયને ઠગવાનું હોતું નથી. પિતાજી રજા આપો ! આ સંસાર હવે મને ખારો લાગે છે. "

" પુત્ર !" દુખાતા દીલે પિતા પુત્રને આગળ પૂછે છે " શું તારી ઇચ્છા આ રંગમહેલો, અને સાહેબી તજી દઇ જંગલોની ગુફામાં જઇ યોગધ્યાન કરવાની છે ? "

" પિતાજી ! વેશ અને હૃદયને સાચા વૈરાગ્યનાં હૃદયમાં રંગ્યા પછી તેને જંગલોમાં રહેવું કે ગામમાં ભટકવું એ બન્ને સરખુંજ છે. મારી સંસારની વ્યાધીઓ મટાડીને નિશ્ચળ અને વૈરાગ્યની ધુનમાં ને ધુનમાં આત્મસિદ્ધી કરાય તો બસ છે. આવી સિદ્ધી અર્થે આત્માની આસપાસ ફરી વળેલા અંધારા ઉપર અખંડ અજવાળા પાથરી બાઝેલા થર દૂર કરી, તેમાંથી યત્કિ-ચીત દોહન કરી હું-મને પોતાને આપવા ચાહું છું, ને તે માટે આપની અનુમતી માગું છું પિતાજી ! મ્હારા સ્વાર્થમાં આપ આડા ન આવશો ! " પુત્રે અડગ નિશ્ચય જાહેર કર્યો.

પિતાજીનાં મુખ પર ગ્લાનીસૂચક રેખાઓ પડી રહી તેમન શુભ ઠંડા મનોરાજ્યમાં ઉલ્કાપાત જેવી તડુકા છવાવા લાગી આરામ અને આનંદમાં જુલતા પુત્રની વનવાસ–સદાને માટે વનવાસ ગૃહત્યાગની વાતો સાંભળતાં પિતૃપ્રેમ સ્વાભાવિક ઉછળી ઉઠે એક બાજુ પુત્ર મોહ, અને બીજી બાજુ પુત્રની આત્મલગનીથ મળતો સંતોષ એ બેની વચ્ચે તેમનું હૃદય ઝોલા ખાવા માંડયું આંખો પુત્રની સામે એક ચિત્તે યોગધ્યાનની માફક ચોંટી રહી. તેમાં કરડાશ નહોતી પણ અનંતતાની ભાષા બોધી રહી હતી, ચોતરફ શાંતિના સાગર ઘુઘવાટ કરતા હોય અને પોતે જાણે એકાદ બેટ પર નિરાધાર દશામાં ઉભા હોય તેમ જોઇજ રહ્યા. પુત્રના ત્યાગ અને પછી પોતાનું સંસારમા અસ્તિત્વ શા શા સ્વરૂપે વિલસી રહે તેવી અનેક પ્રકારની વૃત્તિઓ તેના મનોમંદિરમા ઉદભવીને લય પામતી હતી ભીની આંખે તેમણે પુન: બોલવું શરૂ કર્યું, પુત્ર ? તારાં નિશ્ચય–વચનો મને ઉશ્કેરે છે, મ્હારો એકનો એક પુત્ર શું ત્યાગી બનશે ? આ રાજ્યપાટ ભોગવવાનું તારા ભાગ્યમા નહિ લખાયું હોય ? ”

“ પિતાજી ! કેમ ભૂલો છો ? આ રાજ્યથીએ કોઇ મહા-રાજ્યના રાજવી થવાનું મ્હારે માટે સર્જાયું હોય તો કોને ખબર ? પુત્રે ફીલસૂફી છોડી.

“ પુત્ર બોલીને મને દઝાડ ના, તું મ્હારાથી જૂદો પડવા ચાહે છે. પણ તને હું છોડું તેમ નથી. આ સમૃદ્ધિના સ્મરણો મને પોતાને ઘણીવાર ભૂલાવે છે. છતાંય આ નશ્વરતાની પેલી

પાર ઉભેલાં અનંતતાના પડકારે પાછાં જાગ્યાં ન લેઉં છું તો અને પાછુ એજ માર્ગ દેખાય છે-અને તે બોલાવે છે. તારી શ્રીમંત કાયા એના પ્રેમનો કોઇ અલૌકિક ભાર મને તારી સાથે આવતા ખેંચી રહ્યો છે. આમંત્રણનો સ્વીકાર કરીને ભવિષ્યના પગથર મીટ માંડું છું તો મારા આત્માની પાંદડીઓ વિકાસમાં આવી જઇ નાચતી જણાય છે. તેની દેખાદેખે દેખાતે આદર્શોના રંગબેરંગી છાપાની ઝલક કોઇ નવનવી આશાઓને અભિલાષા જન્મે છે, તું શાન્ત સંપત્તિ છોડે. પછી હું શા સુખે શાન્તવૈભવો ભોગવું ? એવા એ શાન્તથી હવે સર્યું. ચાલ ! હું પહેલો અને તું પછી ! હું ખરેખર ભાગ્યશાળી છું કે તારા જેવા પુણ્ય પુત્રનાં સંયોગે પ્રેરણા પામી આત્મસાધના કરવા ચારિત્ર લેવા ઉત્સુક બન્યો છું " બોલતાં બોલતાં પિતાની આંખમાં અજાકલ્પ્યું તેજ છાઇ રહ્યું. જીવનમાં મોટો ફેરફાર-ક્રાંતિ થતી હોય ત્યારે કાંતો આનંદ વા શોકની છાયા પ્રસરી રહે. પિતાને મન ખરેખર આનંદનો વિષય હતો તેનાં હૃદયમાં કંઇ કંઇ પ્રકારની ઉર્મીઓ ઉછળી રહી અને માનસીક વાતાવરણમાં સંયમનો દીવડો પ્રગટયો.

"ચાલો પિતાજી ! પણ મ્હારી માતા ક્યાં છે ? કેમ દેખાતાં નથી ? ક્યાંય બ્હાર ગયાં છે કે ? " માતાને યાદ કરનારા શબ્દો પાછળ પુત્રનું હૃદય માતૃપ્રેમનાં ધબકારા ઝીલી રહ્યું. તેના ગોળમટોળ ચક્ષુઓમાં સ્નેહનો એક ગઢ જીત્યા બદલ નિર્દોષ હાસ્ય તરવરી રહ્યું છે. પોતે રૂપાળો હતો, અને આ વખતે તેની કાંતિ ઓર ખીલી. ભવ્ય રમણીયતા અને લાવણ્યતામાં આ[illegible]

આપની છેલ્લી પરવાનગીની રાહ જોઉં છું. ભલે હું નાનો છું. પણ મનુષ્ય તો ખરોજ ને? મનુષ્ય એટલે અજેય, એ અજેય મનુષ્યને મનુષ્યતત્વથીજ જીતી શકાય. કારણકે મનુષ્યમાં અસંખ્ય વર્ષોનું અપૂર્વ ચેતન્ય ભર્યું છે. એ ચેતનને જીતવા પુરૂષાર્થના બજારમાં સ્હેલ કરવી ઘટે છે. આ સ્હેલ શું રાજ-મહેલો અને બગીચાથી પુરી થાય ખરી કે?"

મનુષ્યની વ્યાખ્યા, શક્તિ, ધ્યેય અને પુત્રનું તેની પાછળ પડવું આ બધું સાંભળતાં પુત્રઘેલી માતા ગાંડા જેવી બની ગઇ. તેની સામે જાણે ભયંકર અધારૂં ચોતરફથી પૃથ્વીને ચાદર ઓઢાડતું ધસી આવતું દેખાયું. દુઃખાતા દીલે તેણી બોલી પુત્ર! ગાંડપણ શું કરે છે. આ સત્તા, લક્ષ્મી, આ રાજ્ય ને વૈભવ કયાંય મળવા મુશ્કેલ છે, બેટા. તને કોણે વળી આવી "અવળી" ભભૂતી લગાવી? હજુ તો મારે તને પરણાવીને ગાદીએ બેસાડવો છે. રાજમાતા કહેવડાવવાના સુખથી હું વંચીત રહીશ?"

"પૂજ્ય માતા! એક પવિત્ર માતાને હું શું કહેવા યોગ્ય છું? છતાંય વિનીત ભાવે જણાવું છું કે આપે જે સત્તા અને લક્ષ્મીની વિપુલતા બતાવીને મને દિક્ષા લેતો અટકાવવાને કહ્યું. પણ એ ભાવના ખોટી છે. આપ જરા વિચારો કે આ જગતની એ પાર્થીવ વસ્તુઓ દૈવી સંપતી આગમ કેટલી તુચ્છ જણાય છે? એ બધાયે અશાશ્વત અને સુખકતા નહિં પણ ભારરૂપ છે. કેમકે તેમનો ઉપયોગ ચીંતા અને

વાંચક ! તેં કદી પોતાના એકના એક વ્હાલા પુત્રપર "ઓપરેશન" કરતા કોઇ ડોકટરને જોયો છે ! તેનો હાથ કેવો ધ્રુજી રહ્યો છે ! હજારોના શરીરપર તેની છરી કેવી સૂડસૂડાટ કરતી સોંસરી પેશી રહી છે ! ને પેલા પ્રાણસમ પુત્રપર છરી આવતાં હાથ કેવો ધ્રુજી રહ્યો છે ? એની શક્તિમાં કેટલી અપૂર્ણતા આવી છે કારણ ભલા ! તું સમજી શક્યો કે તે કાર્યને મહત્વ આપવા કરતાં પોતાની લાગણીઓને મહત્વ આપી રહ્યો છે. પુત્ર દુઃખ દૂર કરવાના હેતુ કરતાં બાળકને "રખે ન વાગે" તેવ [illegible]

તેમ આ માતાપિતા પોતે પુત્રની સાથે દિક્ષા લેવા નીકળ્યા છે. ત્યારે એ સુકુમાર કોમળાંગી પુત્રને જોઇને તેમનાં દિલમાં બહુજ લાગી આવે છે. [illegible] કહે છે " અરે બાળક ! તું [illegible] કેવાની શી જરૂર છે ? આને [illegible] આવતા જઇએ છીએ. તું પાછો [illegible] ! [illegible] તારાથી [illegible]

[illegible]

યોગ કરી લઇ. આત્માની આસપાસ ફરી વળેલા દૈત્યો સામે બળવો માંડી કાપ કાપી ચલાવીએ. તરૂણ અવસ્થામાં એક શૂરવીર યોદ્ધા તરીકે બહાર નહિં પડું તો ક્યારે એ વખત ફરી ફરી મળી શકે ? સાંપડેલી સ્થિતિનો વીનચર ઉપયોગ ન કરું તો મ્હારા જેવો મૂર્ખ કોણ ? અને પિતામાતા ! તમે તો સ્વાર્થી જણાઓ છો. અહા ! જુઓ તો ખરા. પોતે ચાપના કરવા જાય છે ને મને પાછા રાજ્યનાં કીચડમાં ડુબાડવા માંગો છો ? ખરું ને ! યુવાનોને આરામ શો ? એને શાંતિ શી ? યુવાન એટલે વિગ્રહનો ઉત્પાદક ! વાવાઝોડાં અને વંટોળીઆ વચ્ચે ધીરતાપૂર્વક મગજપર કાબુ રાખીને સંયમ છતાંય હિંગલોકભરી આંખોએ ભવિષ્યનો માર્ગ સાફ કરનાર વ્યક્તિ. એની યૌવનશક્તિ જો ધારે તો પોતાના તનમનાટમાં દેવોનાં દેવોને પણ આભમાંથી નીચે ઉતારે. પિતામાતા ! તમારા સ્નેહનું આ બધું લાંબું પીંજણ છે. ચાલો ત્વરાથી પ્રભુ પાસે જઇ દિક્ષા લઇએ.”

અરણીક આ પ્રમાણે બોલીને માતા પિતા સામું જોઇ રહ્યો. તેની આંખોમાં ઉત્સાહની રોશની ઝગમગી. દિક્ષા લેવાના ઉમંગની લાલી ગુલાબી ગાલપર ફરકી. જાણે આત્માનો પૈગામ સમજી ગયો હોય તેમ સપાટાબંધ આગળ ધસ્યે જાય છે. રાજ્યનાં અખુટ ભંડારો, લક્ષ્મી, ધનદોલત અને સમૃદ્ધિને તુચ્છ ગણી સગાંવહાલાં અને પ્રજાજનોની રજા લઇ પુત્ર અને માત-પિતા, દિક્ષા લેવા ત્વરાથી પ્રભુ પાસે આવી પહોંચ્યા.

જગતની સમગ્ર સાધુતાના સાગરરૂપ પ્રભુ ઉચ્ચ સમોવ-સરણમાં બેઠા છે. તેમની આસપાસ અનેક ઝખમી દીલો આત્માને રીઝવવા નવું શૌર્ય અને નવો જન્મ લઇ ચોમેરે વીંટી વળ્યા છે. માનવજીવનના ભાવિ અંતિમ ધ્યેય જેવા પ્રભુ સમક્ષ કેટ-કેટલાય શ્રદ્ધાથી, ઉત્સાહથી, અને નિર્મળ હેતુથી ઉભરાવા લાગ્યા છે. એ ટોળાબંધ લોકોની વચ્ચે " આત્મા-આત્મોદ્ધાર " જેવો મધુરો સુર પથરાઇ રહ્યો છે. ત્યાં આ ત્રણ મહાવ્યક્તિઓએ આવીને " પ્રભુ દિક્ષા આપો ! " એવા શબ્દની ગર્જના કરી.

જૈન શાશનમાં મનુષ્યની આત્મશુદ્ધિનું પહેલું પગરણ સાચો શ્રાવક-અને બીજું દિક્ષાથી થાય છે. આવા દિક્ષાનાં પ્રસંગો એટલે અનેક રત્નોનો પ્રકાશ. તેની પાછળ કેટલાય રાજા મહારાજા, અને ચક્રવર્તીઓ મુગ્ધ થયા છે. રાજસંપત્તી અને વૈભવ વિલાસ છોડીને ભમરાની માફક પ્રભુની દહેલતા પાછળ ઘેરી વળતાં. પ્રભુ તેમને શાંતિથી દિક્ષાનું મહત્વ અને પાળવા જોઇતા આચારો સ્પષ્ટતાથી સમજાવતા. આવા અનેક મોહવિલાસી-શ્રીમંતાઇની પુષ્પશય્યામાં રમેલા-ઉછરેલા લક્ષ્મી-ના લાડીલાઓ પણ દુનીયાની ગડમથલથી મુક્ત થઇ આત્માપર નવા ઓપ ચડાવે છે કેટલાય આત્માના આંસુ પવિત્રધર્મ ભાવનાથી લુંછાય છે કેટલાય " મિથ્યાત્વી " પ્રભુને કૌતુકભરી નજરે જો-વા આવે પણ પ્રભુની વાણીનું જેમ જેમ પાન કરે તેમ તેમ દેહની વાતો ભૂલી તેઓ આત્માના ઉંડાણમાં ઉતરતા જાય, તેમની પિશાચી વૃતિ નાશીને સારાય દેહ પર પ્રભુતા ઉતરવા માંડે,

તોજ તે દિક્ષા લેનારો સુંદર રીતે આત્મસાધના કરી શકે. જેમ એ વૃત સારૂં છે તેમજ મહાન કઠીન છે કુરબાનીની પ્રત્યક્ષ કથા છે. બાહ્ય ઓઘા અને મુહપતીનો અંતરના શત્રુઓ નસાડવા માટે જયણાપૂર્વક ઉપયોગ કરવો ઘટે છે. મુહપત્તીએ ઓછું બોલવા સૂચક નીશાની છે. તેથી ખાસ કરીને દિક્ષા લેનારાઓએ જેમ બને તેમ ઓછું અને તે પણ જરૂરનું બોલવું ઉચીત છે. એ જીભ પરનો સંયમ બીજી ઇંદ્રિયોને પોતાની સાથે સહચાર કરવા નોતરશે જેમ જેમ ઇંદ્રિયો સંયમના જોતરામાં પુરાતી જશે તેમ તેમ તેની દિક્ષા પ્રકાશવા લાગશે " પ્રભુની દેશના પડી પેલા ત્રણ પિપાસુઓને દિક્ષા આપવાની વીધિ પણ પુરી થઈ.

દિક્ષા એટલે દેહના લાલનપાલન તરફ નિરાદરના બનાવનારી અને આત્મસાધનમાં " હું કોણ ? " ની શોધ પાછળ ગાડો બનાવનારી વિદ્યા! સંસારના બળતા વાતાવરણમાંથી બચાવીને મીઠી વીરતાનું પાન કરાવનાર દિવ્ય જ્યોતી!

પ્રભુએ ભાવથી દિક્ષા આપીને તેમને " પિતાપુત્રને એક ગુરૂ શિષ્ય તરીકે નીમી વિહાર કરાવ્યો, પિતા આગળ અને પુત્ર પાછળ એમ પગલા ભરતા ગામે ગામ વિચરવા લાગ્યા. એક એક પગલે આત્મશાંતિનાં [illegible] બીજે અદભુત કઠન [illegible] " [illegible] આનંદ લુંટતા જાય, તેમના માટે હવે [illegible] " [illegible] નથી રહ્યું, વિસામો કઠન, [illegible] [illegible] મધુર [illegible]

ધર્યું છે એ ઐશ્વર્યની ભાવના તપસ્યાથી ભરપુર-મીઠા હૈયામાં ભરવી એ એમની એકજ ઉમેદ હતી, ચંદ્રના તેજ જેવી તેમની સાધુતા દીનપ્રતિદીન ખીલતી હતી.

જીવનના ગાઢ અંધકાર પાછળ રહેલા પ્રકાશની અલૌકિકતામાં લીન થતાં ધીમે ધીમે માર્ગ કાપી રહ્યા છે. તેમના શરીરે અમર અને અક્ષય તત્વો માટે તપશ્ચર્યા કરાવનાર અનેરો ત્યાગીવેશ શોભી રહ્યો છે. " ખમ્મા ખમ્મા " ના પોકારો પાછળ રહેલી ખુશામતની બદબોને બદલે " વંદન, ગુરૂદેવ ! " ના શાંત ઝરણાં પાદસ્પર્શ કરતાં ભાવથી વહે છે. તેમના જીવનનો પલટો થઇ ગયો છે. ઘણાં વર્ષો વીતી ગયા.

સાધુ ધર્મમાં એવો આચાર છે કે નાનો શિષ્ય ગામમાંથી (ગોચરી) વહોરી લાવી પોતાના વડેરા ગુરૂઓને જમાડીને પછી પોતે જમે ! પરંતુ પ્રેમના આકર્ષણે આકર્ષાએલા આ અરણીકના પિતાજીને આ આચાર અમાન્ય હતો. સંસારની માયા જાળો તોડી, વૈભવ વિલાસો તજ્યા, છતાંય પુત્ર પરનો પ્રેમ-રાગ હજુ કાયમ છે. જંગલમાં રહે છે પણ બાગ બગીચા અને નંદનવન જેવા ખીલેલા પુત્રની કોમળતા માટે દયા આવે છે ! કોઇ બાળક પોતાના પ્રિયમાં પ્રિય રમકડાને ઘડીભર રેઢું ન મૂકે તેમ પિતા પોતાના કોમળ પુત્રને સંભાળતા જરાય દુઃખ ન થવા દેવાની કાળજી રાખે છે. સાધુ દશાનો પણ આ મોહ !

મુનિરાજ ! તમારો ત્યાગ વીરનરને છાજતો છે. તમારી આત્મભક્તિ ગૌરવરૂપ છે. હૃદયની ધગશમાં પાપોને ભસ્મ કર-

વાની અભિલાષા તીવ્ર બનતી જાય છે. અને તમારૂં હૃદયમંદિર
આત્મદેવની મૂર્તિ જેમ શોભે છે. પણ આ શું ભૂલ કરી રહ્યા
છો ? પુત્રને-શિષ્યને વ્હોરવા મોકલવાને બદલે પોતેજ ગામમાં
જઇને વ્હોરી લાવી શિષ્યને-પુત્રને ખવરાવો છો ખરૂંને ? રાગી
પ્રેમનાં જળમાં તમારો ત્યાગનો પાલવ ભીંજાય છે. સબુર કરો!
તમારી શ્રીમંતાઇ કે કોમળપણું હવે તો ભૂલાઇ જવું જોઇએ.
ત્યાગનું તેજ ધખધખી રહ્યું છે. તેમાં આવું ન ઘટે. પરંતુ
તેમાં તમારો શો દોષ ?

પ્રેમ વસ્તુજ એવી છે કે આકાશ ચોમેરથી છવાયું હોય
વંટોળીઓ અને વાવાઝોડાથી અવનીને આકાશ એકાકાર થઇ
ગયા હોય, ચૌદ બ્રહ્માંડને ભેદી નાંખે તેવી ભયંકર ગર્જનાથી
મહાસાગર ધુધવાતો હોય છતાંય ધ્રુવની માફક એકજ "નિશ્ચય"
પર સ્થીર રહી પોતાની શક્તિને—પોતાના સામર્થ્યને-પોતાના
ગૌરવને કોઇ પણ ન લજવતું હોય તો તે એક પ્રેમ ! જગતની
જાળથી દૂર થઇ આત્મછાંયડીની શોધમાં નીકળેલાં મુસાફરો પણ
પ્રેમકુંડજળ ઘટાઓમાં ઉભા ઉભા નાચી રહ્યાં છે. એ બતાવે છે
કે પ્રત્યેક મનુષ્યના આત્માને, ને જીવનને હચમચાવી નાંખતો
આ પ્રેમનો પ્રશ્ન બહુજ અગુઢ છે. ગૃહસ્થાશ્રમી હોય કે સન્યાસી.
તેમનાં હૃદયનો તાર પ્રતિક્ષણ કોઇ એકાદ અદ્રશ્ય વસ્તુ તરફ
પ્રેમથી ગણગણતો હોયજ છે. તેમ આ પિતાના પ્રતિ પ્રેમનો
ઝરો હજી પણ સજીવન છે.

પ્રેમની કિંમત આત્મબલીદાનથીજ અપાય છે. પિતા પો-

નાના પુત્રને જોઈને નરકમાં ફૂલમાય ફૂલ જાય" એ લાગણીએ વશ થઈ પોતેજ લાગીને ભજવાવે છે. પુત્ર જનેતા પ્રેમ પોતે "ગુરૂ" છે. એ પણ બહાર્યું છે પણ એક વખતે સ્નેહને માટે ક્યાં સ્વીકૃ છે! યુવાનીમાં ફરતા લાલ મખટ ઘોળીમાં વૃદ્ધાવસ્થા આવતાં ધોળાં દેખે છે. ઉત્સાહ મંદ પડે છે. અને નાગના પાટલે ચડી બેસે છે. સુખ પાછી દુઃખ અને દુઃખ પાછી સુખ એ તો જગતનો અબાધિત નિયમ છે નિયમ વશ વ્યક્તિના વિનાથી વૃદ્ધ થતાં જાય છે. વૃદ્ધાવસ્થાએ તેમના જીવનને કૃષ બનાવ્યું છે યુવાવસ્થાનું સૌંદર્ય અને કાંતિભર્યું કમલમુખ કરચલીઓથી સંકોચાવા લાગ્યું છે. આ દશામાં પણ પુત્ર પરનાં પ્રેમે તે જાતે-જ ગોચરીએ જઈ પુત્રને જમાડે છે ને પોતે જમે છે!

પુત્રના લાલન પાલન કરતાં દિવસો વિત્યા મહિના વિત્યા તેમનો જીવનદીપક દિવસાનુદિવસ ઝાંખો ઝાંખો થવા લાગ્યો આંખો ઉંડી ઉતરી ગઇ છે. અવયવો ધ્રુજે છે. ને લથડીયા ખાય છે. મૃત્યુ પોતાનો ઘંટ બજાવતું આવ્યું! પ્રેમી પિતાજી (ગુરૂજી) શિષ્યને-પુત્રને રઝળતો મુકી સદાને માટે અલોપ થયા. પુત્ર હવે એકલો! માતાપિતા વિનાનો મુનોં રખડતો પુત્ર એકલો! છત્ર નીચે રમતો પુત્ર તદ્દન છત્રહીન બની ગયો.

સંસારની તેમજ વૈરાગ્ય ક્ષેત્રની પ્રેમ છાંયડીએ વિરામ લેતો બાળક અરણીક આજસુધી જંગલમાં મંગળ અનુભવતો આત્મસાધનાનું હથીયાર લઇ રાચતો, માચતો, ગેલ કરતો અને પ્રસંગોપાત આત્મધ્યાનમાં લીન થતો! વૈરાગ્ય-ચારિત્ર માન-

વજીવને શણગારે છે. જીવનને સાચું જીવાડે છે. **જીવનની** પાંખડીએ પાંખડીએ અમૃત છાંટે છે. પણ એ શણગારમાં વિલાસ નથી ખપતો, સાચું જીવવા, કાંટાથી ખરડાવું પડે છે. અને ઝેરની સરીતાઓ ઓલંગવી પડે છે. તેની ભ્રાંતિ સરખી અરણીકને નહોતી. હવેજ ખબર પડે છે કે વૈરાગ્ય દશામાં પણ ગુલાબના મનમોહક સુગંધી છોડ નીચે છુપાએલા ઝીણા ઝીણા કાંટાઓ માફક અનવિધ કષ્ટો સમાએલાં છે.

પિતાના કાળ પછી એકાદ દિવસ તો ભૂખ્યા રહ્યા. બીજે દિવસે પણ તેમજ આ મ ત્રીજે દિવસે બહુજ ક્ષુધા લાગવાથી જંગલોની "છાંયડી" છોડી પાસેના નગરમાં વ્હોરવા માટે બપોરના બાર વાગે નીકળ્યા.

સુકોમળ શરીરની દશા આજે તેને ભૂલાવે છે.

"જૈનસાધુ" એટલે મસ્તકે ટોપી-પાઘડી નહિ. પગમાં જોડાં નહિં, શરીરે શૃંગાર નહિં વાસનાની ભાવના નહિ. વૈભવની ઇચ્છા નહિં. સુખદુઃખનાં ભેદ નહિ. જીભને સ્વાદની લોલુપતા નહિ. અને દેહની લલના નહિં, વંદન હો ! જૈનસાધુ તમારી નિસ્પૃહતા અને સાદાઇ ભરી સાધુતાને !

બપોરના મધ્યાહ્નકાળે આ પ્રચંડ અને તેજસ્વી આકૃતિ કોણ ચાલી આવે છે ! સુનકાર થઇ ગયેલા રસ્તાપર ભાન ભૂલેલો મુસાફર એ કોણ છે. શું રવીચંદ્રનું એ વદન ! નહિ સૂર્ય અને ચંદ્રનાં બેઉનાં દર્શન થયાં ! એ એક માનવી હતું. જીવનું

સૌંદર્ય હતું. રૂપની જાણે ધારા હતી. કોઈ રાજબાળ જેવું તેજ પુંજ ઉછાળતું સૌંદર્યનું સરોવર આહા, કેવું લોળે ચડયું છે. ગૌરવ અને પ્રતાપની મૂર્ત્તિ સામું ઉતાવળે પગે કોઇક ચાલ્યું આવે છે. માથાપર મધ્યાન્હનો સૂર્ય તપે છે. આસપાસ અગ્નીની આગ જેવી લુ વરસીને માર્ગે પથીકોને બાળે છે. એવા ધોમ તડકામાં પણ જેસલેર એ કોણ આવે છે ? કુંકુમ છાંટ્યા ચંદની જેયા તેના મુખચંદ્ર પર કેવી ચમકતી રોશની છાઇ રહી છે ? દૂર દૂર વાતો વાયુએ માનસ હંસના દેહ આરે આવીને પોતાની સમગ્ર શક્તિથી ગાલપર જામેલી રતાશમાં વ્યાકુળતા અને વધુ રતાશ પૂરે છે. વૈભવ અને સમૃદ્ધિનાં ખોળામાં ખુબ ખેલ કરીને યોદ્ધાની માફક ચાલ્યો આવે છે. દુઃખ અને દીનતાઓનો સ્પર્શ હજુ તેને થયો જણાતો નથી.

સંસારને અકારો માની ભક્તિભર્યા હૃદયે સાધુતાનો કલ્યાણકારી વેશ તેણે પહેર્યો છે. પણ કોમળ અતિ કોમળ ! આવુ સુકુમાર શરીર બપોરનાં મધ્યાન્હનો તપતો તાપ કે સહે ! વૈરાગ્ય લીધા પછી તેને કસોટીની શરાણે ચડવાનો આ પહેલો પ્રસંગ જણાય છે. મસ્તક પરનો પ્રચંડ અગ્ની, શિતળતામાં ઉષ્ણતા પ્રગટાવતો અગ્ની, આંખોના તેજ સામે ધુરકતો આવો અરણીકને મુંજવવા લાગ્યો. એ સાધુના મુખ પર અકલામણની ભીષણતા ઉતરવા લાગી. આંખોમાં ઉકળાટ આવી વસ્યો ! ધગધગતી પૃથ્વી પર પગ મૂકતાં ફરફોલાં પડે છે. " ઓય રે ! " કહી કૂદે છે.

—

એકાદ અખાડામાં કોઇ અપ્રવીણ યોદ્ધો એકાએક ઉત્તરે અને હરીફોનાં નૃત્ય કરી રહેલાં સ્નાયુઓ જોઇ સ્તંભી જાય. શરમાઇ જાય. તેમ આ સાધુ અણકલ્પ્યા દુઃખથી કરમાવા લાગ્યો. શી ખબર બીચારા અરણીકને કે ચારિત્રનાં માર્ગ આવા કઠીણ છે? ગુલાબના જેવા સુકોમળ લક્ષ્મીપુત્ર વૈરાગ્યદશામાં ભિક્ષા માટે ગામમાં આમથી તેમ ઘુમી રહ્યો છે, તરફડીયા મારે છે. રસ્તામાં ન મળે છાયો કે ન મળે બેસવાની કે ઉભવાની શાંતિભરી જગ્યા! [illegible] માર્ગ ચુકેલા પથીક માફક ઉતાવળે [illegible] પડતાં ફરફોલાથી કંટાળીને હોઠ [illegible] પણ છે.

આશાભરી નજરે શીતળ છાંયા શોધવા આંખ પર હાથ [illegible] રહ્યાં છે. જ્યાં જ્યાં આગો [illegible] પાછો ફરે છે. મુસાફર [illegible] છે. આંખોમાંથી [illegible] જંગલમાંથી ગામમાં [illegible] અને તૃષાની તિવ્રવેદના ભયંકર [illegible]

[illegible]

[illegible]

ગમે તેવા વજ્ર જેવા હૃદયોમાં આઘાતનાં કારી ઝખમો થયા વિના રહેતા નથી.

સાધુની આસપાસનો વાયરો પુરજોસમાં ભમરી સૌનો ગામની શેરીએ શેરીએ અવાજ કરવા લાગ્યો " ઓ નરનારીઓ ! જાગો છો કોઇ ? આ એક સાધુ છે. સાધુ એટલે જગતની જંજાળથી મુક્ત, કંચન અને કામીનીના ત્યાગી, નિસ્વાર્થી અને નિસ્પૃહ વ્યક્તિ, એમનાં સિદ્ધાંતો વજ્રની કો લોઢી દિવાલો કરતાંય મજબુત હોય, હૃદયમાં મારવા કરતાં પરકાજે મરવાની ઇચ્છા પ્રતિપળે જાગૃત હોય. તેમના આત્માની પવિત્રતા આગળ જગતનાં મહારથીઓનાંયે મસ્તક નમે, આખી દુનીયામાં અંધારૂં હોય છતાંય તેમનાં હૃદયાકાશોમાં તારાઓ પૂર્ણ તેજમાં તગતગે—હરહંમેશ ચમકી રહે ! એવા સાધુરાજ તારે આંગણે ભિક્ષા માટે અહાલેક જગાવતા ઉભા છે. કોઇ બારી બારણામાંથી ડોકું કાઢી તેની આકૃતિ તો જુઓ ! પ્રભુનાં નામ જેટલી પવિત્ર આકૃતિ આત્મશુદ્ધિનાં ગર્ભમાં બેઠાં બેઠાં મુખારવિંદની મીઠી છોલો પ્રેક્ષકના ચિત્તને શાંતિ આપે છે. તે આજની વિહ્વળ દશામાં જીવનનાં પાનીયાં ઉકેલતો ધસ્યે જાય છે. પોતાના આત્માના અપ્રકટ અને દર્દભર્યાં સંગીતને ઉન્હા ધગધગતાં વાયરામાં વેરતો, તૃષા, ક્ષુધા અને તડકાની વેદનાથી બચવા ફાંફા મારે છે. ઓ ભૂમંડળના પ્રવાસીઓ ! તમારા ભોજનાલયો ઉઘાડો, દિવાનખાના ખાલી કરો. શું ઉંઘો છો ? એમનાં પનોતા પગલાની પદધુલીમાં ન્હાઇને પવિત્ર બનો ! "

-

ષ્યની આંતરતૃષા જેવા બપોરના ધુમ તડકામાં સાધુના
યમાં ભૂતકાળનાં વૈભવોનું ચિત્ર ખડું થયું. પળ પળ જતાં
વ્યગ્રતાના વધુને વધુ થર જામતા જાય. એટલામાં સાધુની
ાંખ દૂરની એક જગ્યાપર પડી. તેના દીલમાં નવી શ્રદ્ધાને
ામાં નવું જોશ આવ્યું. સળગાવી મૂકનારી તડકાની જ્વાળાથી
ચવા બારીનાં પડતાં છાંયા નીચે દોડી જઇ ઉભા ! હાશ.
હાશ " કહી વિરમ્યા.

મીનીટ બે મીનીટ ઉભા, એટલામાં તે બારીના ગોખપરથી
ા મનોહર આંખો તે યુવાન સૌંદર્યસંપન્ન મુનિને ધારી ધારીને
તવા લાગી. પ્રેમકુંજના જાદુગરણ હોય તેમ સાધુના પ્રત્યેક
અંગ ઉપર આતુરતાની આંખ નિરખવા લાગી. એ આંખોમાં
મેનકાનો મદ હતો. ઋષીવરોનાં મન ચળાવવાની મોહકતા
હતી. સાધુ તરફ વાસનામય પ્રેમનો ફૂવારો ઉડાડવા લાગી.
પ્રારબ્ધનાં દુનાયાનું જાણે તેને રત્ન સાંપડ્યું હોય તેમ ફૂલાતી
ફૂલાતી બારી નીચે એકી ટશે જોવા માંડી. યૌવન છલકાતી એ
સુંદરીના અંગેઅંગમાં લાલીત્ય હતું. ચ્હેરાની પ્રત્યેક રેખામાં
આકર્ષણ હતુ. ચ્હેરા ઉપર શાંતિ હતી. પણ વાસનાની છોરીએ
અશાંતિ પ્રેરી છે. અનેક તરૂણોનાં જડ મૂડદાંને પણ ચેતનઅર્થે
એવા કાંતિવાન દેહ સાધુની સૌંદર્યતા દેખી વિષય અગ્નીની
જ્વાળા પ્રગટી છે. કામાંધ થઇ પતિદેવનાં પરદેશ ગમનનો લાભ
લઇ એ સુંદરી અરણીકને ઉપર બોલાવી લાવવા દાસીને
બોલાવે :

" પ્રિય સખી ! આમ જો તો ખરી, આ સાધુના દર્શન માત્રથી હૃદયને શાંતત્વન મળતું હોય તેવું પ્રત્યક્ષ અનુભવાય છે. જો જો તેનાં એકેક અંગપર શણગાર નથી કે ભભકાભર્યા કપડાં નથી, અને વળી સૌ અંગ ઉપર ધુળ લાગી છતાંય કેવા સુંદર જણાય છે ? મ્હારી આંખ એના પરથી ખસતી નથી. ઉલટી રૂંવે રૂંવે ફરી વળે છે. " પતીદેવ " તો બબ્બે વર્ષોથી દેશાવર ખેડે છે અને આ યુવાની અકાળે કરમાય છે શું મારે હવે તે યૌવન-વેલને કરમાવા દેવી પડશે ? જા જા જલ્દી જા એ સાધુને ઝાપટ ઉપર વ્હોરવાના " મીશે "–બ્હાને તેડી લાવ. " વિષયજ્વાલાથી પીડાતી એ સુંદરીના હૃદયમાંથી શબ્દો વિના સંકોચે સરી પડયા.

બ્હેન ! પણ એતો સાધુ ત્યાગી બાવા છે ને આપણે સંસારીઓનો મેળ કેમ મળશે. ! " દાસીએ સુંદરીને વ્યક્ત કર્યું.

સખી ! એ સાધુનેયે કોઇએ ચડાવ્યા લાગે છે આવું સૌંદર્યમય જીવન આમ રખડપટ્ટામાં વેડફાતું હશે કે ? એવાઓને બચાવવા એ પણ આપણો " ધર્મ " છે ને ? " ધર્મની ફરજ બજાવવાનો ડોળ કરતી સુંદરીએ પોતાની વાસના સંતોષવા માટે દાસીને તુરત જવાને ઇશારત કરી. દાસી તો " વાહ પરોપકાર પુરાણ " કહેતાં ધબધબ દાદરો ઉતરતી સાધુની પાસે આવીઉભી.

" સાહેબ ! જરા વહોરવા પધારશો કે ? " વહોરવાનું નામ સાંભળતા ક્ષુધા પીડીત મુનિએ " વર્તમાન જોગ " કહી

[illegible]ચલ થનારના હૃદય જેવો પથરાયો છે. મનમાંને મનમાં વિચા-
રવા લાગી કે કામદેવને ઉદ્દીપન કરનારા ઔષધોથી મિશ્રીત, સુગંધ, મધુર અને જોવા માત્રથીજ વિકાર ઉત્પન્ન કરે તેવો આહાર આપીને વશ કરૂં! આ બધું એકાદ મીનીટમાં સ્વપ્ન-
ની માફક સરી ગયું.

" દાસી " જાળ બીછાવવા માટે કામદેવને તૃપ્ત કરનારા મોદકો મંગાવતા તેણી બોલવા લાગી. "જા, પેલા ઓરડા-
માંથી મોદક લાવ ભલાભાવથી આ સાધુરાજને વહોરાવીએ" [illegible] તુરત "કામ" ને ઉત્તેજન આપે તેવા મોદકનો થાળ લઇ આવી. સુંદરીએ થાળ હાથમાં લઇને પોતાની મનોવાંછના સિદ્ધ કરવા માટે લાડુ વહોરાવવા માંડ્યા. સાધુ [illegible] અને મુખથી બહાવરા બનેલા હોવાથી [illegible] લાગી કરે છે. લાડુ વહોર્યા. સાધુ-
[illegible] થી એજ મકાનના બીજા ભાગમાં [illegible] કરતાં ફરતાં તેમના ગાત્રો-
[illegible] ભોગવવાની ઇચ્છા પણ [illegible] માં સાધુ મકાન પરથી [illegible] રસ્તા રોકી મોદક [illegible] કર્યું. સાધુને ભાવતું [illegible]

[illegible] કરતા જ્ઞાનદિવસો [illegible] કે જ્ઞાનજ્યોતના [illegible]

વિહારની વિહારભૂમિરૂપ આ યૌવનકાળમાં તમે આ જાધા શા ચાળા આદરી બેઠા છો ? જરા વિચારો તો ખરા કે આ ખીલતું યૌવન અશુદ્ધ પરિસ્દ્ધ રૂપી કુહાડવડે વૃક્ષની માફક ઉન્મુલન કરવામાં શો સાર જુઓ છો ? મને તો તમારી મૂર્ખતા માટે દયા આવે છે કે જીવનનો " અમૃત " હાજ આપીને જ્યાં દલવાણ ત્યાં મરૂભૂમિ જેવી શુષ્કતા સમજવાની બુદ્ધિ આપને ક્યાંથી સુઝી ? કોઈએ આપને ભરમાવ્યા જણાય છે. નહિતર આ કાચી કળી જેવી કોમળ વયમાં અખંડ વૈરાગ્યનું-કઠીણ જીવન ગાળવાનું નજ સ્વીકારો ! " ઉપદેશકની માફક સાધુને જાણે ભૂલેલાં માર્ગનો પથ બતાવતી હોય તેમ મેંદીના પાનથી રંગેલા હાથો ઉછાળતી અભિનય સહિત બોલવા લાગી. એનો અવાજ એવો મોહક અને આકર્ષક હતો કે પ્રતિસ્પર્દ્ધિઓ પણ પળવારમાં હીણમૂઢ થઈ જાય, મોતીની માળા તૂટે અને મોતી વેરાય તેમ શબ્દો બોલી રહી. સાધુનાં હૃદયમાં પણ તે શબ્દો એક પછી એક સોંસરા પેસી ગયા. તેના દિલમાં મંથન ચાલ્યું, હૃદય નિર્બળતાની ટોચે આવવા લાગ્યું. તેની આંખ સામે બે વસ્તુઓ એકી વખતે તરવરી રહી હતી. એક ધગધગતા અંગાર સમ વરસતા મધ્યાન્હમાં તડકા નીચેનો વિહાર ભૂખ અને તૃષાની વેદના, શરીરની કોમળતામાં રહેલી અસહિષ્ણુવૃત્તિ અને બીજી બાજુ શાંત શીતળ છાંયડી જેવો મહાલય, ભૂખ અને તૃષા, છીપાવનારા અસંખ્ય સાધનો અને યુવાનીનો " ખરો ઉપયોગ " કરવાનું

મારીને નકામાં કષ્ટ વ્હોરવામાં તદ્દન મૂર્ખતા છે." વજ્ર હૈયાને પણ પીગાળી નાંખે તેવા તેનાં શબ્દો એક પછી એક સરવા લાગ્યા, સાધુનાં તપેલા દીલને જરા શાંત્વન મલ્યું ટાઢથી થરથરતા દીલને હુંફ મળે અને અગ્નીથી બળતા શરીરને જળમળે તેમ તેણીનાં શબ્દો પાછળ તેની મનોદશાનું વ્હેણુ પુરપાટ ચાલ્યું. અનેક દુઃખોથી ઘેરાયેલા તેના જીવનાકાશમાં અખંડ જયોતિર્મય સૂર્ય પ્રગટતો દેખાયો દિક્ષાથી ડુબી ગયેલો હોય તેવા અરસામાં તેને નાવીક મળતાં આખો જીવનસાગર તરી જવાની જાંખી થઇ.

"ઠીક, ચાલો દિક્ષા છોડી દઇએ પણ પછી હવે મારે રહેવું ક્યાં? મ્હારા રાજ્યમાં જાઉ તો મ્હારી પ્રજા મને ધિક્કારે, મ્હારી સામે આંગળી ચીંધી મને નિર્બળ કહીને તીરસ્કારે, મ્હારા સગાં વ્હાલાઓ મને શા હિસાબે સંઘરે? મ્હારો વિશ્વાસ કોણ રાખે!" બોલતાં બોલતાં સાધુની આંખોમાં ફીકાશ આવી.

"અરે! એમાં કશું ફીકર કરવા જેવું નથી. શા માટે રાજ્ય કે સગાંવ્હાલાંની સ્હાયે જવું જોઇએ? હું આપની સેવામાં સદાને માટે હાજર રહીશ. મને પણ મ્હારા જોબન રસને પીનાર આપના જેવા પિપાસુની જરૂર હતી. આપ સુખેથી અહિં રહો આટલા દિવસ જે શુદ્ધ ભાવથી તમે દિક્ષા પાળી તેનું આ પ્રત્યક્ષ ફલ માનો મને લાગે છે કે મ્હારો ને આપનો સંયોગ કોઈ પૂર્વકાળનાં પૂણ્યથી જ થયો હશે ચાલો હવે તો દિવાન-

વાંચક ! ગુલાબનું પુષ્પ તો તેં જીવનમાં એકાદવાર જોયુંજ હશે. એ કેટલું સુમધુર અને સુગંધ ભર્યું ફૂલ છે ? પણ એ ગુલાબ ગટરમાં પડે તો ? કલ્પનાની એરણ પર એકાદ મીનીટ બેસી જા ભલા ! એ ફૂલનાં મૂલ તારી મનોસૃષ્ટીમાં હવે કેવા અંકાય છે ? માનવ એ તો જગત પરનું સુંદરમાં સુંદર ગુલાબ છે. એ ગુલાબ ગટરને રસ્તે જાય છે, ત્યારે તેમની દયાજનક સ્થીતિ માટે એકાદ બે આંસુ સારજે. તું સુજાન હો તો સમજજે કે યૌવનની શરૂઆત રંગ, ને ગંધ, સૌંદર્ય અને સંગીતની માયાજાળથી શરૂ થાય છે. મહરાગના દ્વારે વારંવાર અથડા અથડી થશે. પૌદગલીક વૈભવ અને ક્ષણીક આનંદમાં જમાનાનાં સુખ દેખાડનારા અંકુરો ભરમાવશે હૃદયમાં રહેલો પાવન પવિત્ર જીવન દેવતા પલાયન થશે. જીવનનો સાચો આનંદ વેરાઇ જશે. એ માયા ક્ષણવાર મનને અવનવા ખેલો બતાવી મોહ પમાડે. હૃદયનું વિદારણ કરે. માનવીને યૌવનનો ગુલામ બનાવે અને તેનું આદર્શ જીવન ચુસી લેવા પોતાનું મશીન ચોવીશે કલાક ચાલુ રાખે છે. અને આખરે સૌંદર્ય અને માયાની અગ્નીશિખામાં પ્રાણ હોમવાની તૈયારી પણ કરાવે છે. સાવધ રહેજે ! એ અટવીમાં ભૂલો પડયો, તો સદાને માટે ઝુરી ઝુરી મરશે.

અરણીકને ત્યાં બાલ્યકાળમાં રાજ્ય અને સંપત્તી વૈભવ અને વિલાસનાં અનેક સાધનો હોવા છતાં વૈરાગ્યની લગની લાગી. વૈરાગ્ય લીધો અમુક વર્ષ પાળ્યો. અને માત્ર એકજ

દિવસના કષ્ટથી કંટાળીને " વૈરાગ્યવેશ " ને તીલાંજલી આપી. આ સહુ સમય અને સ્થળની બલીહારી છે. વિલાસપ્રિય નેત્રો પાર્થીવ પદાર્થો જોતાં ધરાતા નથી. એ પદાર્થોનું ઉન્માદભર્યું આકર્ષણ એવું તો આકર્ષે છે કે તે વખતે મનુષ્ય પોતાના પોતાપણાને ભુલી જાય છે, એ આકર્ષણનું હોવાજ તેને ખેલવાની દુનીયા બને છે. તેનાં સિવાય બીજી કોઇ સુંદર સૃષ્ટી હશે કે કેમ એનું ભાન પણ ભુલી જવાય છે. આવી રીતે વાસના રૂપી બા- [illegible] મનને સતાવવામાં બાકી રાખતો નથી. એક વખતના [illegible] બનાવે છે. તેનાં જીવનની સર્વ [illegible] પાર્થીવ પદાર્થોમાં રોકાવે છે. ને એક દિવસ તે એવું દેવાળું કાઢે છે કે આખરે ગંદીગંદની માફક પોકેપોક મૂકીને તેનાં [illegible] રડાવે છે

× × ×

[illegible]

લાગતી નથી. ખળખળ વ્હેતા ઝરા આજુબાજુ અભેદ્ય દિવાલો બંધાય કે બાંધેલાં નીરો આડા અવળાં કાંટાઓ દ્વારા વહી જાય છે.

જંગલ સુનું પડ્યું છે. પિતાના મરણ પછી પુત્રે તેમની ગાદી વેચી નાખી છે. આજુબાજુના પ્રદેશમાં રહેતાં બીજા સાધુ સન્યાસીઓની જાણમાં આવ્યું કે " અરણીક કેમ દેખાતો નથી? કદાચ ગામમાં વહોરવા ગયો. હશે. " આમ વિચાર કરી પાછા ફરતા હતા. પણ અરણીક ક્યાંથી પાછા ફરે ?

ગામેગામ ને શહેરે શહેર તપાસ કરાવી. પણ કોઇ સ્થળેથી અરણીકનો પત્તો ન મળ્યો તે સાધુઓ વિચરતા વિચરતા એકદિન અરણીકની માતાજી કે જે સાધ્વી દશામાં આત્મસાધના કરી રહી છે તેમને મળ્યા અરણીકનાં ગુમ થવાની વાત કરી. માતા ધબકી ઉઠી.

માતા ભલે સાધવી હો કે ગૃહસ્થી હો બન્ને ક્ષેત્રોમાં તેનો પ્રેમ સરખોને અખુટ છે એનાં મધુરા અમૃત કોણે પૂર્ણ પીધાં છે ? માતા એટલે ગમે તેવા વિઘ્નો વચ્ચે પુત્રકાજે મરી પડનાર પ્રેમાળ પીંડ, માતા એટલે સપુત્રના યાત્રાનું પ્રથમ ધામ, માતા એટલે પુત્રનું આભમાંથી આમંત્રણ આવે તો તેની દુઃખી સ્થીતિ જોઇ પોતાનાં લાખો સુખોને પલ પળવારમાં તુચ્છકારી પુત્ર પાસે જવા ધમપછાડા કરનારી ગાંડી વ્યકતી, મધરાતનાં અંધકાર વચ્ચે કે ઘુઘવાટ કરતા મહાસાગરની વચ્ચેથી પોતાના પુત્રને બચાવી લેવાની આશાએ સાહસ ખેડનાર

વિરાંગના, કોઇ કપુત પુત્રના હાથે માર ખાવા છતાંય તેનાં સંકટ સમયે ખભાપર હાથ ફેરવી ફુલના પરિમલ જેવા શબ્દે “ બેટા” કહી આશ્વાસનનાં વાકયો ઉચ્ચારનાર દેવી. માતા એ તો પુત્રનું અજવાળું એના અજવાળામાં પુત્ર વિચરે છે. એના મુખડે જામેલી મીઠાશમાં ડુબકી મારી આનંદ લે છે. પૃથ્વીના કોઇ સ્થળે એ વ્હાલ માતાના સિવાય બીજામાં દેખાતું નથી. વિનાશ કાળનાં વાયરામાં ઉભેલાં પુત્રને પણ અણીના સમયે તેની આંખોં કોઇ અદૃશ્ય સ્હાય કરતું જોઇને પ્રેરણા પામી હરખાય. માતામાં પ્રેમનું અમૃત રગેરગે વહ્યું છે. એ પ્રેમનાં છલોછલ ઉભરાતા સરોવર ઠાલવ્યા ઠલવાય જ નહિં પુત્રના ગમે તેટલા ગુન્હા છતાં સમુદ્રની જેમ ઘુંટડો કરી પી જનાર પણ એકજ માતા છે.

માતૃ પ્રેમથી ખેંચાતી માતા પોતાના સંસારી પુત્ર–સાધુ અરણીકની શોધ માટે જંગલે જંગલ ને ગામે ગામ ભટકવા લાગી. શેરીએ શેરીએ પોકાર કરે છે બાપુ! કોઇએ મ્હારા અરણીકને દીઠો અરણીક ઓ અરણીક! ભૂતની માફક ઠેરઠેર ઘુમે છે વૃદ્ધાવસ્થાની ટોચપર હોવાથી ન છુટકે વિશ્રામ લે ને પાછી તુરત દોડે છે આંખોમાં શ્રાવણ ભાદરવાનાં નીર ઉભરાય છે હૈયું ભરાય છે મોટેથી વિલાપ કરે છે અરણીક, અરણીક, તું કયાં છે?” આજકાલ લોકોને મન આ પોકાર કુતુહલનો વિષય બન્યો છે કોઇ હસે છે કોઇ તેણીની મશ્કરી કરે છે કોઇ આડા ને ઉંધા જવાબ વાળે છે. “ હા જો બોલ્યો, જો બોલ્યો ” જેવી ભ્રમણા થતાં ઘ-

ઘડીમાં આ દિશાએ ને ઘડીમાં પેલી દિશાએ દોડે છે. એનાં જ ક
ચ્હેરાપર પડેલી કરચલીઓ જાણે પુત્ર વિરહની વેદના બતાવે છે.
અને પેટમાં ક્ષુધા અને તૃષા લાગી છે. પુત્ર વિનાનું ભાણું ઝેર
સમાન હોવાથી આમતેમ રખડવાનો ઉદ્યમ આદર્યો છે. ઓ
માતા જગત પુત્રોનાં તને અનેક વંદન હો!

અશક્ત શરીર તે કેટલું દોડી શકે? મધ્યાહ્નના તડકા સૂર્યમાં દોડતાં તેની આંખો બહાર નીકળવા લાગી. રહ્યું સહ્યું ચેતન નીતરી ગયું. બબ્બે વખત મૂર્છા આવતાં બેભાન દશામાં પડી ગઇ! ઘડિ બે ઘડીમાં શુદ્ધિ આવતાં પાછું દોડવું શરૂ કર્યું. વૃદ્ધાવસ્થામાં દોડવું એટલે જનસમૂહની મશ્કરીનું પાત્ર બનવું જ ને! લોકો હસે છે. છતાંય માતા "પુત્ર પુત્ર" કરી રોટે છે. કવીઓએ માતૃપ્રેમને સાચેજ વર્ણવ્યો છે કે, માતા એ તો મીઠાં અમૃતભર્યાં નીરની ભરી ભરી વીરડી છે. જેમ તેટલી ઉલેચીએ તોય વીરડી ભરીને ભરી જ!

સૂર્યનાં ઉષ્ણ કીરણોમાં કે રજનીનાં ઘોર અંધકારમાં એ માતાના ચક્ષુઓ પુત્રને ઢુંઢતા ઢુંઢતા થાકી ગયા. ઉન્હાળાની અગ્નિ વરસતી લૂમાં પુત્રની ઝંખના કરતા વિશાળ વેરાનોમાં, ઘાડીઝાડીઓમાં કે નિર્જનએકાંતોની ભયંકરતામાં એ માતાનાં ચરણો પુત્રની શોધ માટે ભમ્યા કરે છે. ઉંચેથી સાદ પાડે છે. "ઓ અરણીક! બાપુ ક્યાં ગયો?" દીશાઓમાંથી માગ પડઘા પડી રહ્યા છતાંય માતાનો પ્રવાસ ચાલુ રહે.

આખરે રખડપાટી પુરી થતાં એક દિવસે તેણીએ પોતાના પુત્ર જેવી આકૃતીને એક રાજમંદિર સમા મહાલયમાં પેઢી મનોહર દેવાંગના સાથે સોગઠે રમતાં જોઇ શંકા આવી " શું એ મ્હારો આ પુત્ર હોય! પણ રે! શું મ્હારી આંખોએ અંધારા તો નથી આવ્યાને? ના. ના. એ મુખડું મ્હારા પુત્રનુંજ. એ કાંતી–એ તેજ એ લાવણ્યતા એજ સરખી. પણ ભુલ થતી હોય તો?" આમ વિચારમાં ને વિચારમાં એ બારીના ગોખ નીચે ઉભી રહી. લળી લળી પુત્રનું મુખ જોતી તેની વાણી સાંભળવાની ઇચ્છાએ કાનોને તીવ્ર બનાવ્યા. હા. એજ સબ્દ એજ વાણી મ્હારો પુત્ર બીચારો દિક્ષાના પરિષહથી કંટાળીને અહિં વૈભવ ભોગવતો જણાય છે વિચારી હિંમત ધારી મોટેથી બુમ મારી ' અરણીક! અરણીક! ઓ અરણીક! બાપુ અહીં ક્યાંથી!"

અરણીક ચમકયો બીજા સોગઠાને મારવા ઉગામેલુ સોગઠુ અમનું એમ હાથમાં ઉંચુ લટકી રહ્યું સુંદરી તેની સામુ ધારી ધારી જોવા લાગી " શું વિચારમાં પડયા! ચાલો ચાલો!" તેણીએ સોગઠા બાજીની રમતના કેફમાં શબ્દો ઉચાર્યા. એટલામાં ફરીથી બુમ આવી " અરણીક! ઓ! અરણીક"

માતાની જેવો કંઇક પરિચીત સ્વર આવતાં પુત્રનું દીલ એક બાજુ આનંદ અને બીજી બાજુ ગમગીનીના વંટોળીએ ચડયું. નીચે ડોકીયું કર્યું. સાચેજ માતા દેખાણી " માતા! આવો " કહી તે બારીથી નીચે ઉતરી માતા પાસે આવી ઉભો

માતાએ તુરત પોતાનો બધો શ્વાસ એકઠો કરી પુત્રના મસ્તક પર હાથ ફેરવી બોલવું શરૂ કર્યું.

" અરણીક ! આવ બેટા આવ. એક વખત ત્હારી વૃદ્ધમાતાને આલીંગન આપ "ભાઇ તું અહીં કયાંથી ?" બોલતાં બોલતાં માતાની આખમાંથી હર્ષનાં આંસુ ટપકયા એ અશ્રુ પોતાની મૌન વાણીમાંસરતાં સરતાં અરણીકના વૈભવી હૃદયને પ્રક્ષાલવા લાગ્યું તેના દિલમાં ધડપછાડ થવા માંડી માતાને શું જવાબ આપવો એ વિચારમાં મગજ ચકડોળે ચડયું. ચ્હેરાપર ગ્લાની આવી તેની આંખોમાં એક ગુનેહગારની માફક દિનતા તરવરી રહી. શું બોલવું એ તેને ન સુઝ્યું છેવટે ગળગળા થતાંઃઅધતૂટયા શબ્દોમાં જવાબ આપ્યો માતાજી ! કર્મે લાગેલા લેખ ભોગવું છું " નયનોમાંથી અશ્રુની ધારા ચાલી.

" પુત્ર !" માતાએ તેના આંસુ લુછતાં લુછતાં જણાવ્યું " ભાઇ ! હું તને પહેલેથી કહેતી હતી કે ચારિત્ર તો ખાંડાની ધાર છે તેના પગલે પગલે ધગધગતા અગ્ની વચ્ચેથી પસાર થવાની પ્રતિજ્ઞાઓ આલેખાયેલી છે. એ કોઇ બગીચો કે ફુલવાડી નથી કે કોમળ પુષ્પોની શય્યા રૂપ બની રહે. એ વૃત મહાન છે તેનું સાધ્ય-લક્ષ પણ તેથીયે મહાન છે મહાન પદની પ્રગતિ આમ અનાયાસે ન થાય. ચારિત્ર એ તો મહા અમૂલું રત્ન છે તેને આમ કાંકરાની માફક ને કર્મના લખેલા લેખને આધીન થઇ ફેંકી દીધુ. રે ! ચિંતામણી રત્ન તેં ગુમાવી દીધું ". એક મધુરી માતા અને પુત્રનો સાધુ દશામાં થયેલો આ યોગ કોઇ

વિરલ હતો. માતાએ પુત્રની ભુલો બતાવીને ઠેકાણે લાવવા પ્રયત્ન આદર્યો. પુત્રનાં દિલમાં તેણીનાં શબ્દોએ ઉંડી અસર કરી. પુત્રને પોતાની જાત પર ફીટકાર છુટયો. જીંદગીનાં ઘણાં વર્ષો એશ આરામ, ગુલ્તાન અને ઇશ્કની ગેલછામાં ગુમાવ્યા બદલ, પશ્ચાતાપનો અગ્ની ધુંધવાઈ રહ્યો. પોતાના જીવનનો વ્યય સ્થૂલ વાસનાની તૃપ્તી પાછળ થતો જોઇ તેનું દીલ ચીરાવા લાગ્યું. એ ગુન્હો તેને અક્ષમ્ય જણાયો. દિલમાં મંથન ચાલ્યું. બે ઘડી મૌન રહ્યો.

“ અરણીક! કેમ કાંઇ બોલતો નથી? ઉલ્લાસપૂર્વક ચારિત્ર લઈ માતાની કુખ ઉજવાળનાર તારા જેવા પુત્ર પાસેથી શું હું આવીજ આશા રાખું કે? તારો આત્મા એક વખત જે ચારિ-ત્રનાં ભક્તિ મંદિરમાં આનંદથી પેઠો હતો તે શું આજ વિલાસમંદિરથી સંતોષાશે કે? ચિંતા ન કર! મોટા મોટા મહંતોની પણ તપશ્ચર્યા ઘણીવાર તુટી છે ચાલ ભાઇ ફરીથી તેને સાંધીએ.” માતાએ પુત્રનો હાથ પકડ્યો, પુત્રે બે હાથ ભેગા કરી હાથ જોડી માતાને નમન કર્યું. શરમાતા દુઃખાતા દીલે પોતાની કંગાળ સ્થીતિનું તાદ્દશ્ય સ્વરૂપ જોઇને કરૂણ સ્વરે બોલ્યો.

“ માતાજી! સાધ્વીજી! ક્ષમા કરો, મ્હારા દુષ્કર્મન મને એક વખત તો જરૂર માફી આપો. અલ્પ દુઃખથી કંટાળી ક્ષણીક સુખના મોહમાં હું ભૂલો પડયો, આ સ્ત્રીના સૌંદર્યથ ચારિત્રને કલંકીત કરી હું ભ્રષ્ટ થયો. માતાજી! મૂક્તિન

શુભને [illegible] કે [illegible]
[illegible]
[illegible] " [illegible]
[illegible]

આત્માએ [illegible] કે [illegible]
સુંદર [illegible]
અભિલાષા છે. [illegible] અને [illegible]
પછી તેને [illegible] છે, [illegible]
કાંઈ હું પણ સાધુ ધર્મની [illegible]
[illegible] દિવસો દિવસ [illegible]...... " [illegible].

" અરેરે ! વિજય ! [illegible] ને આ શું કર્યું ! [illegible] માતાને-વૃદ્ધ માતાને પણ આટલું દુઃખ દીધું ! [illegible] કરી આજ હું આપણા પાપમાં ભરાયો છું. [illegible] શું [illegible] થયો એ મહાન પાપ અને બીજું આપને મ્હારે [illegible] કરાવ્યાનું ગંભીર પાપ ! " માતાએ તેનો હાથ પકડી [illegible] સૂચવ્યું. પુત્ર પોક પોક રોવા માંડ્યો " ચાલ આઈ ! "

" ક્યાં માતાજી ! "

" ચારિત્ર લેવા ! "

" માતાજી ! એ પણ.........................."

" પણ શું ? હમણાં બહાર ચાલ પછી બધી વાત હું સાંભળીશ." ગોખમાં બેઠેલી સુંદરી બધી વાતચીત શાંત

કર્યું. ગુરૂ તથા માતા જોઇ જ રહ્યા. અરણીક મૂર્તિની કા
બહુજ સુકોમળ હોવાથી થોડીવારમાંજ મૃત્યુ પામીને તે
સ્વર્ગે સીધાવ્યા.

ધન્ય છે! આવા ત્યાગી મહાત્માઓને, કે વૈભવનાં
ઉછાળામાં પણ માતાની કુખને ઓળખી, પોતાનું જીવન શા
માટે નિર્માયું છે તે સંપૂર્ણ સમજી ચારિત્રની ક્રિયાઓ સુકોમ
શરીરે નહિ થવાથી સ્વેચ્છાએ આત્માની સાખે દેહને વો
રાવ્યો. સદાને માટે તેના પરથી મમતા તજી. ધન્ય હો, આ
મહાપુરૂષને!

